# કુમાર



અંક
૯૩

ભાદરવો · ઓગણીસસો સત્યાશી



આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

# નવું 'કુમાર' વાચન

આ મથાળા નીચે અવારનવાર ઊગતી પ્રજાને વાંચવા યોગ્ય નવાં બહાર પડતાં પુસ્તકોની યાદી પ્રગટ થશે.

**મોતીનાં તોરણ** (ભાગ ૧—તોરણ વિભાગ ભાગ ૨ પડદા વિભાગ.) એકેએક નમૂનાના ચિત્ર સાથે. યોજક તથા પ્રકાશક કરસનજી જીવરાજ મોતીવાળા અને કં. ઢીકવા ચોકી, અમદાવાદ. દરેક ભાગની કિં. રૂા. ૧–૦–૦

**સીતાહરણ** (નાટક) લેખક : શ્રી મણિલાલ છબારામ ભટ્ટ; સોલ એજન્ટ : હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર, પાનકોરનાકા અમદાવાદ. કિં. ૦–૧૨–૦

**રજની** (બંકિમબાબુ કૃત નવલકથા) ત્રણ ચિત્રો સાથે. લેખક: મોહનલાલ મકનદાસ મહેતા તથા ભગવાનલાલ ગિરિજાશંકર ભટ્ટ, પ્રકાશક : મૂળશંકર સોમનાથ ભટ્ટ, નંદભુવન, રાવપુરા, વડોદરા. ૧–૦–૦

**વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણભાઇ** ગુજરાતના આદ્ય અને સમર્થ વનસ્પતિશાસ્ત્રીનું વિસ્તૃત ને પ્રેરક ચરિત્ર : લેખક–પ્રકાશક બાપાલાલ ગરબડદાસ વૈદ્ય, હાંસોટ–અંકલેશ્વર થઇને ૧–૮–૦

**નવી ગરબાવળી** લેખક: ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ, પ્રકાશક બાલોદ્યાન કાર્યાલય વડોદરા. ૦–૪–૦


## કુમાર

ભાદરવો — ૧૯૯૭ — અંક ૯૩





**તંત્રી** રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.





**લવાજમ** વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

**જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ** મેસર્સ રાવલ બ્રધર્સ મૂળજી જેઠા બિલ્ડિંગ પ્રિન્સેસ સ્ટ્રીટ

ભાદરવો · ઓગણીસ સો સત્યાશીનું **કુમાર** આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક

# ભરતી

[પૃથ્વી]

સહસ્રશત ઘોડલા અગમ પ્રાન્તથી નીકળ્યા,
અફાટ જલધિ પરે અદમ પાણીપન્થા ચડ્યા:
હણે—હણુહણે, વિતાન, જગ, દિગ્ગજો ધ્રૂજતાં:
ઊડે ધવલ ફેન શી વિખર કેશવાળી—છટા:

ત્રિભંગ કરી ડોકના, સકળ શ્વાસ ભેગા કરી,
ઉછાળી નવ દેહ, અશ્વ ધમતા પડી—ઊપડી:
દિશા સકળમાં ભમી, ક્ષિતિજ હાથતાળી દઇ,
પડંત પડછંદ વિશ્વભર ડાબલા ઉચ્ચરી:

કરાળ થર ભેખડે, જગત કાંઠડે કારમા,
પછાડી મદમસ્ત ઠીંક, શિર રક્તના વારણા:
ધસી જગત ખૂંદશે ? અવનિ અભ ભેગાં થશે ?
ધડોધડ પડી—ખરી ગગનગુંબજો તૂટશે ?

ઉરે ય ભરતી ચડે, અદમ અશ્વ કૂદી રહે !
દિશાવિજયકૂચના કદમ ગાજતા ઊપડે !

કૃષ્ણલાલ શ્રીધરાણી




પૂ. ગાંધીજીની ઇંગ્લંડની મુલાકાત ઉપર આજ સારા યે ભારતવર્ષની નજર મંડાઈ રહી છે. ઇંગ્લંડ તેને પિછાને કે ન પિછાને, તેની આધ્યાત્મિકતાની કદર કરે કે ન કરે, પણ જગતના તત્ત્વચિંતકોએ અને વિદ્વાનોએ તો તેને શાંતિ અને સમાધાનીના ઋષિવરનું બિરદ આપ્યું છે. જગતના આદ્ય સિદ્ધાંતોના સ્થાપકો અને શોધકોની તપસ્યાથી માનવસમાજ આગળ વધતો જ આવ્યો છે. પણ જ્યાં સુધી એકબીજાના વિવાદો પતાવવાને મારફાડ અને શસ્ત્રબળના પ્રયોગોને પ્રજાઓ નિભાવી રહી છે ત્યાં સુધી તેમની આખી યે સંસ્કૃતિનું મોં કાળું બનેલું દેખાય છે. ગાંધીજીની અવિચળ શ્રદ્ધા છે કે સંસ્કૃતિનું એ કલંક દૂર કરવા સ્વાર્પણ સત્ય અને પ્રેમ જ જગતના વ્યવહારમાં અનિવાર્ય તત્ત્વો તરીકે સ્વીકારાવાં જોઇએ. હજી સુધી તેમનો એ દાવો અડગ ઊભો છે.

એ દાવો માત્ર શબ્દોનો નથી. પોતાના હૃદયના ઊંડા નિગ્રહો ને કઠોર અનુભવોમાંથી નીતારેલ શુદ્ધ દૈવી પ્રવાહ તે જગતમાં વહેવડાવી રહ્યા છે. ઇંગ્લંડના મુત્સદ્દીઓને તેમણે સંભળાવેલી સાફ સત્યભરી અને એક પણ ડંખ વિનાની હૃદયંગમ વાણીએ તેઓને સૌને અપૂર્વ વિચારમંથનની સામગ્રી આપી છે. માત્ર આપણા દુર્ભાગ્યે આપણા જ દેશબંધુઓ આવા વિશ્વવંદ્ય નરમણિના આદર્શોની એ એકતા સ્વીકારતાં કિંકર્તવ્ય બની ઊલટા વિરોધો ઊભા કરી રહ્યા છે. આપણા જ દેશમાં હજારો વર્ષથી સાથે રહેલી કોમો પરસ્પરના વિશ્વાસ અને સમભાવ કરતાં પરદેશની જાલિમ સત્તામાં વધુ ભક્તિ બતાવે છે. કદાચ આ બીના મહાત્માજીના સિદ્ધાંતોની સવિશેષ કસોટી પણ હોય. હજુ પણ

પ્રાર્થના એટલે દયાળુ પ્રભુ પાસે યાચના એવો ટૂંકો અર્થ કરીએ તોપણ હાથ જોડીને પ્રભુ પાસે યાચીએ એવું કરવામાં પ્રાર્થના નથી. આપણે પ્રત્યેક ક્ષણે આપણું કર્તવ્ય કરીએ એટલે તે કર્તવ્યને બળે આપણે પ્રભુ પાસે માગી શકીએ કે અમારી યોગ્યતા જોઈતું અમને ઘટારત આપ—પ્રત્યેક ક્ષણની યોગ્ય પ્રવૃતિ એ જ પ્રાર્થના—જીવનની નાનીમોટી પ્રવૃત્તિ જીવન અર્થેની છે ત્યાં સુધી તે પ્રાર્થના છે. (ગિજુભાઇ)

---

તાવણી બાકી હોય તેમ છેલ્લી ઘડીએ અપૂર્વ તકની વખતે પણ પાસા ઊંધા નાખવાની તેમની વૃત્તિ બહાર પડે એ જરૂરનું હોય. દરેકેદરેક તત્ત્વ દરેકેદરેક સિદ્ધિ તેના ઉપાસકની કસોટી કરાવ્યા વિના હાથમાં આવતી જ નથી. પાત્રતાની પૂરી પરીક્ષા જે પ્રજા આપી શકે છે તે જ સ્વતંત્રતા મેળવી ને ટકાવી શકે છે.

હિંદ એ સ્વતંત્રતાનું ઉમેદવાર હોય તો તેમાં તમે અને હું અને દરેક હિંદીજન આવી જઇએ છીએ. મુસલમાન, પારસી કે અંત્યજ તેમાં સમાઇ જઇએ છીએ. ગાંધીજી જે સિદ્ધાંતોમાં શ્રદ્ધા મેળવી મોખરે ચડયા છે તેમાં આપણે કેટલી દશાએ પહોંચ્યા છીએ તેનો દરેક જણ પોતે જ કયાસ કરી જુએ. એ સિદ્ધાંતો દ્વારા તેમના વ્યક્તિત્વનો તો સર્વત્ર દિગ્વિજય જ દેખાય છે. હિંદના આજ સુધીના સર્વ પ્રયોગોમાં તેમનો જ પ્રયોગ કસોટીમાંથી નીકળી સિદ્ધ ઇલાજ જણાયો છે; તો પછી પ્રજા માટે એટલું નિશ્ચિત છે કે તેમના સિદ્ધાંતો વધારે વ્યાપક કરી તે સર્વસુલભ વ્યવહારના રૂપમાં ઉતારે.

ગાંધીજીમાં ભારતના યુગપુરુષનું દર્શન થાય છે. હિંદદ્વારા જગતની અદૃશ્ય સત્તામાં અખૂટ ને નિશ્ચલ શ્રદ્ધા ને અપરિમિત પુરુષાર્થ તથા ચારિત્ર્યનું આવું ઉજ્જ્વલ દૃષ્ટાંત ઇતિહાસના ચોપડે કોઇક જ વાર નજરે પડશે. જગતના મહાન પરાક્રમીઓ, વીરો, શોધકો અને સાહસિકોની આત્મશક્તિઓ બુદ્ધ, મહાવીર કે ખિસ્તની આજુમાં ઊભા રહેવાની લાયકાત તેમને અપાવી શકી નથી. તે લાયકાત આજ ગાંધીજી માટે આખી દુનિયા સર્વતોમુખે સ્વીકારવા તૈયાર થઈ છે એ જ બતાવે છે કે જીવનવિકાસના મહામંત્રો તેમણે સાધી લીધા છે. આજે ભારતના સુપુત્રોને ઉચ્ચ મનુષ્યત્વની જરા પણ વાંછના હોય તો તેમણે તેની દીક્ષા માટે દૂર દેશમાં કે ઇતિહાસમાં શોધવા જવાની જરૂર નથી. આપણી સામે જ પુરુષોત્તમનો આદર્શ પ્રકટયો છે જેમાંથી દરેક જણ યથાશક્તિ આત્મસાધનાનાં મૌલિક તત્ત્વો મેળવી શકે તેમ છે.

ગાંધીજી જેવાં જીવનમંથન દરેકને સર્વસુલભ અને સુગમ્ય ન યે લાગે. પણ તેમની તરફ નજર રાખીને કોઇ પણ માણસ પોતાના જીવનમાં ઉત્સાહ અને પુરુષાર્થ પ્રકટાવી શકે. કોઇ પણ સ્થિતિમાં કોઇ પણ સાધન કે સંપત્તિ વિના પણ મનુષ્યને આગળ જવું હોય તો વૃદ્ધાવસ્થાપર્યંત તેને અવકાશ છે એ ગાંધીજીએ બતાવી આપ્યું છે. પરમ શાંતિ, સ્વાસ્થ્ય, જ્ઞાન, સુકીર્તિ, સ્નેહસિંચન અને સ્નેહપાત્રતા હમેશ માટે મનુષ્યમાત્રને સુલભ થઇ શકે એ આપણે જોયું. અને આપણે એ પણ જોયું કે નિર્ભયતા વિના સર્વ સુખો અસ્થિર બને છે. ભારતની જનતાને મારમાર થતા મેદાનમાં પાછી પીઠ નહિ કરવાનો,

નિર્ભયપણે સામો પડકાર કરવાનો અને અબળને સબળ થવાનો અધિકાર કોણે અપાવ્યો ? સામો શત્રુ હોય કે મિત્ર, સમય વિગ્રહનો હોય કે સંધિનો, ગમે તેની સામે ને ગમે તે સમયે જે પોતાનું સ્વાસ્થ્ય અને ઇશ્વરશ્રદ્ધા અજબ રીતે સાચવી રહ્યા છે તે વીરોના પણ શિરોમણિ છે, સંતોના પણ સંત છે.

ગાંધીજીએ જનમાત્રને ઉપકારક થાય એવી વાત તો એ સમજાવી કે તમે તમારા સ્વસ્થાનમાં સ્વાશ્રયી બની રહો. તમારાં ધનધાન્ય કે માલ માટે તમારે બીજા દેશો પર જરા પણ આશા ન રાખવી પડે એવા બનો. આપણી આજ સુધીની કેળવણીએ આપણને બધું જ પરદેશનું વાપરતાં શીખવી ભિખારી અને ગુલામ બનાવ્યા એ દશામાંથી બચવાને ગાંધીજી આપણને સ્વભૂમિનાં અમૃત સજીવ રાખી દેશના ખેડુત, ગરીબ અને બેકારને બચાવવાનું અર્થશાસ્ત્ર શીખવી રહ્યા છે.

અર્થશાસ્ત્રની વાત આવી એટલે ગાંધીજીના સમર્થ અનુયાયી શ્રી જોસેફ કુમારાપ્પાનું પ્રવચન યાદ આવે છે. તેમણે એક વાર કહ્યું કે દેશના દરેક બાળકે દેશનું અર્થશાસ્ત્ર બરોબર સમજવું જોઇએ. તે વિના કોઇ પણ દેશ દેવાળિયા દશા તરફ ખેંચાઇ જવાનો. દેશનું અર્થશાસ્ત્ર એટલે દેશના પરદેશો સાથેના વ્યવહારમાં દેશ કેટલું ગુમાવે છે અને કેટલું મેળવે છે તે સમજી દેશના પદાર્થો અને શક્તિનો સુવ્યય અને સત્કાર કરવો તે. ગાંધીજી પોતે ઇંગ્લંડથી કંઈ લાવવાની આશા આપતા નથી. સ્વરાજ કે સ્વાધીનતા અહીં રહીને આપણે જ મેળવવાના છે. દરેક જણ એ સમજીને પોતાનું કર્તવ્ય સંભાળી લે.



**સ્વાસ્થ્ય · શક્તિ · સૌન્દર્ય**

ભાઇ શંભુલાલ રાવળ પાટણના વતની ને ઉત્સાહી કસરતશિક્ષક છે. ઉમર ૨૫ વર્ષ; વજન ૧૪૪ રતલ; ઊંચાઇ આશરે સાડા પાંચ ફૂટ. નાનપણથી નિર્બળ છતાં દેશી વ્યાયામપદ્ધતિથી આવું માંસલ અને દેખાવડું શરીર તે કેળવી શકયા છે.




અરદેશર ફ. ખબરદાર

'જ્યાંજ્યાં એક વસે ગુજરાતી ત્યાંત્યાં સદાકાળ ગુજરાત' એવું બહદ ગુજરાતનું બિરદ ગાનાર કવિશ્રી ખબરદારે ગુજરાતની બહાર રહ્યા છતાં છેક મદ્રાસને આરેથી પણ ગુજરાતનાં ગૌરવગાન સતત અને સહૃદયતાથી ગાયા કરીને ઉપલી લીટીને પોતાના જીવન અને કવનથી સજીવ ને સાર્થક કરી છે. 'કુમાર'ના વાચકો એમની કૃતિઓથી અવારનવાર પરિચિત રહ્યા કર્યા છે. એમનાં શૌર્યોદ્રેકભર્યાં કાવ્યોએ ગુજરાતના યૌવનને પ્રેરણા પાઈ છે; એમના રાસે ગુર્જર રમણીઓના કંઠ અને અંતર હલકાવ્યાં છે; એમની 'ભજનિકા'એ અનેક અંતરોમાં ભક્તિની આરત ભરી છે; કલિકા જેવાં એમનાં લાંબાં કાવ્યો, સાહિત્યચર્ચાઓ અને પ્રતિકાવ્યોએ ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટતા અને વ્યક્તિત્વનો આંક મૂકયો છે. છઠ્ઠી નવેમ્બર ૧૯૩૧ના રોજ એમના જીવનનાં પચાસ વર્ષ પૂરાં થવાને પ્રસંગે એ જન્મજયન્તીને દિને ગુજરાત એમનો કનકોત્સવ ઊજવે છે. એ મંગલ પ્રસંગે આપણી પ્રાર્થના હો કે ઇશ્વર એમને દીર્ઘાયુ કરો અને એમની યશપ્રફુલ્લ જીવનકલાને વધુ પમરાવો.

---

ગયા અંકમાં 'બટેટાંનો બહિષ્કાર' વાળા લેખમાં, 'ઇંગ્લંડમાં ૧૮૫૯માં સર ફ્રાંસિસ ડ્રેક બટાટાનો રોપ કોઈ સ્પૅનિશ વહાણના લૂટી આણેલા જવાહીર સાથે લાવ્યો' એવી ભૂલભરેલી હકીકત ગફલતીથી જવા પામી છે. બટેટાં ઇંગ્લંડમાં પહેલવહેલાં ઇ.સ.ની સોળમી સદીમાં સર વૉલ્ટર રૅલે લાવેલો.



શ્રી બલવંત ભટ્ટના ફોટો ઉપરથી - ચિત્રકાર રસિકલાલ પરીખ

યુવકોએ—નવજવાનોએ વરાળ બનવાનું છે. એક નાના સરખા પાત્રમાં પૂરાઇને જ વરાળ તેજસ્વી શક્તિ બને છે; ત્યારે જ તે વિરાટ ગતિ આપે છે અને ઝીણા સરખા ચોક્કસ માર્ગે બહાર નીકળીને મોટામોટા બોજા વહી શકે છે. યુવકોએ સ્વેચ્છાએ પોતાની શક્તિને કેદ કરવી ઘટે અને ચોક્કસ તથા જરૂરી માપમાં જ (સત્યાગ્રહની સ્વયંસેવા દ્વારા) તેને બહાર આવવા દેવી ઘટે.

# જગદ્ગુરુ

( ઉપજાતિ–વંશસ્થ અનુષ્ટુપ )

યુદ્ધદાવાનળે દાઝ્યા તપેલા પૃથિવિતલે,
અમી વર્ષાવતી શાળી કોની આ પગલી પડે ?

કોના સુણીને સૂર આંસુભીના
ગળી જતી વિશ્વની ઘોર હિંસા ?
ઉલેચવા પાપ યુગોયુગોનાં
શું ઊતરી મૂર્તિમતી અહિંસા ?

અંગો બધાં સંયમથી રસેલાં,
કંગાલની હાય થકી ભીંજેલાં,
લંગોટીમાં કાય લીધી લપેટી,
ચાલે પ્રભુપ્રેરિત પ્રેમમૂર્તિ.

ઝગી ઊઠે ભાવિની ભાગ્યલેખા
જ્યાં એ જગે અંતરપ્રેમ પાથરે;
મુખે તરંતી સ્મિતસૌમ્યરેખા
સંસારનો યુદ્ધવિષાદ આવરે.

એ અંતરેથી તપવારિ કેરા
અનેક ધારે ઊડતા ફુવારા;
દુઃખી જનોનાં ઉરને ઉમંગે
સીંચે સદા એહ અખંડ ધારા.

ઝીલો રહે શાશ્વત અંજલિએ
તૃષાપીડાતું જગ દિવ્ય પ્રેરણા;
અનેક કાને મધુરી સુણી રહે
અમીઝરીં મંગલકારિણી વીણા.

પિતા છો ભવ્ય ક્રાન્તિના, વિરાટ નવયુગના,
ને છો માતા અહિંસાની ગોદે જગ લપેટતા.

બંધુ છો સૌ ગુલામોના, દેવ છો દુઃખીઆં તણા,
આશા છો વિશ્વ આખાની, સર્વ કૈં છો જ હિંદના.

કંકાલને તાંડવ નૃત્ય શીખવ્યાં,
મૃત્યુ મહીં જીવન ઓળખાવ્યાં;
ને છૂટવા ભીષણ નાગચૂડથી,
તમે બતાવી ઉરહાસ્યબુટ્ટી.

ઝંઝાનિલો સૂસવતા વિકારના,
ગાજે તુફાનો ઘનઘોર કારમા;
અકંપ ઊભા વચમાં અડોલ,
શમાવતા ઉચ્ચરી સ્નેહબોલ,

ને ત્યાગમાં ભોગ અનેક માણ્યા,
સેવા મહીં સ્વાદ અખૂટ ચાખ્યા;
અઠંગ છો સત્ય તણા પૂજારી,
ઉરે સદા જાગૃત કર્મયોગી;

એ સત્યને સુંદર સુપ્રકાશે
અંધારની ખીણ ઊંડી વળોટતા;
ને કર્મમાં, અંતરને અવાજે
આત્માતણી શક્તિ અમાપ ઢોળતા.

અજાતશત્રુ, સ્થિતપ્રજ્ઞ, સૌમ્ય,
ઝંખી રહ્યા બ્રહ્મચર્યે જ બ્રહ્મ;
નિષ્કામ કર્મે વહતા શરીર !
પ્રત્યક્ષ ગીતા જીવતી નિહાળી.

"સર્વમેધ મહાયજ્ઞે હોમ્યાં'તાં ભૂતમાત્રને
વિશ્વરૂપ મહાદેવે." કહ્યું એવું કવિજને.

સર્વમેધ મહાયજ્ઞે હોમી સર્વસ્વ માત્રને,
તમે યે આજ શોભો છો વિશ્વરૂપ જગદ્ગુરો!


ૐ

વિરાટની વ્યોમ વિષે પ્રશસ્તિ
કો આંકતી અંગુલિ તારકાક્ષરે,
લખેલખે ને વળી રોજ ભૂંસતી,
ગીતા ગુણોની ન લખાય પૂરી.
ગીતા અહીં સંતની એ અધુકડી
વીલી જતા માનવબોલમાં લખી.

**ઉમાશંકર જોષી**

(દેશભરમાં ઊજવાએલી પૂ. ગાંધીજીની ત્રેસઠમી જન્મજયંતી પ્રસંગે લખાએલા ને તુરતમાં પ્રકટ થનારા એક ખંડકાવ્યમાંથી.)

પુરુષાર્થની
પ્રતિમૂર્તિ



# જેમ્સ રામ્સે મૅકડોનલ્ડ

આજથી પાંસઠ વર્ષ પહેલાંની જ આ કથા છે. એ ભૂતકાળના ઇતિહાસનું કલ્પનારંગી ચિત્ર નહિ, પરંતુ જગતની ભીષણ વાસ્તવિકતાનો એક વિરલ દૃષ્ટાંત છે. સ્વપ્રયત્ન અને સ્વાશ્રયથી મનુષ્ય કેટલો મહાન બની શકે છે અને જીવન રૂંધી નાખે એવા વિષમ પ્રસંગોમાં પણ જીવનભરના સિદ્ધાંતોમાં અચળ શ્રદ્ધા રાખનાર અંતે કેવી સફળતા પ્રાપ્ત કરે છે એનું આ એક સ્પષ્ટ કથન છે.

ઇ.સ. ૧૮૬૬માં સ્કૉટલૅન્ડના મોરેશાયર નામના એક પરગણાના નાનકડા ગામમાં એનો જન્મ થયો. કુદરતે એ ગામ પર આધુનિક વિજ્ઞાનની અસર નથી થવા દીધી. એની પાસે જ ઘોર સાગર ગર્જે છે; એની પડોશમાં જ કપરી પર્વતમાળાઓ પથરાએલી છે. આવા નાનકડા ગામમાં બીજા ઉદ્યોગો પણ શા હોય ? આજે પણ એ ગામડાનાં સાદાં નિષ્પાપ માનવીઓ જમીન ને દરિયો ખેડી ખાય છે. રામ્સે પણ જો નસીબ અજમાવવા નીકળી પડ્યો ન હોત તો આજે એ લૉસીમથ ગામના કોઇ નીરવ આરે શાંતિથી બેઠોબેઠો દરિયાનાં અશાંત મોજાંઓમાં ઊછળતી માછલીઓને પોતાના હૂકમાં લોભાવવાનો પ્રયાસ કરતો હોત. જેવું મૅકડોનલ્ડનું જીવન નીવડ્યું એવું જ એના જન્મસ્થાનનું વાતાવરણ હતું. એ વાતાવરણમાં શાંતિનો અભાવ હતો, સુખ અને સગવડ અજ્ઞાત હતાં.

## ગરીબીને ખોળે

એનાં માબાપ ગરીબ હતાં. બાપ ખેતરમાં મજૂરી કરીને કુટુંબનું પોષણ કરતો. મા ગરીબ છતાં જાજરમાન સ્ત્રી હતી. કંગાલિયત કે દારિદ્રયની એને જરા યે પરવા નહોતી. આ કુટુંબમાં રામ્સે સુખવૈભવ તો ક્યાંથી જ પામે? કુટુંબ ભયંકર દારિદ્રયમાં સબડતું હોય, નાણી નજર પહોંચે એવો કોઇ પણ આધાર ન હોય, ત્યાં બાળકના લાડકોડનું તો શું જ પૂછવું?

કકડીને ભૂખ લાગી હોય ને ઘરમાં ખાવાનું હોય નહિ એવે વખતે દાદીમા બાળક રામ્સેને પરીઓની કોઇ અદ્દભુત કથા કહી સંભળાવી તેની ભૂખ ભગાડી મૂકે. આવું જેમ્સ રામ્સે મૅકડોનલ્ડનું નાનપણ હતું. પણ દાદીમાની એ વાતોનું એક બહુ જ સારું પરિણામ આવ્યું. નાના મૅકની કલ્પનાશક્તિ એથી બહુ જ ઉત્તેજિત બની, એની ભાવનાઓ ખીલી અને એનામાં વાચનનો શોખ જાગ્યો. એ વાંચતાં શીખ્યો કે તરત જગતના ખૂણે પડેલા એ ગામડામાં જેટલાં પુસ્તકો મળી શકે તે બધાં મેળવીને એણે વાંચી કાઢ્યાં. આ વખતમાં જ એને એક બુઢ્ઢો ઘડિયાળી મળી ગએલો. ક્ષયરોગથી પીડાતોપીડાતો એ આ પાર્વત્ય પ્રદેશમાં આવી ચડેલો. એની પાસે પુસ્તકોનો સારો જેવો ભંડાર હતો. આ દમિયલ ડોસા અને જેમ્સ વચ્ચે દોસ્તી જામી. પડુંપડું કરતા એક ઝૂંપડામાં એ બંને બેઠા હોય; મુશ્કેલીથી શ્વાસ લેતો ઘડિયાળી અંગ્રેજી ભાષાની રસસમૃદ્ધિનું કુમાર મૅકને દિગ્દર્શન કરાવતો હોય ને એનો સાથી મુગ્ધ ભાવે એનું પાન કર્યા કરતો હોય.

આવા પુસ્તકપ્રેમી બાળકને નિશાળમાં તો પહેલા આવવામાં શી મુશ્કેલી હોય? ગામડાની નિશાળ વધારેમાં વધારે જે ભણતર આપી શકે તે બારમે વર્ષે તો ખલાસ કરી નાખ્યું. હવે આગળ શું? મૅકડોનલ્ડ પણ બીજાની પેઠે દરિયામાં જાળ નાખવા લાગ્યો અને ખેતરમાં બટાટાની ટોપલીઓ સારવા લાગ્યો. પણ સુભાગ્યે એક પુરુષે એની શક્તિઓની પિછાન કરી લીધેલી. એના શિક્ષકને આ વિદ્યાર્થી ઉપર ખૂબ મમતા હતી; એની શક્તિઓ માટે આશા હતી. એણે એને મજૂરી છોડાવી **Pupil teacher** બનાવ્યો અને એ રીતે આગળ ભણવાની જોગવાઇ કરી આપી. મૅકડોનલ્ડનું રગશિયું આગળ ચાલ્યું.



ઓગણીસ વર્ષનો યુવાન રામ્સે
લૅાસીમથ છોડી લંડન જવા ઉપડ્યો તે પહેલાં થોડા જ દિવસે

## ચિનગારી

મૅકડોનલ્ડ ગરીબ હતો; ગરીબીમાં એ જન્મ્યો'તો અને ગરીબીમાં જ એ ઊછર્યો'તો; પરંતુ એની માનસિક વૃત્તિ કદિ પણ ગરીબ નહોતી. જ્યારથી એનામાં વિચાર કરવાની શક્તિ આવી ત્યારથી જ દારિદ્ય સામે એણે માનસિક બંડ ઉઠાવ્યું હતું. એનામાં દૈવાધીન પરવશતાની ગુલામી મનોવૃત્તિ કદી વિજય પામી શકી નહિ. એને તરત જ ભાન થયું કે ગરીબીનું કારણ સમાજની કોઇ ભયંકર ગેરવ્યવસ્થાને લીધે જ છે. આ કંગાલિયત ઇશ્વરરચિત નથી પણ મનુષ્યરચિત છે. વિજ્ઞાનના પ્રેમને લીધે સત્ય શોધવાની, જગતની વાસ્તવિકતાઓનાં કારણો શોધી કાઢવાની નાનપણથી જ એને ટેવ પડી હતી. આવા વિચારવાળો મૅકડોનલ્ડ દૈવાધીન બની ગરીબીમાં કચડાઇ પીસાઇને મૃતપ્રાય બનવાનું કેમ સ્વીકારી લે? આ જ અરસામાં એક પુસ્તક એના હાથમાં પડ્યું. એ પુસ્તકે રામ્સેને એનો જીવનમંત્ર આપ્યો, એના અંતરમાં દિવ્ય પ્રકાશ પાડ્યો, એને જીવનભરની અજબ પ્રેરણા પાઇ. રામ્સેનો જીવનકથાકાર કહે છે કે આ પુસ્તકે જ

વિલાયતમાં મજૂર પક્ષનો પાયો નાખ્યો, આ પુસ્તકે જ અનેક મજૂર કાર્યકર્તાઓ ઘડ્યા, આ પુસ્તકે જ મૅકડોનલ્ડને વિલાયતના મહામંત્રી બનવાનો માર્ગ બતાવ્યો. આ યુગવર્તી પુસ્તક તે હેન્રી જ્યોર્જનું 'Poverty and Progress' (દારિદ્ર અને પ્રગતિ). ભૂખ અને દુઃખમાં ઊછરેલા મૅકડોનલ્ડને આ પુસ્તકે બતાવી આપ્યું કે દેશનું દળદર સહેલાઇથી ટાળી શકાય એમ નથી. એને માટે જબ્બર આંદોલનની જરૂર છે, અત્યંત શ્રમ અને કષ્ટસાધ્ય ઉપાયોની જરૂર છે. એની સજીવ કલ્પનાશક્તિએ એને સુખદ સમાજનું ભવ્ય દર્શન કરાવ્યું, પણ સાથેસાથે એ પણ ભાન કરાવ્યું કે એ સિદ્ધ કરવું સહેલ નથી.

આમ પોતાના જીવનઆદેશની ઝાંખી થઇ, કર્તવ્ય-પથ નિશ્ચિત થયો, પછી એને લાગ્યું કે હવે સ્કૉટલૅંડને ખૂણે પડી રહેવું નકામું છે. જો કાંઇપણ મહત્ત્વાકાંક્ષા સાધવી હોય, કોઇ પણ સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો લંડન ગયે જ છૂટકો. આવા વિચારોદ્રેકથી ભરેલો અઢાર વર્ષનો યુવાન જેમ્સ લૉસીમથ છોડીને ચાલી નીકળ્યો. પણ સીધો લંડન ન પહોંચતાં તે બ્રિસ્ટલમાં રોકાઇ ગયો. ત્યાંના એક સ્થાનિક કાર્યકર્તાને અંગત મંત્રીની જરૂર હતી. મૅકડોનલ્ડે આ પદ સ્વીકાર્યું. આ વખતે એણે જિંદગીમાં પહેલી વાર ભાષણ આપ્યું. જેનાં ભાષણો ભવિષ્યમાં લંડનના વિશાળ ટ્રફાલ્ગર સ્ક્વૅરમાં હજારો શ્રમજીવીઓને પ્રેરણા આપવાનાં હતાં તે જ્યારે જિંદગીમાં પહેલી વાર ભાષણ કરવા ઊઠ્યો ત્યારે શ્રોતાગણમાં ફક્ત ત્રણની જ સંખ્યા હતી, અને તેમનામાં પણ આ ગામડિયાને ધીરજથી સાંભળવા જેટલી ધીરજ તો નહોતી જ !

### લંડનમાં

થોડો જ સમય રામ્સેએ બ્રિસ્ટલમાં ગાળ્યો હશે, ત્યાં તરત એને જણાઇ ગયું કે પોતાના શેઠ અને પોતાની વચ્ચે તીવ્ર મતભેદો છે. મૅકના યુવાન હૃદયને આથી આઘાત થયો. તેણે વિના વિલંબે નોકરી છોડી દીધી અને ફરી એકવાર લૉસીમથ પાછો ફર્યો. હવે તો એણે નિશ્ચય કર્યો કે લંડન ગયા વિના ચાલે તેમ નથી. જો કાંઇ પણ કરી બતાવવું હોય, નામના કે નાણાં મેળવવાં હોય, તો વિલાયતના વતનીઓ માટે એ એક જ યોગ્ય સ્થળ છે. લંડને અનેક યુવાનોની આશા ધૂળ મેળવી હશે પણ આ યુવાનનું ખમીર અનેરું હતું. ખીસામાં પૂરા બે શિલિંગ પણ નહોતા; એવા વિશાળ શહેરમાં કોઇની ઓળખાણપિછાન પણ નહોતી; પણ એની પાસે હતી યુવાન કાયા, અદમ્ય ઉત્સાહ ને અખૂટ ધીરજ. કેવળ આટલી મૂડી ઉપર જાહેર જીવનમાં ઝુકાવવાની હિંમત તો વિરલાઓ જ કરી શકે. પણ એ યુગ જ એવો હતો. ક્રાન્તિની ધીમીધીમી જ્વાલા અનેક યુવાનોમાં એ સમયે જલી રહી હતી. સમાજની અસમાનતા, ઉચ્ચનીચ વચ્ચેના ભયંકર ભેદ, ઉદ્યોગનાં અમાનુષી પરિણામો નિહાળીને અનેક હૃદયો સળગી ઊઠયાં હતાં. અને ધીમેધીમે એ સૌ ક્રાન્તિવાદીઓ લંડનમાં ભેગા થતા હતા.

લંડનના શરૂઆતના દિવસોમાં તો રામ્સેને મુશ્કેલીઓનો કાંઇ પાર નહોતો. સવારથી સાંજ સુધી નોકરીની શોધમાં ભટકયા છતાં ક્યાંયે પત્તો લાગે નહિ. બેકારી અને મુફલિસીમાં લંડન જેવા શહેરમાં રહેવું, અને કોઇ પણ પ્રકારના આધાર કે આશ્રય વિના ઉત્સાહ ટકાવી રાખવો એ કેટલું કપરું હશે ? પણ મૅકડોનલ્ડે તો નિશ્ચય કરી લીધો હતો કે કાં તો લંડનમાં આપબળથી પ્રકાશમાં આવવું કે મુશ્કેલીઓ સામે ઝૂઝતાં મરી મટવું, પરંતુ હવે લૉસીમથ પાછા તો ન જ જવું. અંતે કેટલાક દિવસની અથડામણ પછી એક કંપનીમાં સરનામા–કારકુન તરીકે એને નોકરી મળી. આ વખતે મૅકડોનલ્ડ ખરચીખૂટ બની ગયો હતો. એની ને ભૂખમરાની વચ્ચે જરા યે છેટું રહ્યું નહોતું. જો આ નોકરી વખતસર ન મળી હોત તો વિલાયતનો ભવિષ્યનો એ વડો પ્રધાન ગાડીવાનની નોકરી કરવાની તજવીજ કરવાનો હતો. નોકરી શોધવાની ચિંતા ઓછી થઇ કે તરત જ જે હેતુ માટે પોતે વતન છોડીને આ જ્ઞાનકેન્દ્રમાં આવ્યો હતો, તે સાધવા માટે મૅકડોનલ્ડે વ્યવસ્થા કરવા માંડી. બપોરે જ્યારે બીજા કારકુનો 'લન્ચ' (નાસ્તા) માટે જાય ત્યારે ભાઇ એક પ્યાલો ઠંડુ પાણી પી લે અને બાકીનો વખત કોઇ લાયબ્રેરીમાં વિજ્ઞાનનાં પુસ્તકો ઊથલાવવામાં ગાળે. એનો પગાર એટલો ટૂંકો હતો કે 'લન્ચ' માટે પૈસા ખરચવા જેટલું ઉડાઉપણું બતાવે તો મહિનાને અંતે ખાવા માટે પણ કશું ન રહે. નોકરીમાંથી છૂટી સીધો જ એ

( અનુસંધાન આગળ પાન ૩૪૭ મે )

# ગુજરાત સંસ્કાર અને સંસ્કૃતિ

લેખક
સુરેશ દીક્ષિત
એમ.એ., એમ.એસસી.

હવે મૂર્તિઓ અને મંદિરોના કટકા થવાનો કાળ શરૂ થાય છે. હિંદુઓ રાજ્યસત્તા ગુમાવતા પણ ધર્મને ચીવટથી વળગી રહ્યા હતા. જ્યાં જાય ત્યાં દાવાનળ પ્રગટાવતી મુસલમાની સત્તાની જ્વાળામાંથી બચવા ઇરાનીઓ પવિત્ર અગ્નિના થોડા તણખા બચાવતા લગભગ સાતમી આઠમી સદીથી દીવ અને સંજાણને કિનારે આવી પહોંચ્યા હતા. હિંદુ રાજ્યે તેમને આશ્રય આપતાં હિંદમાં રાખી હિંદીઓ બનાવવા કોલકરારો કર્યાં હતા. હિંદ અને ઇરાનની મૂળ સંસ્કૃતિ એટલી સમાન હતી કે પારસીઓને નવા દેશમાં હળી જતાં વાર ન લાગી. હિંદુઓના થોડા આચાર, પોશાક અને ભાષા અપનાવી શાંતિથી તેઓ વસી ગયા. હિંદુઓને વટાળતા તથા તેમનાં દેવમંદિરો ભાંગતા, છતાં તેઓના રીતરિવાજો અને ધર્મક્રિયાઓને બારીકીથી અવલોકવા મુસલમાનો




જૂના સમયના પારસીઓ



એક પ્રાચીન હસ્તલિખિત ઓળિયામાંથી

ચૂક્યા ન હતા. હિંદુઓનાં ધર્મપુસ્તકોનાં ભાષાંતર અરબીમાં થયાં, પણ કુરાને શરીફનું સંસ્કૃત ભાષાંતર ન જ થયું. પ્રાચીન કાળથી જે જે પરદેશીઓ વેપાર કરવા, રખડવા કે જાત્રાને માટે હિંદમાં આવતા તે પોતાની નોંધ કર્યા વિના રહેતા નહિ. વેપાર અર્થે હિંદમાં આવતા પરદેશીઓ હિંદની અઢળક લક્ષ્મીની વાતો ફેલાવતા. હિંદને સોનાની અખૂટ ખાણ સમજી તેના ઉપર અનેક પરદેશીઓ ડોળો રાખતા. ઇતિહાસના અવલોકન તથા લેખનની બાબતમાં હિંદુઓ ઊતરતા છે. સત્યને વિકૃત કરી કલ્પનાના રંગ લગાડી તેમણે ઇતિહાસ લખવા જતાં પુરાણું લખ્યાં છે. મુસલમાનોમાં કલ્પના થોડી હતી એટલે સીધો ઇતિહાસ તેઓ આલેખતા. હિંદનો ઘણો જૂનો ઇતિહાસ અરબીમાં લખાયો છે. અલબરૂની ઇ. સ. ની ૧૧મી સદીની હિંદની રાજકીય ને ધાર્મિક સ્થિતિનો સારો પરિચય આપે છે. મુસલમાનો હિંદની સંસ્કૃતિ સમજવા સહેજસાજ યથાશક્તિ પ્રયત્ન પણ કરતા; પરંતુ હિંદુઓને મન મ્લેચ્છ સંસ્કૃતિ તરફ દૃષ્ટિ નાખવી એ પણ પાપ હતું. હિંદુઓ મુસલમાનોથી પૂર્વ-પશ્ચિમ જેટલા જુદા હતા. પોતાની સંસ્કૃતિમાં હિંદુઓને એટલી શ્રદ્ધા હતી કે તેથી ઊંચી સંસ્કૃતિ બીજી કોઇ હોઈ શકે એ કબૂલવા તેઓ રાજી ન હતા. પરંતુ



સુરતમાંની અંગ્રેજી કોઠીનો દરવાજો

મુસલમાનો તો એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કુરાન લઇને આવ્યા હતા. એ ઝનૂની તુર્ક અને અફઘાન લોહીના હતા. મહમદ ગઝનવીએ ત્રીસ હજારનું લશ્કર લાવી સવારી કરી હતી ત્યારે મહમદ ઘોરી એક લાખ વીસ હજારનું જંગી લશ્કર લાવ્યો. છતાં યે સંખ્યામાં તો તેઓ મહાસાગરમાં ટીપા જેવા હતા. એકંદરે તેમનું ભાવી હિંદુઓના તેમના પ્રત્યેના વર્તન તરફ લટકતું હતું. સમાજને મોટી છૂટ આપી હિંદુઓએ ઘણાને પરધર્મમાં જતા રોકયા હોત તો આજે હિંદુઓની સંખ્યા છે તેથી પણ મોટી હોત. આપત્તિકાળની અણસમજમાં ને પૂર્વે જોએલી જાહોજલાલીની મગરૂરીમાં તેમણે મન ને કાયા સંકોચ્યાં. મુસલમાનોને અડતાં નહાવું પડતું. હિંદુઓ મુસલમાન થઇ શકતા પણ મુસલમાન હિંદુ ન થઇ શકે. હિંદુ-મુસલમાન એક બીજાનો સમાસ ન કરી શકવાથી જ બંને સમાજ ચુસ્ત થતા હતા. પ્રજાને રાજાનાં દર્શન લશ્કરને મોખરે કે સરઘસની વચ્ચે જ થતાં. હિંદુ પ્રજા ઓશિયાળી હતી. મુસલમાન રાજાઓ આપખુદ હતા. બધે અણબનાવ ને અવિશ્વાસનું વાતાવરણ હતું.

અફઘાન ને તુર્ક રાજાઓની ગાંડી ને આંધળી સત્તા નીચે ગુજરાતને જેટલું સોસવું પડયું છે તેટલું પાછળના મોગલાઇ અમલમાં સહેવું નથી પડયું. ઇ.સ. ૧૨૩૧માં કુતુબુદ્દીનના સાળા અલ્તમશે ઉજ્જેનમાં મહાકાળનું મંદિર તોડયું. મલીક નસરતે રુદ્રમાળ તોડી બીજાં અનેક મંદિર ભાંગ્યાં. ગુજરાતમાં લૂટ ઉપર લૂટ ચાલવા માંડી. ખિલજી અને તઘલખ બાદશાહો અવિચારી રાજ્ય ચલાવતા. અલાઉદ્દીને દાણાદુણીના ભાવ નક્કી કર્યા તો તઘલખે સોનાને બદલે તાંબાના સિક્કા ચલાવ્યા. હિંદુઓ ઉપર જજિયાવેરો શરૂ થયો હતો. કમલાક્ષી અને મૃગનયની હિંદુ બાળાઓ ઉપર મુસલમાનો મરી ફીટતા હતા. ઇ.સ. ૧૩૧૫માં ખંભાત મુસલમાન સત્તાનું કેન્દ્ર હતું.

ઇ. સ. ૧૩૪૫માં મહમદ તઘલખે સુરત, ભરૂચ અને ખંભાત લૂટયાં. તે જમાનામાં ગુજરાતની આવક બે કરોડ તનખા હતી. ગુજરાતમાં દોર ખાંસાહેબનો હતો. એ કાળનો ઇતિહાસ ધનાઢ્ય શહેરો તથા રાજધાનીઓની ચડતી પડતીના ઇતિહાસ જેવો છે. અહમદશાહના (ઇ. સ. ૧૪૧૦–૧૪૪૨) વખતમાં અમદાવાદ સ્થપાયું અને ધૂળિયું તો યે એ ગુજરાતની રાજધાની થઇ ગયું. મુસલમાનોના આવવા સાથે ગુજરાતમાં કાગળ બનવા માંડયા અને એ કાળથી લખવાના સાધન તરીકે કાગળનો ઉપયોગ થવા માંડયો. તે વખતના શરૂ થએલા એ ઉદ્યોગના અવશેષ રૂપ અમદાવાદી કાગળ આજ સુધી જાણીતા છે. મોટો કેર તો મહમુદ બેગડાએ ૧૪૫૯માં કર્યો. ચાંપાનેર અને જુનાગઢના હિંદુ સંસ્કારના રક્ષણ જેવા કિલ્લા સર કરી એણે રહીસહી હિંદુ સત્તાનો અંત આણ્યો. ચાંપાનેરની મસ્જિદો અને કાળકા માતાના શિખર ઉપર પીરની સ્થાપના થઇ. જુનાગઢના રા'ને મુસલમાન થવું પડ્યું. તે જ સમયે મહેમદાવાદ સ્થપાયું. તે વખતનો ભમરિયો કૂવો આજે એ ઇતિહાસના સાક્ષી તરીકે ઊભો છે.

આ બે સદીમાં મુસલમાન સંસ્કૃતિના સંસ્કાર હિંદુ શિલ્પ ઉપર પડયા હતા. પરસ્પર વિરોધી એ સંસ્કૃતિઓનું કંઇક સંકલન શિલ્પમાં થતું હતું. 'પઠાણ' ઢબને નામે જાણીતા ઘુમ્મટનો આકાર હિંદુઓનાં દહેરાંમાં પેઠો હતો. પાલીતાણાનાં જૈન મંદિરો એ પઠાણ ઢબનાં છે. ખંભાતની જામી મસ્જિદનું પ્રવેશદ્વાર હિંદુ મંદિર જેવું છે. મુસલમાની રાજ્યમાં શહેરેશહેર જામી મસ્જિદો (સાર્વજનિક મસ્જિદો) બંધાતી હતી. ભરૂચની જામી મસ્જિદ તો હિંદુ જૈન દહેરાંના પથ્થરમાંથી જ બાંધેલી છે. ધોળકાની ટાંકા મસ્જિદ હિંદુ ઢબની છે. ત્યાં જ બીજી એક અલફખાંની મસ્જિદ પહેલી જ વાર ઇંટોથી ચણાએલી નજરે પડે છે. અમદાવાદની સીદી





૧૮મા સૈકાના કાઠિયાવાડી યોદ્ધાઓ, ફિરંગીઓ વગેરે દર્શાવતાં સીહોરના કિલ્લાની દિવાલ પરનાં ચિત્રો.

સૈયદની જાળીનું બારીક કોતરકામ એ જ સમય (ઇ.સ. ૧૫૦૦)નું છે. મુસલમાનોએ શિલ્પમાં જાતજાતની સુંદર કમાનો બાંધતાં હિંદુઓને શીખવ્યું.

મુસલમાન બાદશાહો જેટલા વિલાસવૈભવના તેટલા જ બાગબગીચા બનાવવાના અને પશુપક્ષી પાળવાના પણ શોખીન હતા. અરબસ્તાનથી ઘોડા મંગાવી તેઓ ઊછેરતા, કબૂતર અને બાજ ઉડાવતા, હરણ જેવાં જનાવર પાળતા અને શિકારમાં મશગૂલ રહેતા. એના પ્રતીક રૂપ મહેમદાવાદનો ‘હરણબાગ’ તથા અમદાવાદનો શાહીબાગ જાણીતા છે. હિંદુઓને મન નિષ્ઠુર લાગતા મહમદ તઘલખ જેવા બાદશાહો પણ ભણેલા, ધાર્મિક અને રસિક હતા.

પંદરમી સદીના અસ્ત કાળે હિંદના ઇતિહાસમાં કદી યે નહિ બનેલો એવો કમનસીબ બનાવ બન્યો. જે દેશનો ટૂંકો રસ્તો શોધવા જતાં કોલંબસ બીજે રસ્તે જઇ ચડેલો, તે દેશને કિનારે વાસ્કો ડી ગામાએ ઇ.સ. ૧૪૯૮માં નીલગિરિની છાયા નીચે કાલીકટમાં પગ મૂક્યો. હિંદ આવવાનો મોકળો થએલો એ દરિયાઇ રસ્તો એ હિંદના ભાવી માટે કાયમની પનોતી બેસવા જેવું હતું. મુસલમાનો કુરાન અને તલવાર લઇ હિંદમાં આવ્યા હતા. યુરોપની ખ્રિસ્તી પ્રજા જમે ઉધારની ખાતાવહી સાથે બાઇબલ અને બંદુક લઇને આવી. આજ સુધી હિંદમાં પ્રવેશવાનો ખૈબરઘાટના સાંકડા દરવાજા જ માત્ર હતા. હવે આખો યે દરિયાકિનારો હિંદના પ્રવેશદ્વાર તરીકે ખુલ્લો થયો. ગુજરાતનાં બારાં એના દરવાજા બન્યા.

દિલ્હીની ગાદી ઉપર એક વંશ સ્થિર થતાં પહેલાં જ ઊથલપાથલ થઇ જતી. ખિલજી, તઘલખ અને લોદી વંશના તુર્ક તથા અફઘાન રાજાઓ સ્વેચ્છાએ રાજ્ય કર્યે જતા. તીજોરીમાં નાણાં ખૂટે કે લશ્કરને કવાયત આપવા જોઇએ ત્યારે તેઓ ગુજરાત લૂટવા લોભાતા; કેમકે સુરત અને ખંભાત બંદરે અઢળક લક્ષ્મી જમા થતી. કુતુબુદ્દીને ગુજરાત લૂટયું; મહમદ તઘલખે ગુજરાત લૂટયું. ગુજરાતના સૂબા દિલ્હીની સત્તા નબળી પડતાં બળવો કરતા. અલ્લાઉદ્દીનના અંત સમયે ગુજરાતે બળવો કર્યો; મહમદ તઘલખના સમયમાં (૧૩૪૧) બળવો થએલો; નસિરૂદ્દીન તઘલખના વખતમાં પણ ગુજરાતના સૂબાએ બળવો કર્યો. મુઝફ્ફરખાંએ પણ તઘલખના જ વખતમાં બળવો કરેલો. તૈમુરે દિલ્હી જીત્યું ત્યારે (૧૩૯૯) મહમદ તઘલખ ગુજરાતમાં આવી ભરાએલો. ખંભાતથી પકડેલા ગુલામ મલિક કાફુરે દિલ્હીનું તખ્ત સર કર્યું. ત્યારથી તે છેક ઇ.સ. ૧૫૭૨માં અકબરે અમદાવાદ સર કરી ગુજરાત જીત્યું ત્યાં સુધીનો ગુજરાતનો ઇતિહાસ દુ:ખદ છે. બાબરે (૧૫૨૬) હિંદ જીત્યા પછી હુમાયૂંએ ગુજરાત ઉપર (૧૫૩૭) હલ્લો કરેલો. હુમાયૂંએ ગુજરાતના બહાદુરશાહને હરાવી મંકુના રસ્તે આવી ચાંપાનેર જીત્યું અને ત્યાંથી ખંભાત ગયો. ખંભાતમાં ચરોતરના કોળી લોકોએ હુમાયૂંને ઝાપટી લૂટયો. આમ લગભગ ત્રણ સદીનો ઇતિહાસ લૂટ ને બળવાનો છે; સત્તાની ખેંચતાણનો છે. આની માઠી અસર હિંદુ સમાજ પર થઇ. જ્ઞાતિના બંધ મજબૂત થયા અને મુસલમાન પ્રત્યે ઊંડી ઇતરાજી પેદા થઇ. ગામેગામે મુસલમાનવાડા ઉમેરાવા માંડયા.

ગુજરાતમાં એક બાજુ જ્યારે જમીન ઉપર આમ લડાઇઓ થતી હતી ત્યારે તેથી વધારે ભયંકર લડાઇઓ બીજી બાજુ દરિયાઇ સત્તા માટે થતી હતી. મુંબાઇથી



જૂનાગઢની નીલમ તોપ

અઠ્ઠાવીસ માઇલ ચાઉલ સુધી ગુજરાતનો કિનારો ગણાય. દીવ અને ઘોઘામાં ગુજરાતનું તરી લશ્કર રહેતું. ઇજિપ્ત ને તુર્કસ્તાનના કાફલા દીવ સુધી લડવા આવતા. પોર્ચ્યુગીઝોએ દરિયાઇ સત્તા હાથ કરવા ભયંકર મંડાણ માંડ્યું હતું. ચાંચિયાનું જોર પણ સખત હતું. ૧૫૦૬ માં ઘોઘાના કાફલાએ પોર્ચ્યુગીઝ વહાણોને હરાવ્યાં.

પોર્ચ્યુગીઝ ખ્રિસ્તીઓ મુસલમાનોથી ધર્માંધપણામાં ઊતરે એવા નહોતા. ધર્મ માટે માણસોને જીવતાં યુરોપમાં બાળાતાં. હિંદુઓના મોટા જથ્થાને તેઓએ ખ્રિસ્તી બનાવ્યો. જમતી પંગતમાં માંસના ટુકડા નાખે એટલે બ્રાહ્મણો વટલાઈ જવાતું એમ માની બેસતા. ઘણા પોર્ચ્યુગીઝો બાદશાહના લશ્કરમાં દાખલ થઇ ગયા. તોપખાનાથી ભયંકર લડવાની રીત બાબરના વખતથી શરૂ થઇ. તે પહેલાં તોપમાં પથ્થરના ગોળા વપરાતા. આરબ, તુર્ક અને પોર્ચ્યુગીઝ તોપચી કુશળ ગણાતા. જુનાગઢની નીલમ તોપ તે વખતે અગ્નિ વર્ષાવતી. પોર્ચ્યુગીઝોનો ડોળો ગુજરાત ઉપર હતો. કાઠિયાવાડ અને ગુજરાતના કિનારા ઉપર તેમણે થાણાં નાંખ્યાં. મકાઇ, બટાકા ને તમાકુ જેવી વસ્તુઓ એ પોર્ચ્યુગીઝ સત્તાના અવશેષો જેવાં છે.

વિજયનગરનું હિંદુ રાજ્ય તે કાળે સત્તાધીશ હતું. મોગલ રાજ્ય આવે તે પહેલાં ચૈતન્ય, ગુરુ નાનક અને કબીર જેવી મહાન ધાર્મિક વ્યક્તિઓ હિંદમાં જન્મી હતી. ચૈતન્ય ગુજરાતમાં પધારી ગયા હતા. દ્વારિકા અને મથુરા વચ્ચે ભક્તિમાર્ગની જ્યોત પ્રદીપ્ત થતી હતી. ગુજરાતી ભાષા અને સાહિત્યમાં વ્યક્તિત્વ આવ્યું હતું. હિંદુઓ પોતાની સંસ્કૃતિને પરદેશી આભડછેટ ન લાગે એ સંભાળતા થઇ ગયા હતા. એકેએક લડાઇ, એકેએક નવો ધર્મ, એકેએક નૈતિક ઉત્પાત, એકેએક ઉપાધિના ઘા રૂઝાયા પછી તેનાં ચાઠાંનાં નિશાન તો સમાજ ઉપર મૂકતા જ જાય છે.

અકબરે ગુજરાત સર કરવા સાથે ફરી પાછું હજાર વર્ષે (૧૫૭૨) ગુજરાત હિંદના ચક્રવર્તી રાજ્ય સાથે જોડાયું. અકબરે ગુજરાત જીત્યાની ખુશાલીમાં ફતેહપુર સિક્રીમાં બુલંદ દરવાજો બંધાવ્યો. હિંદનો સુરેખ અને સ્પષ્ટ ઇતિહાસ અહીંથી શરૂ થાય છે. આજના અંગ્રેજી અમલનું ધોરણ અકબરના રાજતંત્ર ઉપર ઘડાયું છે. મુસલમાન ઇતિહાસલેખકો ઇતિહાસ લખવામાં હિંદુઓ કરતાં બેશક ચડે એવા હતા. એ અમલનો ઇતિહાસ સંપૂર્ણ જળવાયો છે.

અશોક કે ચંદ્રગુપ્તના ચક્રવર્તી રાજ્ય સાથે સર ખાવી શકાય એવું અકબરનું મહારાજ્ય હતું. ઇ. સ. ૧૫૬૨માં અજમેરના રાજા બિહારીમલની પુત્રી પરણી તેણે હિંદુ મુસલમાન લોહી ભેગાં કર્યાં. આથી મોગલો અર્ધ હિંદુ થયા. જે છાનું થતું, ક્રૂરતાથી થતું તે અકબરે છડેચોક કર્યું. મુસલમાનોનો લોભ હિંદુ સ્ત્રીઓ પ્રત્યે અજાણ્યો નહોતો. જાત્રા અને જજિયાવેરો માફ કરી તેણે હિંદુઓને રાહત આપી. ખંભાત આવી તેણે દરિયાની પ્રથમ સહેલ કરી અને સુરત લૂટી યુરોપીઅનો દીઠા. ૧૫૭૩–૭૪માં ગુજરાતમાં મોટો દુકાળ પડ્યો. અકબરના વખતમાં ગુજરાત અને માળવાની એક સૂબાગીરી હતી. ૧૬૦૪માં તમાકુનો પહેલો દમ અકબરે માર્યો. ત્યાર પછી જહાંગીરે તમાકુ પીવાની બંધ કરાવી. છતાંયે તેનો તો શોખ વધતો જ ગયો જહાંગીરને ગુજરાતના જૈનો તરફ તિરસ્કાર હતો. જહાંગીરના લશ્કર સાથે પંજાબમાંથી બ્રહ્મક્ષત્રિયો ગુજરાતમાં આવી વસ્યા. શાહજહાંના વખતમાં ( ૧૬૩૦-૩૨ ) ગુજરાતમાં એટલો સખત દુકાળ પડેલો કે લોકો ઘરબાર છોડી નાઠા. ગરીબોએ છોકરાં વેચેલાં. લોટ ભેગાં હાડકાં દળાઇને વેચાતાં. ધર્માંધ ઔરંગઝેબનું રાજ્ય એ મોગલોનો વિનાશકાળ હતો. ઔરંગઝેબે ભીમદેવનું બાંધેલું સોમનાથ તોડ્યું. એના મરણ પહેલાં તો હિંદુઓએ દક્ષિણમાં દાવાનળ પ્રગટાવ્યો હતો.

મોગલ કાળ એકંદરે જાહોજલાલીનો હતો. બાદ-

શાહો જાતે સાદા, શોખીન અને કર્તવ્યપરાયણ હતા. છતાં ય વ્યક્તિગત સત્તા એ મોગલ શહેનશાહતની મોટી ખામી હતી. આજે પણ જહાંગીરીનો અર્થ સારો થતો નથી. વૈભવ વિલાસ અને ધર્માંધતા એ તેમનાં મુખ્ય અપલક્ષણ હતાં. ઇસ્લામના કાનૂન મુજબ શરાબ પીવો હરામ ગણાતો, પણ મોગલ બાદશાહો તેમાં ડૂબ્યા રહેતા. આજની પોલિસની જોહૂકમી મોગલ રાજ્યના વારસાની છે. ફોજદાર કોટવાળ અને કાજીના હાથમાં સત્તા રહેતી. લાંચરૂશ્વત સાધારણ હતાં. પ્રજા અને રાજાના દોર વચ્ચે કજિયા કંકાસ ચાલુ રહેતા. આજ કરતાં પ્રજા અને સમાજ પાસે છૂટ અને સ્વતંત્રતા વધારે હતાં. સુરત અને અમદાવાદમાં મોગલ ટંકશાળ હતી. મહમુદી અને મહોરથી નાણાં ગણાતાં.

મોગલ બાદશાહો સવારે સાડાચારે ઊઠતા ને મધરાતે સૂતા. ઝરૂખામાં જઇ પ્રજાને દરરોજ દર્શન આપવાં, સરઅવસરે સોનારૂપાથી તૂલા કરાવવી એવા હિંદુ રાજધર્મો મોગલોએ અપનાવ્યા હતા. મોગલ રાજાઓ સાક્ષર અને સુશિક્ષિત હતા. મુસલમાનો માટે તેમણે મદ્રેસા અને મકતબ સ્થાપ્યાં હતાં. લીલાવતીનું ગણિત, ઉપનિષદ, ભગવદ્‌ગીતા, યોગવાસિષ્ઠ અને રામાયણનાં ફારસી ભાષાંતર શાહજાદા દારાએ કરેલાં. કળા કારીગરીનો તે આશ્રયદાતા હતો. મુસલમાની લેખનકળાની અસર હિંદુ લહિયા ઉપર થઇ છે. ચોખ્ખા અક્ષર એ મુસલમાની કળા છે.

પણ મુસલમાની સત્તાની હિંદુ સમાજ ઉપર સંસ્કાર છાપ એકંદરે સારી ન પડી. હિંદુઓ હતાશ બની ગયા એટલું જ નહિ પરંતુ થાકી પણ ગયા. હિંદુઓના નૈતિક અને ધાર્મિક પાયા મૂળમાંથી હાલી ગયા. તેની પહેલી અસર તેમના સ્ત્રીજીવન ઉપર થઇ છે. સ્ત્રીઓએ લાજ કાઢવી શરૂ કરી હતી. શિવાજીના પ્રતાપે જોકે હિંદુ સમાજ ગબડી પડતી બચી ગઇ, પણ હિંદુઓના ધર્મને ઇસ્લામે સંકુચિત બનાવ્યો. હિંદુઓની રહેણીકરણીમાં મોટો તફાવત પડી ગયો. મદિરા ને અફીણનાં ઘેન તેમને મુસલમાનોએ લગાડ્યાં. પહેરવેશથી માંડી રાચરચીલાંમાં ફેરફાર થઇ ગયો. વિલાયતમાં જેમ 'જૅકોબીઅન' 'ટ્યુડ' અને 'ઇલિઝાબેથન' રાચરચીલાં જુદાં પડી આવે છે તેમ આપણે પણ આપણાં રાચરચીલાંના વિભાગ પાડી શકીએ. સાઠમારી, આતશબાજી, કુસ્તી, શેતરંજ, પાનાં, હાંડીતકતા, ગાદીતકિયા વગેરે મુસલમાન રાજ્યના વારસા જેવાં છે. રંગરોગાન ને ગાનતાનથી માંડીને ખાવાનાં પકવાન સુધી ઇસ્લામની અસર હિંદુઓ ઉપર થએલી.

દિલ્હીનો મધ્યવર્તી દોર ઢીલો પડતાં હિંદુ રાજાઓ અને મુસલમાન સૂબાઓ સ્વતંત્ર થવા ટાંપી રહેતા: ઔરંગઝેબના અંત પહેલાં તો મોગલ સત્તાનો ઘોર દક્ષિણના ઘાટમાં શિવાજી ખોદતો થઈ ગયો હતો. યુદ્ધમાં મરાઠાઓ મોગલોથી ઊતરે એવા નહોતા. ચપળ ઘોડા ઉપર સજ્જ થઇ તેઓ કાવાદાવાની લડત લડતા. લડત કરતાં યે પજવણી કરી શત્રુને થકવી નાખવાનો દાવ ખેલતા. ઝાડી કે કોટમાં ભરાઇ રહી એકાએક દુશ્મન ઉપર પાછળથી છૂપા ઘા કરતા. ઇ. સ. ૧૬૬૪માં શિવાજીએ સુરત લૂટ્યું. ત્યારપછી

## રણે

(પૃથ્વી)

જરા ય લપસ્યા વિના હૃદયબંધનોને કસી
ઉપાડ ચરણો જરા વિજયની બજે આરતી.
તિમિર–ખડકોભર્યું ચઢણ છો રહ્યું આકરૂં
(નથી તિમિર સ્થિર એ પણ તુષારની વાદળી)
ચઢે દિવસ ને થશે પથદિશા વધુ નિર્મળી.

મીચેલ તુજ પાંપણો પડી રહી હજી ઘેનમાં,
ભરે અફળ દર્શનો જીવનનાં મૃદુ સ્વપ્નનાં:
ક્ષણિક સુકુમારતા હજી ય કાં રહ્યો સંઘરી?
(કદિ ખરલ મૃત્યુની જીવનને ન દે જંપવા)
પણે નવવિધાનની સપરમી પ્રભા ઊઘડે.

અટંકી વીર એકલો ઝઝુમશે રણે જે ઘડી,
અલક્ષ્ય જયસાથીઓ ઊતરશે દિશાઓ તરી.

**ઈન્દુલાલ ગાંધી**

૧૭૦૫માં તેઓએ ગુજરાત પર હુમલો કર્યો. ૧૭૦૭માં બાલાજી વિશ્વનાથે ગુજરાતમાં ચોથ ઉઘરાવવી શરૂ કરી. પેશ્વાના પ્રતિનિધિ ગાયકવાડનો મુદ્રાલેખ જ 'જીન ઘર જીન તખ્ત' હતો. મરાઠાઓ યોદ્ધાઓ હતા; રાજાઓ નહોતા.

મોગલાઈની સંધ્યા સમયે હિંદમાં ત્રિરંગી લડત શરૂ થઈ હતી. પોર્ચુગીઝની પાછળ વલંદા, ફિરંગી અને અંગ્રેજી વેપારી પેઢીઓ આવી હતી. ૧૬૦૭માં 'હેક્ટર' નામના વહાણમાં હાકિન્સ નામનો અંગ્રેજ પહેલવહેલો સુરત આવ્યો. સર ટૉમસ રો જહાંગીરના દરબારમાં પહેલો અંગ્રેજ એલચી હતો. સુરત, ખંભાત ઘોઘા ને અમદાવાદમાં સાડા ત્રણ ટકા જકાત લઈને જહાંગીરે જ્યારે અંગ્રેજોને કોઠી નાખવા પરવાનગી આપેલી ત્યારે કોને ખબર હતી કે એ પ્રજા આંગળી આપતાં પાછળથી પોંચો કરડશે ? મોગલ અને પેશ્વાઈ દરબારમાં જેના એલચી સાત કદમ દૂરથી મુજરો કરતા તે મનમાં આખા યે હિંદને જમે બાજુમાં ગણવા મથતા. ગુજરાતનાં બંદરો સારા યે હિંદનાં આયાતનિકાસનાં દ્વાર જેવાં હતાં. ઈ. સ. ૧૬૧૭માં અમદાવાદના સૂબાએ ગળીના પાકનો ઈજારો એક-હાથ કરેલો. ૧૬૩૨માં સુરતના સૂબાએ દાણાદુણી ઉપર ઇજારો રાખેલો. ઈ. સ. ૧૬૧૯ થી ૭૦ સુધી સુરતના વીરજી વોરા પાસે સારા યે વેપારની ચાવી હતી. જગત-ભરમાં તે મોટો અને પૈસાદાર વેપારી ગણાતો. અંગ્રેજ કંપનીનો એ શરાફ હતો. તે જ અરસામાં (૧૬૩૩) આરમીનિયનો અને આબીસીનિયાના હબ-સીઓ કાઠિયાવાડને કિનારે આવી વસ્યા. ઈ. સ. ૧૬૬૪ માં ખરશેદજી પોચાજીને મુંબાઇનો કિલ્લો બાંધવા અંગ્રેજોએ કરાર કરી આપ્યો.

અંગ્રેજ સત્તાનો ઇતિહાસ તો ગઈ કાલે જ બન્યો હોય એવો તાજો છે. આપણી લાચારી અને ગરી-બાઈના ઇતિહાસનું મંડાણ એ સાથે થાય છે. ફિરંગી, વલંદા અને અંગ્રેજની અંદરઅંદરની લડાઈમાં અંગ્રેજો સાહસ અને સંપથી ફાવ્યા. એક વખત ફિરંગી, વલંદા અને પોર્ચુગીઝ સત્તાને મહાત કરી, પછી તો રસ્તો સીધો હતો. હિંદીઓની અપ્રામાણિક અને બાયલી વર્તણૂક—અંદર અંદરનાં વેરઝેર અને કુસંપનો લેવાય તેટલો લાભ તેમણે લેવાનો હતો. હિંદીઓને ભાડુતી સિપાઈ તરીકે મેળવી શકાય છે અને કકડા રોટલા સારૂ તેઓ દેશીઓ સામે અનર્થ કરી શકે છે એ ડુપ્લેએ શોધી કાઢ્યું અને ક્લાઈવે તેનો ઉપયોગ કર્યો. હિંદીઓના હાથમાંથી હિંદ જતું હતું એ સૌકોઈ સમજતું હતું; પરંતુ પક્ષાઘાત થએલા દરદી જેવી તેની દશા હતી. બીજા ગમે તેમ કહે, ૧૮૫૭નો બળવો એ સ્વતંત્રતાનું યુદ્ધ હતું. ૧૮૫૮માં વેપારી પેઢીને પોતાના પેઢી તરીકેના હક્ક ઉઠાવી લઈ અંગ્રેજ પ્રજાને નામે હિંદુસ્તાનનું વસીઅતનામું કરવું પડ્યું. પરંતુ તે દિવસ પહેલાં તાર અને રેલવેનો વૈજ્ઞાનિક જમાનો શરૂ થઈ ગયો હતો; અંગ્રેજી કેળવણીના પાયા નંખાઈ ચૂક્યા હતા.

અંગ્રેજો જ્યારે હિંદમાં આવ્યા ત્યારે હિંદની સંસ્કૃતિ, કળાકારીગરી અને સમાજરચના તેમના કરતાં બેશક અનેક દરજ્જે ચડિયાતાં હતાં. યુરોપમાં જમાનો ધાર્મિક ક્રૂરતા અને ઝગડાનો હતો; વહેમ પણ તેટલા જ હતા. વિજ્ઞાનના ઊછરતા છોડને કચડી નાખવાના પ્રયત્નો થતા. ઈશ્વરનો ઇનકાર કરનારને ફાંસીએ ચડવું પડતું કે જીવતાં બળવું પડતું. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન હલકું હતું. તેમની દશા અધમ હતી. અમેરિકા અને આફ્રિકા તેમણે જોયાં પણ નહોતાં. આજની યુરોપની સંસ્કૃતિનો ચડિયાતો વિકાસ તો માત્ર છેલ્લી ત્રણ સદીનો છે.

અંગ્રેજી સત્તાના જમાવથી પૂર્વ પશ્ચિમની સંસ્કૃતિઓ અથડાવા માંડી. એ નિર્બળ ઉપર બળિયાના વિજય જેવી છે. પરાજિત પ્રજા ધીરેધીરે નમાલી અને દુર્ગુણી બને છે. તેની શક્તિઓ રૂંધાય છે, તેનું ગૌરવ વિસરાય છે. રાજ્ય કરતી પ્રજાના અપલક્ષણમાં તે ભળી શકે છે તેનું ચારિત્ર્ય પોતામાં લાવી શકતી નથી. હારેલી પ્રજાની સમાજરચનાને છિન્નભિન્ન કરી નાખવાનો જીતનાર પ્રજાનો ઉદ્દેશ હમેશાં હોય છે. ભાષા ને સાહિત્ય, આચાર વિચાર, ને રહેણીકરણી બદલાય છે. કોઈ પણ દેશની સંસ્કૃતિ તેના રાજકીય પ્રભાવ અને ધાર્મિક પ્રતિભા ઉપર જ ટકી રહે છે. મહાન થએલી પ્રજા વખતસર ચેતે નહિ તો તેની સંસ્કૃતિનાં જડ-મૂળ જતાં રહેવા સંભવ છે. જીતેલી પ્રજાના ધર્મ અને રીતરિવાજ તેને અપનાવવાં પડે છે. ઉચ્ચનીચનો ખ્યાલ સત્તાના જયવિજય જોડે સંકળાએલો છે. હારેલી પ્રજાની સ્થિતિ દેવાળિયાની છે.

વિલાયતની સંસ્કૃતિએ પ્રથમ તો હિંદુ સમાજને ધક્કો માર્યો. ગુજરાતમાં કહેવત છે કે 'દેવ ગયા ડુંગરે, પીર ગયા મક્કે; અંગ્રેજના રાજ્યમાં ઢેડ મારે ધક્કે.' આર્યો હિંદમાં વસ્યા, મુસલમાનો હિંદવાસી થયા, પણ અંગ્રેજ હિંદવાસી થયા નથી. હિંદમાં રહી અંગ્રેજ પ્રજા હિંદી થઇ ગઇ હોત તો આજનો રાજકીય પ્રશ્ન જુદી જ જાતનો હોત. આપણા આચારવિચાર ઉપર ખ્રિસ્તી પવન વાયો છે. વિજ્ઞાનની ફિલસૂફી અને યંત્રની કાર્યદક્ષતા એ નવા પ્રશ્નો આપણી સામક્ષ ઊભા છે. આર્યોએ સેવેલાં વીજળી અને વરાળનાં યાંત્રિક બળોના સ્વપ્ન આજે આપણી સમક્ષ ખડાં છે. જતે દિવસે અંગ્રેજી રાજ્ય તો જશે પરંતુ અંગ્રેજની સંસ્કારછાપ આપણા ઉપરથી જવાનાં ચિહ્ન હજી નથી.

ગુજરાતના ઘડતરમાં ધર્મનીતિ ને વેપારવણજ મૂળથી છે. વૈશ્યનું સાહસ ને શૂદ્રનો સેવાભાવ એમાં છે. સ્ત્રીઓની સ્વતંત્રતા તેના પાલવે છે. ધર્મ ખોયે આપણે સંસ્કૃતિ ખોઇશું; વેપારવણજ ખોયે આપણે લક્ષ્મી ખોઇશું. વ્યક્તિ સ્વતંત્રતાનો પ્રશ્ન સમાજ સામે ડોળા કાઢે છે. સ્વતંત્રતાની ધગશ વિના સંસ્કાર કે સંસ્કૃતિ કશું યે ટકવું અશક્ય હોય. જ્ઞાનજ્યોત જેવા પંડિતો, સાધુઓ, જ્ઞાન ને ધર્મના પ્રચારકો, કળાકારો ને કારીગરો, ખેડુત ને ખેતી, વહાણ ને વેપાર, એ જ આપણા સંસ્કાર અને સંસ્કૃતિના પાયા છે. [સંપૂર્ણ]

## ચક્ર-રેંટીઓ

(વસંતતિલકા–અનુષ્ટુપ)

વૈકુંઠના અમર ધામ થકી શું આવ્યું?
કે કાર્ય પૂરણ થતાં પળતાં વિમાને
જાતાં ઉતાવળ કરી પ્રભુજી ભૂલ્યા એ,
ને એ રહ્યું ભટકવા સુર કોઈ શોધે?
સૈકા વીત્યા ભટકતાં બહુ દેશદેશે,
ના કોઇ કૃષ્ણ ભગવાન્ સમાન ભાસે;
થાતાં હતાશ મૃતઃપ્રાય દશા મળે ને
આવે ફરી ડરતું ભારતના કિનારે.
આવે અને નિરખતા સુર–તેજ રેખા
ધોતી કલંક–રજ ભારતદેશ કેરી,
પાયે ઢળી કરગરે ઉપયોગ કાજે
ને દેવશ્રેષ્ઠ નર તો હૃદયાશુ થાપે.
મુક્તિભૂખ્યો મહા આત્મા શસ્ત્રને ઝંખતો હતો.
દૈવયોગે મળ્યું આવી, પ્રતાપી ચક્ર એ મહા.

**ચંપકલાલ ડાહ્યાભાઇ વ્યાસ**



## સરૂનો રાજા

મારી ને સરૂની પહેલી ઓળખાણ ખૂબ જ.. ખૂબ જ . . . . શું કહેવાય ? . . . . હા. ખૂબ જ 'રોમૅન્ટિક' રીતે થએલી.

તે દિવસે હું નાનાભાઇને ત્યાં પહેલી જ વાર ગએલો. દીવાનખાનામાં ઊભેલું ત્રણેક ફૂટ ઉંચાઇવાળું એ ટીનકું પ્રાણી મને આજે પણ બરાબર યાદ આવે છે. કુતૂહલ અને આશ્ચર્ય એ બે ભાવોના મિશ્રણથી થતો ભાવ દેખાડતું એનું અરધું ઉઘાડું મુખ, મારા તરફ તાકી રહેલી એની વિશાલ આંખો અને અત્યંત રમણીય એવું એનું અસ્ફુટ સ્મિત મારી આંખ સામે હજી ચોખ્ખાં તરવરે છે. એ સરલા. એની આછી ભૂરી આંખો જેમ એના ગૌરવર્ણ મોઢાને શોભા આપતી હતી તેમ જ એનું કાળું ફ્રૅાક એના ગૌર વર્ણને દીપાવતું હતું. અસ્થિર સરલાની છાતી પર આંદોલન કરતી કાચના પીળા મણકાવાળી માળા પણ એ રંગખીલવણીમાં પોતાનો હિસ્સો આપી રહી હતી. આ બધા રંગોની અનેરી વિલક્ષણતાથી સરૂ દીપી નીકળતી હતી. સરૂ એટલે કોઇની પણ નજર આકર્ષે અને આકર્ષ્યા પછી તેને જીતી લે એવું પ્રાણી હતું.

'આ કોણ છે નાનાભાઈ?' મેં પૂછ્યું. પણ નાનાભાઇ જવાબ આપે તે પહેલાં, હાથીદાંતની પાતળી બંગડીવાળો હાથ પોતાની છાતી ઉપર મૂકી સરૂ કહે 'કોણ હું? હું તો સરૂ છું.' હું ખડખડાટ હસી પડયો ને ત્યારથી હું ને સરૂ દોસ્ત બન્યાં. પાંચ મિનિટને અંતે તો એણે મારા ખોળામાં પોતાનું આસન જમાવ્યું હતું.

'મારાથી કેમ ડરતી'તી?' મેં તદ્દન ગદ્ય ભાષામાં શરૂ કર્યું. હા. ગદ્ય જ તો! બાલસહજ પ્રસાદયુક્ત ભાષા ભૂલી ગયે મને વીસ વરસ થવા આવ્યાં હતાં.

'ગઇ કાલે નાનાભાઇ કહે કે 'હાઉ' આવવાના છે; એટલે હું ડરતી'તી. પણ પછી તો તમે આવ્યા.

હેં! તમે 'હાઉ' છો?'

'હું તો 'ભાઉ' છું સરૂ; 'હાઉ' નથી.'

'ના . . . . હું તો 'હાઉ' જ કહીશ. મને 'હાઉ' ગમે છે. બાને પણ હું કહીશ કે હવે હું રાત્રે વહેલી નઇ સુઉંઉંઉં. 'હાઉ' તો મારા દોસ્ત છે. . . . અને હવે તો હું ફ્રૉક પણ નહિ પહેરૂં. તમે બાને નહિ કહેતા હોં! પછી બા કહેશે કે 'હાઉ' આવશે; એટલે હું કહીશ કે ભલે આવે.' સરૂ તાળી વગાડતી અને હસતી બોલી.

આમ અમારી ઓળખાણ થઇ અને સાંજે લાંબી થતી જતી છાયાની જેમ વધતી ગઇ. નાનાભાઇ હતા તો બાલમાનસશાસ્ત્રી, પણ મારે ને સરૂને જેટલું બને એટલું સરૂને ને નાનાભાઇને ન બને. આમ તો તેઓ સરૂ માટે ઘોડો પણ થતા, અને હું ન હોઉં ત્યારે સરૂના મિત્ર નાનાભાઇ જ. પણ હું આવ્યો એટલે નાનાભાઇ પ્રેક્ષક જ રહે. એક શબ્દ પણ બોલ્યા વગર (સિવાય કે સરૂ બોલાવે) અમારો વાર્તાલાપ સાંભળવામાં એમને ખૂબ રસ પડતો. કોઇવાર એક કલાક પણ અમારો વાર્તાલાપ ચાલતો. એ શ્રવણ-સુખના લાભ માટે નાનાભાઇ પોતાનો સંતોષ અને ઇર્ષ્યા બંને બોલી બનાવતા. મને એ ખૂબ ગમતું.

અમારી દોસ્તી તો વધી. 'હાઉ' એટલે સરૂનો વિશ્વકોશ. 'હાઉ'ને બધું આવડે. સરકસ જોઇ આવી તો પણ પહેલો વિચાર એ આવે કે 'હાઉ'ને એવું આવડે કે નહિ?' અને મેં જ્યારે એમાંથી કેટલુંક કરી બતાવ્યું ત્યારે તો વગર બોલ્યે પણ એના મુખ પરનો ભાવ એવો જ હતો કે 'ઓહોહો 'હાઉ' તો કેટલા હોશિયાર છે!' એના અસંખ્ય પ્રશ્નોના જવાબ આપવાનું મહાભારત કામ કરીને હું એટલો તો ચતુર બનેલો કે કોઇ પણ પરીક્ષક મારી આગળ હાર ખાય; કેમકે સરૂથી અઘરા સવાલ બીજો કોઇ પૂછી શકે એમ હું માનતો જ નથી. એક સવાલ પૂછે; એના જવાબની રાહ જોયા વગર બીજો; એનો શો જવાબ આપવો તે વિચારવાની હું શરૂઆત કરૂં તે પહેલાં ત્રીજો: 'તમે રાત્રે ચશ્મા પહેરીને સુઓ છો? ન પહેરો તો સ્વપ્નાં ન દેખાય ને? મને આજે (એટલે કાલે) રાત્રે એક સ્વપ્નું આવ્યું'તું. હેં પણ 'હાઉ', પેલા 'પટાવાળા'ને આટલા બધા કાગળો કોણ આપતું હશે?'

આ પ્રમાણે જીભને એક ક્ષણ પણ વિશ્રાંતિ આપ્યા વગર સરૂનો ભાષણનો પ્રવાહ અસ્ખલિત વહ્યે જ જતો હોય! જવાબની રાહ ન જુએ અથવા હું જબર-દસ્તીથી વચ્ચે ન પડું ત્યાં સુધી મારે તો શ્રવણભક્તિ જ કરવાની હોય. નાનાભાઇને તો એ જ ગમતું.

૨

એક વરસ માટે મારે મુંબાઇ રહેવાનું થએલું. પહેલી તકે જ્યારે હું અમદાવાદ પાછો આવ્યો. ત્યારે આવીને સીધો ગયો નાનાભાઇને ત્યાં. પહેલો જ પ્રશ્ન એ પૂછ્યો કે સરૂ ક્યાં?


અરધા ઉઘાડા બારણામાંથી સરૂ અંદર આવતી હતી. એક વરસ વીત્યા છતાં સરૂ તો એવડી ને એવડી જ હતી. મને આનંદ થયો. પણ મને જોઇને સરૂ બારણામાં જ થોભી ગઇ. અને ક્ષણ—એક જ ક્ષણ તાકી રહી ને પછી 'એ . . . 'હાઉ' આવ્યા! ઊભા રહો, રાજાને . .' એવું કાંઇક બોલી અંદર દોડી ગઇ. એની કૃતિનો અર્થ હું સમજી ન શક્યો. નાનાભાઇને કુશળ પ્રશ્ન પૂછવા તો બાકી જ હતા ત્યાં તો સરૂ પાછી નીકળી. આવી 'આ મારો 'રાજા' છે.'

એના હાથમાં એક સુંદર બિલાડો હતો. પીંજેલા રૂ જેવું ધોળું મજાનું શરીર હતું. કાનની અણીઓ, પૂછડીનો શરૂઆતનો ભાગ, ડાબી આંખની ઉપલી બાજુ અને જમણું પડખું એટલા ભાગો ઉપર નાના મોટા કાળાભમ્મર ડાઘ હતા. અને આંખો તો બરાબર સરૂ જેવી. સરૂએ એને દાબીને પકડ્યો હતો અને એ બિચારો બધું સહન કરતો હતો. સરૂ પોતાની છાતી ઉપર એનું શરીર ચાંપી એના ગાલ પોતાના ગાલ સાથે ભીડી રાખી ઊભી હતી. બિલાડાની નિરાશ્રિત પૂછડી આમતેમ હાલતી હતી. બંનેનાં મોઢાં ભેગાં આવતાં તેમની આંખોનું સામ્ય મારા ધ્યાનમાં આવ્યું. મેં નાનાભાઇ તરફ પૃચ્છાથી જોયું.

'અમારે ત્યાંની કામવાળી એને લઈ આવેલી. આવ્યો ત્યારે તો આટલું બચ્ચું હતો. હવે કેવો માત્યો છે! સરૂએ એનું નામ 'રાજા' પાડ્યું છે.' નાના-ભાઈએ ખુલાસો કર્યો.

'હં . . અં. તમે વાર્તા કહી'તીને? એ રાજા. અને તમે મને બિલાડી મોકલીને, ત્યારે રાજા પણ આવેલો.'

(અનુસંધાન આગળ પાન ૩૪૮-બમે)



**ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ**


મથાળે ડાબી બાજુથી: (૧) કુંભારવાડો–ચુનીલાલ શિવલાલ ગાંધી, શિવપુરી; (૨) પુરાણા પંથે–ચતુર્ભુજ વલ્લભદાસ, ઘાટકોપર; (૩) વીજળી–નરસિંહ અર્જુન પરમાર, બનારસ. નીચલી હાર: (૧) ખીણનો રાજા–મહેન્દ્ર ચીમનભાઇ પટેલ, વડોદરા; (૨) કાઠિયાવાડની કારીગરી---અરવિંદ મગનલાલ અંતાણી–પૂના; (૩) ભયમાં—પ્રાણલાલ ખેતશી, મુંબાઇ.



**રાણી રૂપમતીની મસ્જિદ**
મિરઝાપુર · અમદાવાદ

સુલતાન મહમુદ બેગડાની રાણી રૂપમતી (રૂપમંજરીએ)એ આ મસ્જિદ પંદરમી સદીના અંતમાં બંધાવ્યાનું કહેવાય છે. હિંદુ અને મુસલમાન સ્થાપત્યની કમાન અને થાંભલાની બાંધણીની ઘણી જ સફળ મેળવણી આ મસ્જિદમાં થઇ છે એમ મનાય છે. એના મિનારા ને ઝરૂખાઓ પરની નકસી તો ઘણી જ ઉત્તમ છે. બંને મિનારાના મથાળાના ભાગ ઇ.સ. ૧૮૧૯ના ધરતીકંપમાં પડી ગયા છે.

# હિંદનાં શિલ્પ-સ્થાપત્ય




અમદાવાદમાં
મુહાફિઝખાંની
મસ્જિદનો એક
પાછલો ટેકો

કોતરણી ઉપરનો અમદાવાદના શિલ્પીઓનો પ્રેમ કંઇ અદ્ભુત છે! દેશમાં ધન અને ધાન્ય પુષ્કળ હશે એમ લાગે છે; અને બધાંને જીવનમાં નિરાંત તથા આરામ હોવાં જોઇએ; નહિતો આટલી બધી કળા ખીલે કેમ અને વિસ્તાર પણ કેમ પામે? સુલતાનો, રાજદરબારીઓ અને ધનવાનો કળાને અતિશય ચાહતા હશે તથા ઉત્તેજન આપતા હશે. શિલ્પીઓના હાથ જ જાણે નિરાંત વાળીને નથી રહેતા. જ્યાં જુઓ ત્યાં એણે રૂપ રૂપ ને રૂપ જ ઊભાં કર્યાં છે. તળાવમાં પાણી આવવાનાં ગરનાળાં—સરખેજ અને કાંકરીઆ ઉપરનાં જુઓ. ત્યાં કોણ નજર કરવા જવાનું હતું? છતાં કોઇ જુએ કે ન જુએ, પણ બધે જ એ હાથ સુંદર કોતરણી કર્યા જ કરતા હતા. કવિને કવિતા કરવામાં જ આનંદ આવે છે; કોઇ એ કવિતા સાંભળશે કે નહિ સાંભળે એનો એને ક્યાં વિચાર કે પરવા હોય છે? પંડિતો કહે છે કે પક્ષીઓ એમની માદાઓને બોલાવવા ગીત ગાય છે. પણ મને લાગે છે કે પંડિતો સૃષ્ટિમાં જે સતત આનંદ વહ્યા કરે છે તેનાથી બેખબર છે. તદ્દન કારણવગર એકલાં બેઠાંબેઠાં ઘણાં યે પંખીઓ મધુર ગીતો કેવળ ગાવાની ખાતર ગાય છે. આ અમદાવાદના શિલ્પીઓ પણ એ પક્ષીઓ જેવા, કેવળ નિજાનંદ માટે કવિતાઓ ગાનારા કવિઓ જેવા છે.

અહમદશાહે અમદાવાદમાં અને ગુજરાતમાં શિલ્પ-સ્થાપત્યને ખૂબ આદર આપ્યો; અને ધીમેધીમે એ કામ ૧૫મી અને ૧૬મી સદી સુધીમાં તો સફાઈ અને સૌંદર્યમાં ઘણું જ સુધરતું ગયું; અને મહમદ બેગડાના વખતનાં કામ તો અગાઉના કરતાં ઘણાં ચડિયાતાં થયાં. એના જેવો શિલ્પવિદ્યાનો ભક્ત તો એ સમયમાં બીજો કોઇ થયો નથી.

અમદાવાદમાં આસ્તોડિયા દરવાજા પાસે આવેલી રાણી સિપ્રીની મસ્જિદ અતિ નાજુક અને સુંદર છે. એના ટોડા બીજાની જેમ અંદર સીડીવાળા પોલા નહિ પણ નાના અને નક્કર છે, કારણકે એ મકાનની આખી રચના જ એવી નાજુક છે કે જુમા મસ્જિદ જેવા ટોડા ત્યાં મોટા પડે એમ છે. આ મસ્જિદપરની કોતરણી બહુ જ ઝીણી ને મનોહારી છે, અને 'જગતભરનાં સર્વોત્કૃષ્ટ મકાનો'માં તેની ગણતરી એક કલાકોવિદે કરી છે. સારંગપુરમાં આવેલી બીજી એક રાણીની મસ્જિદનાં બાંધકામ અને કોતરણી જોતાં એ સિપ્રીની પહેલાંની હોય એમ લાગે છે. સારંગપુર દરવાજા બહાર આવેલા મલેક સારંગની મસ્જિદ અને




મુહાફિઝખાંની મસ્જિદના મીંબર (વ્યાખ્યાનપીઠ) પરનું પથ્થરનું ઉત્કૃષ્ટ કોતરકામ

રોજો પણ આ જ સમયમાં બંધાયાં લાગે છે. એ મલેક સારંગ ઉપરથી જ એ જિલ્લાનું નામ સારંગપુર પડયું છે.

મિરજાપુરની રાણી રૂપમતીની અતિ રૂપવતી મસ્જિદ પણ મહમદ બેગડાના સમયની છે. એ અને દિલ્હી દરવાજા ચકલા પાસેની મુહાફિઝખાંની મસ્જિદ બંને બહુ જ પ્રમાણસર ઘાટની અને ઉચ્ચ પ્રકારની કોતરણીથી વિભૂષિત છે. લાલ દરવાજા પાસેની સીદી સૈયદની મસ્જિદની જાળીઓ તો જગવિખ્યાત છે. દુનિયાભરમાં એ અજોડ મનાય છે. આ જાળીઓ કોતર્યા પછી અમદાવાદના શિલ્પીઓએ જીવન પરિપૂર્ણ થયું માન્યું હશે. એમની કળા પણ સહસ્રદળ કમળની માફક આ સ્થળે ખીલી છે. મહાન કળાને ટીકાકારોની જરૂર નથી. આ સ્થળે બાળક કે વૃદ્ધ, પંડિત કે મૂર્ખ, કોઇપણ જાય. ત્યાં કોઇના પણ વિવેચન વગર એ જાળીઓ તેમને મુગ્ધ કરી નાખશે! સૌ પોતપોતાના ગજા પ્રમાણે ત્યાંથી આનંદ લઇને આવશે. કલાવિવેચનના વિખ્યાત ત્રૈમાસિક 'રૂપમ્'ના તંત્રી શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીને એ બતાવી ત્યારે એ કહે: 'મેં આના ઘણાં ચિત્રો ને ફોટોગ્રાફો જોયાં હતાં, પરંતુ આ ખરી જાળીઓ જોતાં એની સર્વોત્કૃષ્ટતાનો જેવો ખ્યાલ આવે છે તેવો ચિત્રોથી બીલકુલ આવ્યો ન હતો.' મુસલમાની ધર્મની સખ્ત મનાઇને લીધે અમદાવાદના શિલ્પીઓથી મનુષ્યાકૃતિઓ, મૂર્તિઓ કે દેવદેવીની પ્રતિમાઓમાં પોતાની કલ્પનાશક્તિ કે હૃદયના ભાવો બતાવી શકાતાં ન હતાં, ત્યારે એમણે એવા સંજોગોમાં પોતાની પ્રતિભા મકાનોના ઉઠાવમાં, જાળીઓની ઉત્કૃષ્ટતામાં, બારીઓની રચનામાં અને ફૂલપાનનાં લાવણ્ય કોતરવામાં બતાવી. ભૂમિતિના આકારોમાં એમણે તરેહતરેહની અસંખ્ય રચનાઓ રચી અને સજીવ ચિત્રોને જ્યારે એ ચેતનથી નૃત્ય ન કરાવી શકયા ત્યારે ભૂમિતિની આકૃતિઓને એમણે જાણે રાસ રમાડયા ને નૃત્ય નચાવ્યાં. એક રસમીમાંસક લખે છે કે અમદાવાદની કોતરણીમાંની ભૂમિતિની આકૃતિઓમાં મસ્તી ને આવેશ ભર્યાં છે, અને એ જાણે ઘેલી બનીને નાચતી હોય એમ લાગે છે સીદી સૈયદની આ જાળીઓ પાસે મેં ઘણો વખત ગાળ્યો છે, છતાં એ અમૃત પીતાં કદી ધરાયો નથી. હજારો વખત હું એ માર્ગે ગયો હોઇશ, પણ એકકે વખત એ જાળીઓ તરફ ઝડપી પણ નજર રાખ્યા વગર હું રહ્યો નથી. એટલી બધી વાર જોયા છતાં મારો રસ ઘટતો નથી પણ ઊલટો વધે છે. સંધ્યાકાળે જ્યારે સૂર્યાસ્તના રંગો પશ્ચિમને રંગી દે છે ત્યારે આ જાળીઓમાંથી આકાશ જોવું એ સ્વર્ગીય સુખનો અનુભવ કરવા જેવું છે. જાળીઓની આગળનું બાંધકામ પણ પ્રમાણબદ્ધ, આછા અલંકારોવાળું અને યથાયોગ્ય છે. ટોડા પર નાનીનાની જગ્યાઓમાં વહેતી આકૃતિઓ છે, કાલ્પનિક રસિલાં વૃક્ષો છે અને કંદોરા તથા કિનારો પણ સુંદર છે.

અમદાવાદની પૂર્વ ભાગોળે આવેલી દાદા હરિની વાવ તથા થોડે દૂર અડાલજની વાવ બહુ સરસ છે. ગરમ દેશોમાં મુસાફરોનાં સુખને માટે આવી વિશાળ, શીતળ અને સુંદર કોતરણીથી ભરપૂર વાવો બાંધવાનું પુણ્યકાર્ય આપણા દેશ સિવાય બીજે કયાંય પણ થયું હોય એમ મારા જાણવામાં નથી. દાદા હરિની વાવ સુંદર છે, પણ અડાલજની એનાથી ત્રણ ગણી





ઉપર : અડાલજની વાવમાંનો એક ગોખ. બાજુએ : દાદા હરિની વાવમાંનો ગોખ. જેમાંની હંસની કોતરણી, સજીવ આકૃતિઓ શિલ્પમાં ઉતારવાની ઇસ્લામ ધર્મની મનાઇનું પાલન કડક રીતે શરૂ થયા પહેલાંની હિંદુ શિલ્પની સાફ અસર બતાવે છે.


મનોહર છે. અને હજી તો એ અધૂરી રહેલી છે; છતાં છે એટલું કામ અત્યંત સુરુચિવાળું અને સંપૂર્ણ છે. અમદાવાદથી નાની લાઇનમાં સાબરમતી પછીના બોડિયાર સ્ટેશને ઊતરીને ત્યાંથી ત્રણ માઇલ પગરસ્તે જવાથી અડાલજ આવે છે. એ ગામ બહુ પ્રાચીન છે અને ત્યાં ખોદકામ કરતાં અત્યારની ઇંટોના કરતાં ચારચાર ગણી મોટી ઇંટો મળે છે. મહેમદાવાદમાં ભમરીઓ કૂવો પણ બાંધકામના કૌશલ્યની દૃષ્ટિએ જોવાલાયક છે. એ પણ આ વાવોના જ સમયનો છે.

જમાલપુર દરવાજા બહાર બાબા લુલુઈની મસ્જિદ અને શાહીબાગમાં ચિસ્તીની મસ્જિદ તથા રોજો નદી કિનારે હોવાથી જોઈ આવવા લાયક છે. એ બધામાં મુખ્ય કારીગરી લગભગ એક જ જાતની હોવા છતાં થોડી થોડી વિગતોમાં ફેર છે. દૂધેશ્વર પાસેના અચ્યુતબીબીના રોજા વિષે તો ઉપર જણાવ્યું છે.

દરિયાખાનનો ઘુમ્મટ દૂધેશ્વરની પાણીની ટાંકી પાસે છે તે, જેવો એનો બાંધનાર લૂંટફાટનો ધંધો કરતો એવો જ કરડો લાગે છે. પરંતુ તેમ છતાં ઇંટોથી કરેલું આવા મોટા ઘુમ્મટનું મજબૂત કામ સ્થાપત્યની દૃષ્ટિએ જોવાલાયક ગણાય. તે બીજાપુરના ઘુમ્મટથી જ માત્ર ઊતરતો છે અને એના જેવો બીજો કોઇ ઘુમ્મટ હિંદભરમાં નથી. અઢારમી સદીનાં મકાનોમાં શાહપુરની કાજીજીની મસ્જિદ બહુ જ સુંદર ગણાય. એ તો જેણે ન જોઇ હોય તેને જોઇ આવવાની હું ખાસ ભલામણ કરૂં છું. અમદાવાદમાં ઇસ્લામી ધર્મને માટે બંધાએલાં ધર્મોના સ્થાનોમાં આ સૌથી છેલ્લી છે અને તેથી જ સરસ છે.

ભદ્ર પાસેનું પોસ્ટ ઑફિસવાળું મકાન છેક મોગલ સમયમાં બંધાયું છે, અને જ્યારે અમદાવાદના સંગ્રહસ્થાન તરીકે એ વપરાવા માંડશે ત્યારે સોના ને સુગંધનો યોગ થશે. એની અંદરનાં ભોંયરાં અને પાણીનો હોજ નીચે ઊતરીને જોઇ આવવા લાયક છે.

હાલ જ્યાં ઉત્તર વિભાગના કમિશ્નર રહે છે તે શાહીબાગનો મહેલ બાદશાહ જહાંગીરના વખતમાં યુવરાજ શાહઆલમ જ્યારે ગુજરાતનો સૂબો હતો ત્યારે એને રહેવા માટે સુંદર, ભવ્ય અને ઘાટીલો બાંધવામાં આવેલો. તાજમહાલ બાંધનાર અને દિલ્હી આગ્રાને કલામય મકાનોથી ભરી દેનાર એ સંસ્કારી





**સરખેજનો રોજો : તળાવ ઉપરથી રોજાનાં મકાનો**

સરખેજ ગામ અમદાવાદથી છ માઇલ દક્ષિણે નદીને સામે પાર આવેલું છે. ત્યાં અમદાવાદની સ્થાપનામાં મદદ કરનાર સંત અહમદ ખટ્ટુ ગંજબક્ષની દરગાહ છે. શેખ અહમદ ખટ્ટુની ગણત્રી હિંદુસ્તાનના મોટા સંતોમાં થાય છે. એમનો આ રોજો તથા મસ્જિદ અહમદશાહના પુત્ર મુહમ્મદશાહ તથા તેના પુત્ર કુત્બુદ્દીને બંધાવ્યાં છે. આ રોજો ગુજરાત આખાના એ જાતના રોજાઓમાં સૌથી મોટો છે અને એની જાળીઓની કોતરણી અતિશય સુંદર છે. મસ્જિદ એની સાદાઇને માટે આગ્રાની મોતી મસ્જિદ સાથે સરખાવાય છે. અહમદ ખટ્ટુના રોજાની સામે જ બાદશાહ મહમુદ બેગડાની અને એના વંશજોની કબરો છે. એની પાછળ મોટું તળાવ છે. એ તળાવને નૈઋત્ય ખૂણે બાદશાહી મહેલ તથા જનાનાનાં ખંડિયેરો છે. પહેલાં તો આખા તળાવને ફરતાં મકાનો હતાં. સરખેજનાં એ મકાનોનો સમૂહ તેની ગોઠવણીમાં ઘણો મનોહર ગણાય છે.

બાદશાહ શાહજહાંને શિલ્પકળા તરફનો પ્રેમ આમ ગુજરાતે કરાવ્યો હોય તો ગુજરાતને માટે એ ગૌરવનો વિષય છે.

જમાલપુરની મીલ પાસે આવેલો અચુ તોરાબનો રોજો અકબર બાદશાહના વખતમાં બંધાયો હતો. એનો ઘાટ નાજુક છે, થાંભલીઓ સુંદર ને ઘુમ્મટ પણ પાતળો ને રોનકદાર છે. ત્યાં મહમ્મદ પયગંબર સાહેબનાં પગલાં થોડો વખત રાખવામાં આવ્યાં હતાં. ઔરંગઝેબ યુવાવસ્થામાં જ્યારે ગુજરાતનો સૂબો હતો ત્યારે એણે સરસપુર પાસે આવેલું જૈનોનું એક સુંદર ચિંતામણનું મંદિર ખંડિત કર્યું હતું. એ વખતે ત્યાંની ભવ્ય અને મોટી મૂર્તિ જૈનોએ ખસેડી દીધેલી, જે હાલ ઝવેરીવાડમાં એક મંદિરના ભોંયરામાં છે. ફરી શાહજહાંના ફરમાનથી એ મંદિર રાજ્યને ખર્ચે દુરસ્ત કરાવવામાં આવ્યું હતું; પણ ઔરંગઝેબે ગાદીએ આવીને ફરી એ દેવળ તોડ્યું. એ નગરશેઠનું બાંધેલું હતું. એ મંદિરનાં ખંડેરો હજી પણ નરોડા તરફ ઊતરવાના રેલવે ઉપરના પુલના છેડા પર જમણી બાજુએ છે.

અંગ્રેજો આવ્યા તે પહેલાં ગાયકવાડ અને પેશ્વાના હાથમાં અમદાવાદ રહેલું. પેશ્વાના વખતમાં આસ્તોડિયા ને જમાલપુર દરવાજાની વચમાં આવેલા ગંગનાથ મહાદેવ ને ભદ્રની અંદર તથા બહારનાં કેટલાંક મંદિરો બંધાયાં. ભીમનાથ મહાદેવનું મંદિર, જે ઘાટમાં દક્ષિણનાં મંદિરો જેવું લાગે છે એ પણ મરાઠા

શાહપુર (અમદાવાદ માં આવેલી હસન મુહમ્મદ ચિશ્તીની મસ્જિદ એ ગુજરાત સલ્તનતના બાદશાહોના સમયમાં બંધાએલી છેલ્લી મસ્જિદોમાંની એક છે. અમદાવાદની બીજી મસ્જિદો કરતાં આની બાંધણી જુદી પડે છે અને તેના અલંકારોનું કામ ઉત્તમ મનાય છે. એના ગોખની નકશી અમદાવાદભરના ગોખોમાં સર્વોત્તમ ગણાય છે અને લાકડાની નકસીના ફરનિચર માટે તેની નકલો થએલી છે. એમાંના બે ગોખ ઉપર આપ્યા છે.

સત્તા દરમિયાન બંધાયું હશે. ભદ્રકાલિ માતાની સ્થાપના પેશ્વાઓએ કરી અને ગાયકવાડની હવેલી જેમાં હાલ પોલિસ કોર્ટ્સ છે તે ગાયકવાડે બાંધી. ડાકોરનું રણછોડજીનું મંદિર પણ આ જ અરસામાં બંધાયું છે.

અંગ્રેજી રાજ્ય થયા પછી આપણા જૂના વિચારો પર પશ્ચિમના વિચારોનો જબરદસ્ત ધસારો આવ્યો અને એમાં જમાનાથી પોષાએલી આપણી રસવૃત્તિ તથા કલાભક્તિને પણ આઘાત પહોંચ્યો. તેમ છતાં સ્વામીનારાયણનું મંદિર ને હઠીસિંહનાં મંદિરો ઇ.૧૮૬૦ દરમિયાન બંધાયાં. સ્વામીનારાયણના મંદિરનો ઘાટ, તેના વિશાળ ચોક, મઠ, દરવાજા અને કથાની જગ્યાઓ, બધું ભવ્ય, ઉત્તમ કારીગીરીવાળું અને સુઘટિત છે. ત્યાંનું લાકડા પરનું કોતરકામ, એમણે કચ્છના કારીગરો બોલાવીને કરાવેલું છે. સ્તંભોમાં એમણે ગ્રીકની ડોરિયન ઢબ લીધી છે, છતાં માળાના બેરખા, સ્વસ્તિક, ચોકડીઓ, પક્ષીઓ વગેરે કોતરીને એને સ્વદેશી બનાવ્યા છે. કથામંડપની આગળનું લાકડા પરનું કોતરકામ બહુ જ વિવિધતાવાળું ને બારીક છે. અંદરના ભાગમાં સહજાનંદ સ્વામીની એક લાકડાની મૂર્તિ સ્વામીનારાયણ સંપ્રદાયના જ એક અનુયાયીએ જૂની વિદ્યા અનુસાર બનાવેલી છે. એની કાષ્ઠ-મૂર્તિ વડતાલમાં પણ છે. વડતાલનું મંદિર અમદાવાદની જ ઢબે બંધાયું છે. સાબરમતી તીરે નારાયણઘાટ ને ભીમનાથના ઓવારા તો પચાસેક વર્ષ પર જ બંધાયા છે. દક્ષિણે જમાલપુર બહાર આવેલો સપ્તર્ષિનો ઓવારો તેના કરતાં જૂનો છે.

હઠીસિંહનાં સુંદર મંદિરો તો છેક હમણાં પોણોસો વર્ષ પહેલાંની આપણી શિલ્પવિદ્યાની સ્થિતિનો ખ્યાલ આપતાં ઊભાં છે. આપણી દહેરાં બાંધવાની કળા હજી નાશ પામી ન હતી. પારકા લોકો પાસેથી જે કંઇ શીખી શકાય એવું શીખવા શિલ્પીઓ તૈયાર રહેતા. વિલાયતી જાડા ઘાટો પણ નવા હોવાથી આપણા શિલ્પીઓને આકર્ષણ કરતા. જૂનાને જ વળગી રહેવું

એવા જક્કી એ લોકો કદાપિ માલૂમ નથી પડ્યા. હઠીસિંહનાં દેવળોનાં બહારનાં મકાનોના ઘાટ તદ્દન જંગલી વિલાયતી છે. કોઇ બ્રાહ્મણ પીતાંબર પહેરીને, ત્રિપુંડ તાણીને, સાહેબ લોકોની ટોપી પહેરીને ફરતો હોય એવું એ અંદરના મંદિર તથા બહારનાં મકાનોનું મિશ્રણ લાગે છે. પણ એવી વર્ણસંકરતા તો આપણા જીવનનાં તમામ ક્ષેત્રોમાં તે વખતે આવતી હતી. તેમ છતાં અંદરનાં મંદિરોની રચના શુદ્ધ આર્ય શિલ્પ-શાસ્ત્રને અનુરૂપ છે. દેવળોની બહારની આકૃતિઓ સુંદર અને લાવણ્યવાળી છે. શિલ્પમાંની નૃત્યમૂર્તિઓ-માં હજી પણ આનંદસમાધિ અને ભક્તિરસ જણાય છે; અંગમરોડમાંની વહેતી રેખાઓ હજી યે ઊછળતાં ચેતન દર્શાવે છે; એ કોમળ મુખો હજી પણ કમળો જેવાં સુંદર લાગે છે. ગુજરાતી સ્ત્રીઓનું સૌન્દર્ય એમાં ઊતર્યું છે. ઉચ્ચ સંસ્કાર, ઠરેલપણું અને સુરૂચિનો અહીંની કોતરણીમાં પાર નથી. અસલની અલંકારોની પ્રીતિ, આકારો ને ભાતોની વિપુલતા તથા જાળીઓની વિધ-વિધતાનાં પુષ્કળ પ્રમાણ અહીં છે.

જૈનોની મંદિરો બંધાવવાની હદબહારની પ્રીતિને લીધે ગુજરાતમાં શિલ્પીઓને સતત ઉત્તેજન મળ્યા જ કર્યું છે. પાલીતાણાનાં મંદિરોના જીર્ણોદ્ધાર ચાલુ થયાં જ કર્યા છે, અને પાનસર, ભોયણી વગેરે સ્થળોએ સ્થપતિઓ તથા શિલ્પીઓને કામ મળ્યાં જ કર્યું છે. હઠીસિંહનાં મંદિરો બાંધનાર શિલ્પીનું નામ પ્રેમચંદ સલાટ હતું. આપણે ત્યાં ભરેલી આટલી બધી શિલ્પ-સમૃદ્ધિના વિધાયકોમાંથી માત્ર એ એક પ્રેમચંદનું નામ આપણે જાણીએ છીએ. બાકીના મહાન સ્થપતિઓ અને શિલ્પકારોનાં માત્ર કામ જ રહ્યાં છે. એમણે પોતાનાં નામનાં સ્મરણો રખાવવાની બિલકુલ દરકાર કરી નથી. લક્કડકામ કરનારામાંથી પણ કોઇનાં નામ આપણે જાણતા નથી.

હઠીસિંહના દેવળ પછી જૈનોનાં મંદિરો સ્થળેસ્થળે બંધાતાં રહ્યાં છે. અમદાવાદમાં ગુલાબજી અને રવિકરણ એ બે સોમપુરા બ્રાહ્મણો જૈન મંદિરોમાં કામ કરતા હતા. ગુલાબજીની પૂતળીઓ અને પૂતળાં શરીરરચના-શાસ્ત્ર અનુસાર બન્યાં. રતનપોળમાં ઘડિયાળીની પોળમાં એમની કરેલી પૂતળીઓ હજી ઊભી છે અને ફતાશાની પોળ આગળના જૈન મંદિરની કમાન એમની કરેલી છે. એમાં એમની પોતાની છબી પણ ઘણું કરીને કોતરી છે. એ ગુલાબજીના કરેલા ફતાશાની પોળમાંના બારમા વાસુપૂજ્ય સ્વામીના મંદિરનું જડિત કામ, સ્તંભો, આરસની પૂતળીઓ અને દહેરીઓ બધું 'નવી ફૅશન'નું છે. નવી ફૅશનમાં અંગ્રેજી ચર્ચના ઘાટ, પૂતળી-ઓ પણ સીધી ને છબીઓ પડાવવા ઊભી હોય એવી તથા મડમો આપણા ડ્રેસ પહેરીને આવી પહોંચી હોય એવી બની છે. આમાં અંગ્રેજી શિલ્પીઓનું માત્ર અનુ-કરણ છે અને ચિત્રમાં જેમ રવિવર્માએ કર્યું તેમ અમદાવાદના શિલ્પમાં ગુલાબજીએ કર્યું છે. આ બધું છતાં એણે એટલું દર્શાવી આપ્યું છે કે ગુજરાતમાં શિલ્પવિદ્યા જીવે છે અને યુરોપિયનોના જેવું જ કામ થોડા ખર્ચે અહીં થઇ શકે છે.

ખેતરપાળની પોળમાં પેસતાં સામે એક જૈન મંદિર છે. એમાં સ્તંભો, ચોકનો ગાલીચો અને ભીંતો જોવા-લાયક છે. તાજમહાલમાં કબરો અને જાળીઓ ઉપર જેવું જડિતકામ છે તેવું જ જડિતકામ અહીં રવિ-કરણ શિલ્પીએ પોતાની દેખરેખ નીચે કરાવ્યું છે. આ માટે ખાસ આગ્રા ને જયપુરના કારીગરો બો-લાવવામાં આવ્યા હતા. એમાં જડેલા કેટલાક રંગીન પથ્થરો તો સોળસોળ ને સોસો રૂપિયે શેરની કિંમતના છે. પક્ષીઓ, વેલો, છોડ અને ભૂમિતિના આકારો, તમામ રંગીન જડેલા કિંમતી પથ્થરોથી બનાવ્યાં છે. મંદિરમાં બારણા પાસે બેસીને એ બધો મંડપ જોવો તે સૌંદર્યનું એક નાનકડું પણ સંપૂર્ણ દર્શન કરવા જેવું છે.

એ સ્વ. રવિકરણના એક શિષ્ય જગન્નાથ અંબા-રામને આવાં મંદિરો બાંધવાનો અને જડિતકામ કે કોતરકામ કરાવવાનો અનુભવ છે ને છુટક છુટક કારી-ગરોને મેળવી આખું કામ ઊભું કરવાની યોજના એ હજી પણ સ્થપતિ પ્રમાણે કરી શકે છે. પણ હવે આપણી રસવૃત્તિ બદલાઈ ગઇ છે. સીમેન્ટ અને ઈંટોથી થતાં કામમાં એમની બુદ્ધિ કામ આવે એમ નથી. એટલે આખરે એમણે મ્યૂનિસિપાલિટીની ગટરની ખાળોના પથ્થર ઘડવાનો કોન્ટ્રૅક્ટ લીધો હતો એ મને યાદ છે! પણ એમાં યે એમને ખોટ ગઇ હતી! નાગજી ભૂધરની પોળના જૈન દેરાસરના બારણામાં ઇંદ્રઇંદ્રાણી પીળા આરસ પથ્થરમાં બનાવેલાં છે તે એ જગન્નાથ મિસ્ત્રીના હાથનું કામ. તેમણે પોતાના પિતાની ઉઘાડા શરીર-

વાળી મૂર્તિ બનાવેલી તેમાં બારીક નસો, હાડકાં, માંસપેશીઓ વગેરે શરીરની રચના અનુસાર કર્યું હતું. ગુજરાત સાહિત્ય સભાના એક પ્રદર્શનમાં તે મૂકવામાં આવેલું.

એવા જ એક બીજા સોમપુરા મિસ્ત્રી દલસારામ ખુશાલદાસે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રેમાભાઇ હૉલની અગાશીમાં મૂકવામાં આવેલી સરસ્વતીની મૂર્તિ ઘડેલી છે. પાંચકૂવા દરવાજા બહાર આવેલા ફુવારા ઉપરની મૂર્તિ હળવદના વિખ્યાત સોમપુરા સલાટ ગોરધનદાસની બનાવેલી છે. એણે અમદાવાદમાં નીલકંઠ મહાદેવની અંદરની પથ્થરની મૂર્તિઓ ફક્ત દોઢ દિવસમાં તૈયાર કરેલી, એ ઉપરથી એના હાથમાં કેટલી ઝડપ હતી તેનો ખ્યાલ આવી શકશે.

ધ્રાંગધ્રાના બીજા કારીગર સોમપુરા હરિશંકર શિવશંકરે શામળાની પોળના જૈન મંદિરમાં ગુલાબજીના જેવી પથ્થરની મૂર્તિઓ બનાવી છે. માણેકચોકમાં શેરબજાર સામેના આરસના ફુવારા ઉપરની આરસની મૂર્તિ આપણા અમદાવાદના રહીશ અલ્લુમિયાંએ કરેલી. તે મૂર્તિનું જ કામ કરતો. અમદાવાદમાં મુસલમાન સલાટો પણ સારા કારીગર હતા ને એમને ત્યાં આપણા સંસ્કૃત શિલ્પશાસ્ત્રનાં પુસ્તકો પણ મેં જોએલાં છે.


આમ, ગુજરાતની શિલ્પવિદ્યા, સ્થાપત્યકૌશલ, કલામય ભુવનમંડાણ અને મૂર્તિવિધાન, ડૂબતું તરતું, ડૂબતું તરતું, હજી જીવે છે. એને હાથમાં લઇ રાષ્ટ્રજીવનને પોષક બનાવવું એ આપણો ધર્મ છે. આપણાં રહેવાનાં ઘર આનંદ આપનારાં બને, શાળા–કૉલેજો, લાયબ્રેરીઓ, ટાઉનહૉલો ને સંગ્રહસ્થાનો ઊછરતી પ્રજાને પ્રેરક થાય અને રાષ્ટ્રમંદિરો નવી ભાવનાઓને પોષે તથા જીવનને ઉન્નત કરે તો આપણું ભવિષ્ય સુધર્યા વગર રહે જ નહિ. કેળવાએલા વિદ્વાનોને અને ધનવાન શહેરીઓને વિનંતી છે કે એઓ આપણાં શિલ્પ ને સ્થાપત્યના ઉદ્ધારકાર્યમાં હિસ્સો આપે.

(ચાલુ) હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ

## બૂમરૅંગ

'બૂમરૅંગ'ની આ એક રમત છે. એ બૂમરૅંગ એક એવી ચીજ છે કે તમે ફેંકો એટલે હવામાં ફરતુંફરતું અમુક અંતર સુધી જઇ-પાછું તમારી પાસે જ આવીને પડે!

બૂમરૅંગ બનાવવા માટે એક પોસ્ટકાર્ડ જેવું પૂઠું લો; —બહુ જાડું નહિ. પછી ચિત્રમાં બતાવેલી પહેલી ત્રણ આકૃતિમાંથી ગમે તેના જેવી એક મોટી આકૃતિ તેમાં સરસરીતે ચીતરી તે કાતર કે તીક્ષ્ણ ચપ્પુથી કાપી કાઢો. પૂઠું તદ્દન સપાટ હોવું જોઇએ ને તેના ખૂણા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ગોળ હોવા જોઇએ. કાપતી વેળા લીટીઓ કરકરિયાળી ન થઈ જાય તેની સાવચેતી રાખવી, નહિતો બૂમરૅંગ બરોબર કામ નહિ આપે. વળી તેના ખૂણા ચિત્ર પ્રમાણે બરાબર ગોળ કરવાનું ખાસ ધ્યાનમાં રાખવું; નહિતો બૂમરૅંગ પાછું નહિ આવે.




બૂમરૅંગ તૈયાર થઈ જાય એટલે ચિત્ર નં. ૪માં બતાવ્યા પ્રમાણે કોઇ ચોપડી કે પૂંઠા પર તે રાખી, ચોપડી ડાબા હાથમાં પકડો. પછી જમણા હાથમાં પેન્સિલ લઈ બૂમરૅંગને જોરથી ઝટકો મારો. તે હવામાં તરતું તરતું દૂર જશે ને ફરી પાછું હતું ત્યાં જ આવીને પડશે! જો એ બરોબર પાછું ન આવે તો કાપવામાં ક્યાંક ભૂલ થઇ હશે અથવાતો પૂઠું જાડું હશે.

પણ એ બૂમરૅંગ પાછું શાથી આવે છે? બૂમરૅંગની રચના જ એવી છે કે તેના અમુક ભાગ પર હવા વધારે દબાણ કરે છે. તેથી તે વધતાઓછા પ્રમાણમાં ફરતુંફરતું આઘે જાય છે. શરૂઆતમાં જ્યારે તે પૂર વેગમાં જાય છે ત્યારે સીધું જાય છે, પણ વેગ ઢીલો થયા પછી તે ગોળાકાર લે છે ને મોટું કે નાનું ચક્કર લઇ મૂળ જગ્યાએ પાછું ફરે છે. ઑસ્ટ્રેલિયાના જંગલીઓ બૂમરૅંગને હથિયાર તરીકે વાપરે છે. તેઓ લોઢાનાં તીણાં બૂમરૅંગ વડે પશુપક્ષીઓનો શિકાર કરે છે. કહે છે કે એ લોકો તો ઝાડ પાછળ સંતાઇને ઊભેલા માણસ પર પણ બૂમરૅંગ ફેંકી તેને મારી શકે છે. બૂમરૅંગ ફરતુંફરતું જાય ને ઝાડ પાછળ ઊભેલા માણસને મારી પાછું ચાલ્યું આવે!

આપણે મહાભારતમાં વાંચીએ છીએ કે અર્જુનનું બાણ દુશ્મનને ઘાયલ કરી પાછું ચાલ્યું આવતું. આ બૂમરૅંગને ધ્યાનમાં લેતાં એ કંઇ અશક્ય નથી લાગતું.

[ કરાચીની પ્રશસ્ય રાષ્ટ્રીય શાળા 'ભારત સરસ્વતી મંદિર'ના વિદ્યાર્થીઓ તરફથી નીકળતા હસ્તલિખિત 'બાલકુમાર'નો દસમા વર્ષનો પહેલો અંક તેમણે સાઈક્લોસ્ટાઇલથી કાઢેલો. તેમાંના કેટલાક સુંદર લેખોમાંની એક વાનગી ]

# સ્મરણયાત્રા

## ૩૭][ઉપાસ્ય સ્વયંવર

લોકમાન્ય તિલકે હિંદુ ધર્મની વ્યાખ્યા કરતાં એક શ્લોક ઘડી કાઢ્યો છે:

प्रामाण्यबुद्धिर्वेदेषु, साधनानामनेकता।
उपास्यानां अनियमः, एतद् धर्मस्य लक्षणम् ॥

આ શ્લોકમાં હિંદુ ધર્મની ઉદારતા અને વિશેષતા આવી જાય છે. ઇશ્વરને ઓળખવાનાં ને મેળવવાનાં સાધનો અનેક છે, કેમકે માણસનો સ્વભાવ વિવિધ છે. અને એકેશ્વરવાદી હિંદુ ધર્મમાં ઉપાસ્ય દૈવતો પણ અનંત છે, કેમકે ઇશ્વરની વિભૂતિનો અંત નથી. સાધન ને ઉપાસ્યની બાબતમાં કુલધર્મ પણ આડે આવતો નથી. ઘણીવાર એમ જોવામાં આવે છે કે માણસનો કુલદેવ જુદો ને ઉપાસ્યદેવ જુદો. પોતાનું ઉપાસ્ય પોતાની અભિરુચિ પ્રમાણે માણસે પસંદ કરવાનું હોય છે.

મને જનોઇ મળી તે પહેલાં જ, એટલે બહુ જ નાની ઉમરે મને મારૂં ઉપાસ્ય પસંદ કરવાનું સૂઝ્યું. ધર્મનું ઊંડું રહસ્ય જાણ્યા વગર પૌરાણિક વાર્તાઓ પરથી જ મારે એ સ્વયંવર કરવાનો હતો. અમારાં કુલદેવ મંગેશ, મહારુદ્ર અને મહાલક્ષ્મી. મહાલક્ષ્મી એ વૈષ્ણવી શક્તિ પણ હોઇ શકે છે અને શૈવી શક્તિ પણ હોઇ શકે છે. મંગેશની વ્યુત્પત્તિ હજી નક્કી નથી થઇ. કેટલાક માને છે કે આદિમાયા પાર્વતીએ જંગલમાં વાઘથી બ્હીને ‘ત્રાહિમાં ગિરીશ’ એવી ચીસ પાડી. બીકથી વાણી અસ્પષ્ટ થવાથી ‘ત્રાહિમાં ગીશ’ એવો જ ઉચ્ચાર થયો. મહાદેવને એ જ નામ ગમી ગયું, અને ‘માંગીશ’ ઉપરથી ‘મંગેશ’ થયું. મને પોતાને આ પૌરાણિક વાર્તા પર વિશ્વાસ નથી બેસતો. હું તો ‘મંગલેશ’નું જ ‘મંગેશ’ કરૂં છું. ગમે તેમ હોય, શિવશક્તિ એ અમારાં કુલદૈવત ખરાં.

પણ આગલા એક પ્રકરણમાં કહી ગયો તેમ પંઢરપુરના વિઠોબા પર મારી ભક્તિ સૌથી પહેલી ચોંટી ગઇ. ગોંદુ પર પણ એ જ અસર થયેલી. એટલે અમે બંને જણાએ પિતાશ્રી પાસે ‘હરિવિજય’ની માગણી કરી. ‘હરિવિજય’ એ ભાગવતનો સાર છે. અમે આખો ‘હરિવિજય’ વાંચી ગયા. એમાંથી કેટલુંક સમજાય અને કેટલુંક ન પણ સમજાય. કૃષ્ણ-ગોપીનો શૃંગાર એમાં ડગલે ને પગલે આવે. પણ અમે બાળકો એમાં શું સમજીએ? શ્રીકૃષ્ણનાં પરાક્રમો ને તોફાનોનું વર્ણન આવે ત્યારે મજા પડે. બાલ્યકાળ એ અદ્ભુતરસનો ને હાસ્યરસનો ભૂખ્યો હોય છે. અમારૂં ‘હરિવિજય’નું પારાયણ ચાલતું હતું એટલામાં પૂનેથી કેસુ આવ્યો. કેસુ બાબા પાસે રહી ભણતો, એટલે એને ઉચ્ચ નીતિનું વાતાવરણ મળેલું. ધર્માભિમાન પણ પૂનાના વાતાવરણમાં એને ઠીકઠીક મળેલું. અમને ‘હરિવિજય’ વાંચતા જોઇ એને આશ્ચર્ય થયું. એણે અમને સમજાવ્યું કે ‘શ્રીકૃષ્ણ એ ખરાબ દેવ છે, ગૌણ છે, ગોપી સાથેની એની લીલા ગંદી છે. એ વ્યભિચારીની પૂજા કરાય નહિ. સાચો દેવ તો એક મહાદેવ. એ જ આપણો કુલદેવ. એની જ ભક્તિ કરવી ઘટે છે. આપણે કયાં હાથમાં ત્રાજવું લઈ સોનું તોળનાર વૈષ્ણવ શરાફ છીએ કે વિષ્ણુની ભક્તિ કરીએ?’ *

ગોંદુને આ ટીકા ન ગમી. એ કેસુથી જુદો પડ્યો. ‘હરિવિજય’ પરની એની ભક્તિ કાયમ રહી. હું કેસુનો લાડકો. એની વાત મારે ગળે ઝટ ઊતરે. મેં ‘હરિવિજય’ ફેંકી દીધો અને કૃષ્ણનિંદામાં રસ લેવા લાગ્યો. કેસુએ ધારેલું અરધું પરિણામ તો નીપજ્યું, પણ મહાદેવને હું મારૂં ઉપાસ્ય દૈવત ન બનાવી શક્યો. મહાદેવ કુલદેવ તો ખરા, પણ ઉપાસ્ય કંઇ જુદું જ હોવું જોઇએ. મેં પિતાશ્રીને પૂછ્યું કે ‘દેવો કેટલા છે?’ મારે ગંભીરતાથી સ્વયંવર કરવાનો હતો, એટલે કેટલા દેવોમાંથી પસંદગી થઇ શકે છે એ જાણી લઇએ તો સારૂં. પિતાશ્રીએ કહ્યું, ‘એમ તો દેવ એક જ છે. અને તે બધે છે. જળ, સ્થળ, કાષ્ઠ, પાષાણ બધે છે. તારામાં પણ છે ને મારામાં પણ છે. પણ દેવો તેત્રીસ

* બેલગામ તરફ અમારી ન્યાતમાં કેટલાક વૈષ્ણવ હોય છે ને તે બધા શરાફીનો ધંધો કરે છે. તેઓ ભાગવતધર્મ પાળે છે. અમે એ લોકો કરતાં ઊંચા, સ્માર્તધર્મ પાળનારા! બની શકે ત્યાં સુધી અમારી દીકરીઓ શરાફોને ત્યાં ન દઇએ. એમની દીકરીઓ બેશક લઇએ ખરા, પણ પ્રયત્નપૂર્વક એમનું વૈષ્ણવપણું ધોઈ કાઢી એમને સ્માર્ત બનાવીએ. પણ આને તો જમાનો વીતી ગયો છે, અને હવે એ ભેદ પહેલાંના જેવો રહ્યો નથી.

કરોડ ગણાય.' મેં પિતાશ્રીને પૂછ્યું, 'આ તેત્રીસ કરોડ દેવોને તમે ઓળખો છો?' સવાલ અટપટો હતો. પિતાશ્રીએ કહ્યું, 'દેવો ગમે તેટલા હોય તો યે એ પાંચ દેવોના જ અવતાર. પંચાયતનમાં બધા સમાઇ જાય છે.' મેં પૂછ્યું, 'પંચાયતન એટલે શું?' પિતાશ્રી બોલ્યા, 'શિ ના ગ ર દે.' હું મૂંઝાયો. હસીને પિતાશ્રીએ કહ્યું, 'જો, શિ એટલે શિવ, ના એટલે નારાયણ, ગ એટલે ગણપતિ, ર તે રવિ અને દે દેવી.'

મને જોઇતું મળી ગયું. મારે આ પાંચમાંથી પસંદગી કરવાની રહી. શિવ તો આપણો કુલદેવ. એ જ પહેલો આવે છે. પણ એ ભારે ક્રોધી છે. જરાક ભૂલ થાય તો સત્યાનાશ વાળી દે. એની આગળ હમેશાં બ્હીતા જ રહેવું પડે. એ આપણને નહિ ખપે. નારાયણ એટલે કૃષ્ણ. એ તો કુકર્મી. એની ઉપાસના કોણ કરે? ગણપતિ વરસમાં એક વાર ઘરમાં આવે છે અને તે વખતે આપણને મોદક ખાવાને મળે છે. પણ એ તો વિદ્યાનો દેવ. એ કંઇ ઉપાસ્ય દેવ તરીકે શોભે નહિ. રવિ છે તો તેજસ્વી, પણ એની ક્યાં યે મૂર્તિ જડતી નથી. એનું દેવળ ક્યાં ય જોવામાં નથી આવતું. એ કંઇ મોટો દેવ ન ગણાય. હવે રહી દેવી. એ તો બૈરું. એની પૂજા કંઇ મરદ કરે?

પાંચમાંથી એકે પસંદ ન આવ્યું. પણ પાંચેની નિંદા મનમાં આણી એ જ મનમાં સાલવા લાગ્યું. હવે તો પાંચ દેવોનો કોપ થશે! અને કોણ જાણે શી શી આફત માથે આવી પડશે? મનમાં ને મનમાં હું પાંચે દેવોની ક્ષમા માગવા લાગ્યો. મહાદેવની સૌથી વધારે. છતાં કોઇની પસંદગી તો ન જ કરી.

એ જ અરસામાં પિતાશ્રીને પૂજામાં હું મદદ કરતો. અમારા દેવઘરમાં અનેક દેવો હતા. બધાને કાઢીને નવડાવવા, લૂછવા, ફરી એમને ઠેકાણે મૂકી દેવા, ગંધ, અક્ષત, ફૂલ વગેરે ચઢાવવાં એ બધું ભારે કામ હતું. મને એમાં રસ પડતો, અને પિતાશ્રીને રાહત મળતી. પૂજાના મંત્ર હું ન જાણું, પણ તંત્ર બધું જાણું. એક દહાડો મૂર્તિઓ ગોઠવતાં વિચાર આવ્યો કે 'આ બાલકૃષ્ણને દેવી પાસે ન મૂકાય. બાલકૃષ્ણ દેખાય છે નાનો, પણ જેમ રાધાને ત્યાં એકાએક મોટો થયો, તેમ અહીં થાય તો દેવી બિચારાં નાહક હેરાન થશે. ચારિત્રહીન દેવ ઉપર વિશ્વાસ ન રખાય.' એટલે બાલકૃષ્ણને હું એક છેડે બેસાડતો, અને દેવીને બરાબર બીજે છેડે. આટલેથી યે મને સંતોષ ન થતો, એટલે સુરક્ષિતતાને વધારે મજબૂત કરવા ખાતર દેવી પાસે હું ગણપતિને મૂકી દેતો. આ જબરદસ્ત હાથી આગળ તો બાલકૃષ્ણની પાસે આવવાની હિંમત પણ નહિ ચાલે એમ હું માનતો.

આમ વિચાર ચાલતા અને મારું પૌરાણિક વાચન પણ આગળ ચાલતું. વાંચતાં વાંચતાં એમાં દત્તાત્રેય જડ્યો. મારો જ એ નામધારી, એટલે એના પ્રત્યે મારો પક્ષપાત તો હોય જ. નાનપણથી જ કોણ જાણે શા કારણે મારામાં સ્ત્રીદ્વેષ પેસી ગયેલો. મારાં છેક નાનપણનાં સંસ્મરણોમાં સ્ત્રી પ્રત્યેનો અણગમો હું બરાબર જોઇ શકું છું. દત્તાત્રેય-

## કલ્પના?

• ઉપજાતિ •

લચેલ સૌ ખેતર ડૂંડવાંથી
નિહાળી એ ઝાકળથી જડેલ
કવિ તણું અંતર કલ્પનાથી
વદે: 'અહા! મૌક્તિક શું ભરેલ!

નિશા તણાં અશ્રુ અહીં પડેલ,
ખરેલ વા તારકને જડેલ?
કે પૃથ્વીએ સૌ શણગાર ધારી
લટેલટે મૌક્તિક આ ગૂંથેલ?'

કવિ! નહિ મૌક્તિક વા ન તારા,
એ કલ્પનાના તુજ સૌ ફુવારા;
ભૂખ્યાં જનો ગુપ્ત સ્થળે રડેલ
અશ્રુ ઊનાં સર્વ અહીં પડેલ.

**પ્રહ્લાદ પારેખ**

માં મેં એ લાભ જોયો કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણે દેવ એમાં સમાઇ જાય છે. શૈવ ને વૈષ્ણવનો ઝગડો દત્તાત્રેય આગળ શમી જાય છે. બ્રહ્મા પ્રત્યે મારો પક્ષપાત તો હતો જ નહિ, પણ એની સૂગ પણ ન હતી. એને તો નભાવી લેવાય. પણ હરિહર ભેગા થયા એથી રૂડું શું ? વળી દત્તાત્રેય તે બ્રહ્મચારી. આપણને તો એ જ ખપે.

પંઢરપુરથી અમે દત્તાત્રેયની એક મૂર્તિ લઇ આવ્યા. ગોંદુ એક નાનકડું ચીંથરૂં લઇને એ દત્તાત્રેયને ધોતિયું પહેરાવે. મને એ બિલકુલ ગમે નહિ. હું કહું કે પીતળ-ની મૂર્તિમાં પીતળનું ધોતિયું કોતરેલું છે જ. એમાં આ ચીંથરૂં ચડાવીને તું શી શોભા વધારવાનો હતો ?' ગોંદુ કહે, 'પણ પંઢરપુરમાં તેં નહોતું જોયું કે વિઠોબાને રેશમી કોરનું ધોતિયું પહેરાવે છે, અંગરખું ચડાવે છે, માથે ફેંટો બાંધે છે અને શિયાળામાં એક રજાઈ પણ ઓઢાડે છે ?' અમારો મતભેદ કાયમ જ રહ્યો. મેં તો દત્તાત્રેયનાં જેટલાં સ્તોત્રો મળ્યાં તેટલાં મોઢે કરી નાખ્યાં. દત્તાત્રેયને ઉમરાના ઝાડ તળે બેસવાનું ગમે, એટલે હું પણ જ્યાં ઉમરાનું ઝાડ હોય ત્યાં તેની છાયા-માં જઇને બેસતો. દત્તાત્રેયને પાપડીનું શાક ભાવે, એટલે મેં પણ પોતાને પાપડીનું શાક ભાવતું કર્યું.

હવે મને 'ગુરુચરિત્ર' વાંચવાનું મન થયું. મહા-રાષ્ટ્ર તરફ નૃસિંહ સરસ્વતી કરીને એક અવતારી પુરુષ થઇ ગયેલા. એમને દત્તાત્રેયના અવતાર સમજી 'ગુરુચરિત્ર'માં એમની લીલાનું વર્ણન કરેલું છે. એ બધી લીલામાં મુખ્ય વસ્તુ એ જ કે દુઃખી લોકોનું દુઃખ દૂર કરવું. આવો આર્તત્રાણ દેવ જ સૌથી શ્રેષ્ઠ એમ મેં મન સાથે નક્કી કર્યું. દત્તાત્રેય પોતે તપસ્વી, કષ્ટ વેઠે, શુદ્ધ બ્રહ્મચારી, પણ લોકોનું દુઃખ જોઇ એનું હૈયું વધારે ને જલદી પીગળે. એમ જોઇ એ જ ગુણો આપણામાં આવે તો કેવું સારૂં, એમ મનમાં થતું. મારી બુદ્ધિ પ્રમાણે હું દીનદુઃખીઓને શોધવા લાગ્યો ને જ્યાં બને ત્યાં લોકોને કામ આવવા લાગ્યો. પોતે કશો લાભ શોધવો નહિ ને બીજાની સેવા કરવી એ તે વખતે તો મારા જીવનનો આદર્શ થઈ ગયો.

ઘરમાં 'રામવિજય', 'હરિવિજય', 'પાંડવપ્રતાપ' ને 'શિવલીલામૃત' એટલી ચોપડીઓ તો હતી. અમારૂં 'ગુરુચરિત્ર' મામાને ત્યાં ગયેલું. ત્યાંથી એ પાછું આણવાની અથવા નવું વેચાતું લેવાની દરખાસ્ત મેં પિતાશ્રી આગળ મૂકી. ભાગજોગે એ વખતે આઇ પણ ત્યાં હતી. એણે ગંભીરતાથી અને ધસીને મારી દર-ખાસ્તનો વિરોધ કર્યો. આઇએ કહ્યું, 'આપણા ઘરમાં ગુરુચરિત્ર પળતું નથી. આક્કાએ ગુરુચરિત્ર વાંચવા માંડ્યું ને એ જ વરસે એ આપણને છોડી ગઇ.'

આઇએ આવા કેટલા યે દાખલા ગણાવ્યા. બસ, મારી દરખાસ્ત ઊડી ગઇ. મને એ ક્ષણે માઠું તો લાગ્યું, પણ આઇને દુઃખ દેવા કરતાં 'ગુરુચરિત્ર' વાંચવાની વાત છોડી દેવી એ સારૂં એમ મેં મારા મન સાથે નક્કી કર્યું, અને તે વિચાર કાયમનો જ થયો. હજી યે મેં 'ગુરુચરિત્ર' બીજી વાર વાંચ્યું નથી. હું મોટો થયો ને સંસ્કૃત ભણ્યો ત્યારે દત્તાત્રેયનાં સંસ્કૃત સ્તોત્રો જોઇ ગયો, અને એમાં જારણ, મારણ, ઉચ્ચાટન અને 'હું ફટ્ સ્વાહા' વગેરે વસ્તુઓ જોઇ એ ઉપાસના પરનો મારો મોહ ઊતરી ગયો. હું જોઇ શક્યો કે દત્તાત્રેયની ઉપાસનામાં આકાશમાંનો ગ્રહ ગુરુ, વિદ્યા આપી નવો જન્મ આપનાર ગુરુ અને બ્રહ્મા વિષ્ણુ મહેશથી બનેલા દત્તાત્રેય, બધાનો ખીચડો થયેલો છે, અને એમાં તાંત્રિક સ્વરૂપ પેસી જઇ બધું જ વિચિત્ર થઇ ગયું છે. આમાંથી ગુરુભક્તિ એ જ સાચી છે, ગુરુભક્તિથી જ ધર્મજ્ઞાન થઇ શકે છે, ગુરુ-ભક્તિથી જ ચારિત્ર કેળવાય છે, ગુરુભક્તિથી જ મોક્ષ મળે છે. એથી આગળ જઈ મેં જોઇ લીધું કે દત્તાત્રેય એ પરમાત્માની ત્રિગુણાત્મક વિભૂતિનું પ્રતીક છે. ત્રિગુણાતીત અ-ત્રિનો એ દીકરો. અન-સૂયાવૃત્તિને પેટે જન્મેલો. સેવાને અર્થે એણે પોતાને અર્પણ કરી દીધો છે, માટે એને દત્ત કહે છે.

आपणासि करी आपण दत्त
श्रीपति म्हणती यास्तव दत्त ।

પણ મારી ઉપાસના તો નક્કી ન થઇ તે ન જ થઇ. કોક વખતે દત્તાત્રેયનું નામ લઉં, કોક વખતે 'જય હરિવિઠ્ઠલ' ગાઉં, કોક વાર 'નિવૃત્તિ જ્ઞાનદેવ સોપાન મુક્તાબાઇ એકનાથ નામદેવ તુકારામ'ને શરણ જાઉં. પણ ઘણીવાર તો 'સાંબ સદાશિવ'ની જ ધૂન લગાવું. આખરે આ બધું છોડી મેં પ્રણવ જાપ લીધો. પણ એ બધી વસ્તુઓ 'કાકા' થયા પછીની છે, એટલે એને વિષે અહીં કશું ન લખવું એ જ ઠીક છે.

[ચાલુ] **દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર**

## જેમ્સ રામ્સે મૅકડોનલ્ડ (અનુસંધાન પૃ. ૩૨૯થી)

વિજ્ઞાનની એક શાળામાં પહોંચી જતો ને મોડે સુધી ત્યાં અધ્યયનમાં મશગૂલ રહેતો. એના જીવનની બે મહેચ્છાઓ હતી. વિજ્ઞાનનું સંપૂર્ણ જ્ઞાન સંપાદન કરવું અને સમાજની આર્થિક ગેરવ્યવસ્થા દૂર કરવી. સંજોગવશાત્ રાજકીય ક્ષેત્ર માટે પહેલી સાનૂકુળતા મળી આવી; નહિતર મૅકડોનલ્ડ કોઇ કૉલેજમાં વિજ્ઞાનનો અધ્યાપક થયો હોત. અતિ અભ્યાસ, દિવસભરનો માનસિક અને શારીરિક શ્રમ, પૂરતા પોષણનો અભાવ અને પરીક્ષાની તૈયારી માટે લાગલાગટ થતા ઉજાગરાને લીધે અંતે એ માંદો પડી ગયો અને પરીક્ષામાં ન બેસી શકાયું. મૅકડોનલ્ડને ભાવિની આ ક્રૂરતાથી ખૂબ જ આઘાત થયો. પણ આજે તો એ પોતે પણ કબૂલ કરશે કે એ ઇશ્વરની કૃપાનું જ પરિણામ હતું.

### પ્રવેશ

આ જ અરસામાં એ લંડનના રાજકીય ક્ષેત્રમાં આગળ પડવા લાગ્યો. ૧૮૮૭ના નવેમ્બરમાં ટ્રફાલ્ગર સ્કેવર આગળ બેકાર મજૂરોનું એક Demonstration ( સરઘસ ) શરૂ થયું. તે વખતે એકબે આગેવાનોની ધરપકડ થઇ અને કેટલાકને માર પડ્યો. મૅકડોનલ્ડ પણ આ વખતે પકડાઇ જાય એવી ભીતિ હતી. તેના આ જાહેર જીવનથી તેને એક તાત્કાલિક લાભ મળ્યો. પાર્લમેન્ટના એક સભ્યને એક અંગત મંત્રીની જરૂર હતી. એની નજર મૅકડોનલ્ડ પર ઠરી અને મૅકડોનલ્ડ કારકુન મટી વાર્ષિક ૭૫ પૌંડના પગારથી મિ. ટૉમસ લોનો અંગત મંત્રી બન્યો. એ જમાનામાં પાર્લામેન્ટમાં મજૂર સભ્યો તો હતા જ નહિ, પરંતુ ઉદાર મતવાદી (Liberal) સભ્યો મજૂર હિતમાં રસ લેતા. 'ટૉમી' પણ એ પક્ષનો સભ્ય હતો. મૅકડોનલ્ડે એની પાસે ચાર વર્ષ ગાળ્યાં. આ ચાર વર્ષમાં એને ઘણું શીખવાનું મળ્યું. રાજકીય ક્ષેત્રમાં કામ કરવાની પદ્ધતિ, પ્રતિસ્પર્ધી પક્ષોની ચાલબાજી—Political tactics, સભ્યો વચ્ચેના અંગત રાગદ્વેષ અને તેનાં રાજકીય પરિણામો, રાજકીય લડતના વ્યૂહો, Strategic manouvers—આ બધાંનું સચોટ જ્ઞાન રાજકારણી પુરુષ માટે અત્યંત મહત્ત્વનું છે. મિ. ટૉમસ લોની સાથેનાં ચાર વર્ષમાં રામ્સેને આ બાબત ઠીકઠીક જ્ઞાન મળ્યું અને તેનો ઉપયોગ કરવાનો સમય પણ તરત જ આવી લાગ્યો.

સમાજવાદ ( Socialism ) ના સિદ્ધાંતો વિલાયતના રાજકારણમાં જબ્બર આંદોલનના રૂપમાં તો ઓગણીસમી સદીના શેષ ભાગમાં જ દેખાયાં, પણ એનાં મૂળ તો જૂનાં હતાં. સેઇન્ટ સાઇમને ૧૮૧૭ની સાલમાં જમાઇકાની જેલમાં બેઠાંબેઠાં એક અમૂલ્ય ગ્રંથ લખ્યો હતો અને એ ગ્રંથે અનેકને પ્રેરણા પાઇ હતી. ત્યાર પછી લગભગ ત્રણ દાયકા વીતી ગયા અને જગવિખ્યાત કાર્લ માર્ક્સ ( Karl Marx )નાં યુગવર્તી પ્રકાશનો બહાર પડ્યાં. આ સિદ્ધાંતોનો પૂરેપૂરો તો નહિ પણ આછોઆછો અમલ રૉબર્ટ ઓવન અને બીજાઓએ કર્યો. પરંતુ ઓગણીસમી સદીના અંત સુધી સમાજવાદ ખાણોમાં અને કારખાનાંઓમાં કામ કરતા મજૂરો સુધી નહોતો પહોંચી શક્યો. એનું કારણ કળવું મુશ્કેલ નથી. ઇંગ્લંડનું પ્રજાતંત્ર મૂડીવાદીઓના હાથમાં હતું. મતાધિકાર ભોગવનારની બહુમતી શ્રમજીવીઓની નહિ, પરંતુ બુદ્ધિવાદીઓની હતી. આવી સ્થિતિમાં મજૂરોનો અવાજ કોણ સાંભળે ? એમનો પોકાર કારખાનાંની કોટડીઓમાંથી દેશની ધારાસભામાં કોણ પહોંચાડે ? એમનાં દુઃખ અને દર્દો કોણ જાહેરમાં રજુ કરે ?

### કેર હાર્ડી

આ મુશ્કેલીનો તોડ કાઢનાર એક મહાપુરુષ આ અરસામાં જાહેરમાં આવ્યો. એ પુરુષ તે ઇગ્લંડમાં વર્તમાન સમાજવાદનો પ્રણેતા કેર હાર્ડી. એને ખાતરી થઈ ગઇ કે જ્યાં સુધી મજૂરોનો સ્વતંત્ર અવાજ પાર્લામેન્ટમાં રજુ નહિ થાય ત્યાં સુધી પ્રગતિ થવી અશક્ય છે. આ આશયથી ઇ. સ. ૧૮૮૮માં એ પાર્લામેન્ટની ચૂંટણીમાં મજૂર પક્ષના ઉમેદવાર તરીકે બહાર પડ્યો. મૅકડોનલ્ડ અને હાર્ડીની પહેલી પિછાન આ વખતે જ થઇ. સ્કૉટિશ હોમરૂલ લીગના મંત્રી તરીકે મૅકડોનલ્ડે એને ફતેહ ઇચ્છી અને તેને સક્રિય મદદ આપી. ઇગ્લંડમાં આ વખતે જુદાંજુદાં ધોરણ ને સિદ્ધાંતો પર કામ કરતાં બેત્રણ મંડળો સમાજવાદની હિમાયત કરી રહ્યાં હતાં. સોશ્યલ ડેમૉક્રૅટિક ફેડરેશન અને વિખ્યાત ફૅબિયન સોસાએટી પોતપોતાની રીતે ઇગ્લંડમા સમાજવાદનો પ્રચાર કરવાનો પ્રયત્ન કરતાં હતાં. મૅકડોનલ્ડ આ બંને મંડળોનો સભ્ય હતો અને તેમાં પોતાની શક્તિનો બનતો ફાળો પણ આપતો. પરંતુ આ મંડળોની કાર્યદિશા અને ક્ષેત્ર કેર હાર્ડીને

ખૂબ અધૂરાં અને કાંઇક અનુચિત લાગ્યાં. એના મત પ્રમાણે ઇગ્લંડના લોકો માટે તો કોઇ Indegenous creed—તળપદો માર્ગ—ગ્રહણ કરી ત્યાંના સંજોગો અને લોકોની ખાસિયતોને ધ્યાનમાં લઇ, વ્યવહારૂ નીતિ ઘડી કાઢવાનું યોગ્ય લાગ્યું. આંતરરાષ્ટ્રીય સમાજવાદનું અનુકરણ કરવાનો એને ઝાઝો મોહ નહોતો. ક્રાન્તિ કરતાં ઉત્ક્રાન્તિનો માર્ગ એને વધુ પસંદ હતો. આ માર્ગે પ્રગતિ કરવી હોય તો મજૂરોનો અને મજૂર મહાજનોનો પૂરેપૂરો સાથ અને સહકાર સાધવો જોઇએ એમ તેને લાગ્યું. હાર્ડીને દીર્ઘદષ્ટિથી જોતાં તરત જ સૂઝી ગયું કે જો મજૂરોને સંપૂર્ણ મતાધિકાર પ્રાપ્ત થાય અને તેનો વ્યવસ્થિત ઉપયોગ મજૂર મહાજનો દ્વારા કરવામાં આવે તો દેશની રાજનીતિમાં સમાજવાદી તત્ત્વો ધીરેધીરે દાખલ કરી શકાય. કેર હાર્ડી જયારે ૧૮૮૮માં પહેલવહેલો પાર્લામેન્ટનો સભ્ય બન્યો ત્યારે મજૂરોના પ્રતિનિધિ તરીકે પાર્લામેન્ટના ૬૦૦–૬૫૦ સભ્યોમાં તે એક જ હતો ! પરંતુ એની આર્ષદષ્ટિથી એ જરૂર જોઇ શકયો હશે કે એકબે દાયકામાં જ દેશની સરકાર મજૂર પક્ષના હાથમાં આવવાની. એ મહાપુરુષની ભવ્ય કલ્પના, વિલક્ષણ બુદ્ધિ અને અનુપમ વ્યવસ્થાશક્તિને લીધે જ અત્યારે મજૂર સરકારની આણ વર્તે છે, અને એને પગલે ચાલ્યાથી, એણે બતાવેલો માર્ગ ગ્રહણ કરવાથી જ મૅકડોનલ્ડ બ્રિટિશ સામ્રાજ્યનો મહામંત્રી બન્યો. મૅકડોનલ્ડના જીવનચરિત્રમાં એના એ પુરોગામી અને પ્રિય ગુરુનો આટલો પણ નિર્દેશ ન થાય તો એનું ચરિત્ર અધૂરૂં જ ગણાય.

મૅકડોનલ્ડનું રાજકારણનું જ્ઞાન હવે ઠીકઠીક વિકાસ પામ્યું હતું. અર્થશાસ્ત્ર ને મૂડીવાદનો અભ્યાસ એણે લાંબા વખત પહેલાં પૂરો કર્યો હતો. હવે તો એ ફક્ત પ્રગતિનો શ્રેષ્ઠ માર્ગ શોધવા વલખાં મારતો હતો. કેર હાર્ડીના કથનમાં એને ખૂબ શ્રદ્ધા બેઠી અને એણે નિશ્ચય કરી લીધો કે ઉદાર મતવાદીઓ (Liberals) ઉપર પ્રગતિ માટે આધાર રાખવો એ વિકાસને આઘો ઠેલવા બરોબર છે. એટલે એણે પોતાની નોકરી છોડી દીધી અને પોતાના જીવનકાર્યમા ઝંપલાવ્યું. અત્યાર સુધી મજૂર મહાજનો લિબરલ પક્ષના આગેવાનોના હાથમાં હતાં તથા મહાજનોની નીતિ પણ તે પક્ષની નીતિ ઉપર રચાએલી હતી. મૅકડોનલ્ડે જબ્બર આંદોલન મચાવી મહાજનોનો કબજો લેવા માટે જેહાદ આદરી. શરૂઆતની મુશ્કેલીઓ અનેક હતી. મૂઠીભર માણસો જ કેર હાર્ડીની સૂચનાનું ડહાપણ સમજી શકેલા. તેમની પાસે ન મળે સાધનો કે સંપત્તિ. એમને લાગ્યું કે વ્યવસ્થિત પ્રયત્ન વિના કશું થઇ શકે તેમ નથી. આ માટે કાર્યદિશા નક્કી કરવા અને ઉપાયો યોજવા આંગળીને વેઢે ગણાય એટલા માણસો ભેળા મળ્યા ને તેમાંથી 'સ્વતંત્ર મજૂર પક્ષ'—ઇન્ડીપેન્ડન્ટ લેબર પાર્ટી—જે ટૂંકામાં આજે I. L. P.ના નામે ઓળખાય છે તેનો જન્મ થયો (૧૮૯૩). આજે એ I. L. P.ના કાર્યવાહક મંડળમાં મૅકડોનલ્ડ નથી. એ પક્ષના નેતાઓ અને મૅકડોનલ્ડ વચ્ચે આજે તીવ્ર મતભેદો છે. મજૂર સરકારની નીતિની એ સ્વતંત્ર પક્ષ તરફથી આજે કડક ટીકાઓ થાય છે. મજૂર સરકાર જોઇએ તેટલી સમાજવાદી નથી એવો આક્ષેપ મૂકવામાં આવે છે. આ બાબતની સત્યાસત્યતા આપણે આગળ વિચારીશું. અત્યારે તો મજૂર પક્ષ પૂર્ણ વિકાસ પામ્યો છે, દેશના રાજકારણમાં એ પક્ષનું વર્ચસ્વ સ્વીકારાયું છે, એનું વર્તમાન ઉજ્જ્વલ અને ભાવી આશામય છે; પણ આજથી ચાળીસેક વર્ષ પર જયારે એ પક્ષનો જન્મ થયો ત્યારે કોઇના પેટમાં પાણી યે નહોતું હલ્યું. રાજકીય ક્ષેત્રમાં તો ક્રૂર મશ્કરી અને ઉપહાસથી એને આવકાર મળ્યો હતો. કેવળ બે સ્વપ્નદ્રષ્ટાઓને જ ખ્યાલ હતો કે આજે નાખેલાં બીજ ટૂંક સમયમાં જ ફલિત થશે; એની શાખા-ઉપશાખાઓ સમસ્ત સામ્રાજ્યને આવરી લેશે.

### જીવનસંગિની

મૅકડોનલ્ડને સદ્ભાગ્યે કે ઇગ્લંડની મજૂર ચળવળને સારે નસીબે મૅકડોનલ્ડ આ સમયે એક સમાનધર્મી કુમારિકાના સંસર્ગમાં આવ્યો. માર્ગરેટ ગ્લૅડસ્ટન અને રામ્સે મૅકડોનલ્ડનો પ્રેમ એક જ ધ્યેય પ્રાપ્ત કરવા મથતા બે આત્માઓના આકર્ષણ સમો હતો. ઇ.સ. ૧૮૯૫ની પાર્લામેન્ટની ચૂંટણી વખતે મજૂર પક્ષ તરફથી અઠ્ઠાવીસ ઉમેદવારો બહાર પડ્યા તેમાં મૅકડોનલ્ડ પણ હતો. એણે મતદારોને ઉદ્દેશીને પ્રસિદ્ધ કરેલું જાહેરનામું વાંચીને જ માર્ગરેટ મૅકડોનલ્ડ પ્રત્યે આકર્ષાઇ. મૅકડોનલ્ડે એ જાહેરનામામાં મજૂર પક્ષનો

'સરૂ, પણ આનું નામ રાજા કેમ પાડ્યું?' મેં પૂછ્યું. 'નાનાભાઇ કહે છે કે રાજાની મા વાઘની માશી થાય. તે તમે નો'તું કહ્યું કે વાઘ જંગલનો રાજા થાય? એટલે આનું નામ પણ રાજા પાડ્યું. પણ તમને એક ક્યાં ખબર છે? રાજા બેસેને, ત્યારે ગોળગોળ ફરીને પછી બેસે. શું કામ, ખબર છે? નાનાભાઇ કહે છે કે રાજા પહેલા જંગલમાં રહેતો'તો ત્યારે ગોળગોળ ફરે એટલે ચારે કોરનું ઘાસ પડી જાય એટલે વચ્ચે મજાની બેસવાની જગ્યા તૈયાર થાય.' સરૂએ કુંડાળાના હાવભાવ સહિત કહ્યું.

'જંગલ સાથે સંબંધ ધરાવતાં બધાં પ્રાણીઓ એમ જ કરે છે. કુતરાં પણ એ રીતે પોતાની જ આસપાસ કુંડાળું કરીને બેસે છે.' મેં મારો ગદ્ય-ગૉબ ફેંક્યો. એ સમજવાની લેશ પણ દરકાર કર્યા વગર સરૂએ આગળ ચલાવ્યું:

'પણ કુતરાંથી રાજા બહુ ડરે છે. કુતરાને જુએ એટલે આમ ઊંટની જેમ પીઠ ઊંચી કરે ને પૂંછડી જાડી કરે. ખૂબ ખૂબ ખૂબ ફુલાવે.' ઊંટનો આકાર કરી બતાવતાં સરૂએ કહ્યું. કાંઇ પણ કહેવાનું રહી ન જાય એ બીકે રાજાના ચરિત્રના બધા પ્રસંગો તે એટલા ઝડપથી વર્ણવતી હતી કે બે પ્રસંગો વચ્ચે સંબંધ ભાગ્યે જ આવતો.

'નાનાભાઇ જ્યારે અધરી ચોપડી લખતા હોય છે ત્યારે ભાઈસાહેબ બધું સમજતા હોય તેમ આમ વાંકી નજર કરીને વાંચે! એને માર્યો હોય તો ખાવા જ ન આવે; પછી તો હું ઉપાડીને લાવું તો જ. ચોરી તો કોઇ દિવસ નથી કરતો. એકબે વાર જ કરેલી.'

'સરૂ, રાજા શિકાર કરે કે નહિ?' શિકારનો અર્થ એને ખબર ન હતો, પણ શબ્દ પરિચિત હતો.

'નાનાભાઇ કહે છે કે એને શિકાર કરતાં એની માએ શીખવ્યું. રાજાની બા પૂંછડી હલાવે એટલે રાજા એને પકડવા જાય. પહેલાં દૂર જઇને બેસે અને પછી ચારે પગ ભેગા કરીને એકદમ કૂદકો મારીને પૂંછડી પકડે. હું એને દોરીના ફૂમતાથી શિકાર કરતાં શીખવતી'તી. પહેલાં રાજા તાકીને જુએ; અને ફૂમતું પાસે આવતું જાય તેમતેમ પગ ભેગા કરીને બેસે ને પાસે આવે એટલે શિકાર કરે.'

મેં જોયું કે સરૂ શિકારનો અર્થ સમજી નથી, એટલે મેં વધુ સ્પષ્ટ કર્યું: 'પણ રાજા ઉંદર ખાય છે કે નહિ? રાત્રે ખાતો હશે.' મેં પૂછ્યું. રાજા ઉંદર ખાય એ કલ્પના સરૂથી સહન ન થઈ. એને એ દુર્ગુણ લાગ્યો.

'ઉંદર તો ખાતો જ નથી. રાત્રે મારી પથારીમાં જ સૂઇ જાય છે એટલે ક્યાંથી ખાવા જાય? અને. . .'

'હાઉને ચા નથી પાવી? જા તારી બાને કહી આવ.' નાનાભાઇએ કહ્યું.

'ચાલ રાજા દૂધ પીવું હોય તો.' એમ કહી સરૂ ચાલવા માંડી. ગુર્રર્ર અવાજ કરતું હૂંફવાળું શરીર છોડવું મને ગમતું ન હતું, પણ મેં ગમે એટલો પકડેલો છતાં રાજા તો છટક્યો જ. એક જ કૂદકે સરૂના પગમાં!

ચા પીને હું સરૂ અને સરૂના રાજાના વિચાર કરતો ઘેર આવ્યો.

૩

આજે એલિસ બ્રિજ ઉપર નાનાભાઈ એકલા જ મળ્યા. મને નવાઇ લાગી. 'કેમ આજે એકલા ફરવા નીકળ્યા? સરૂ ક્યાં?'

'એનું શરીર સહેજ ગરમ હતું તેથી સાંજના પાંચ વાગ્યાથી સુવાડી મૂકી છે. એટલે એકલો ફરવા આવ્યો. ખાસ કાંઈ નથી.'

હું નાનાભાઇને ઘેર ગયો. અત્યારે સાત વાગ્યા હતા. સરૂને સો જેટલો તાવ હતો. એને પલંગ ઉપર સુવાડી હતી. પાસે બેત્રણ ખુરશી હતી. એક ટેબલ ઉપર થૂકદાન વગેરે પડ્યાં હતાં. સરૂના ઓશીકા ઉપર રાજા પોતાના ચારે પગ ભેગા કરીને સરૂની આંખમાં તાકી રહ્યો હતો. જાણે મોટો સમજુ ડૉકટર! મને જોઇને સરૂએ સહેજ સ્મિત કર્યું. 'હાઉ, રાજા મારો છે હોં? હું જ્યાં જાઉં ત્યાં એ તો આવે જ. જુઓને, આજે મારે ઓશીકે બેઠો છે!' તાવ વધતો ગયો તેમ સરૂ બોલતી બંધ થઇ. હું ઘેર જઇ જમી આવ્યો ત્યાં સુધીમાં તો તાવ અનહદ ચડ્યો. મેં આવીને નાડી પકડી. તાવ લગભગ ત્રણ ડિગ્રી હશે!

'વિનુને બરફ લેવા મોકલ્યો છે. હું અહીં બેસું છું. તમે જરા ડૉકટરને બોલાવી લાવોને!' નાનાભાઇએ કહ્યું.

હું દોડ્યો. ખરે પ્રસંગે ડૉકટર ગેરહાજર જ હોય. અરધા કલાકે ડૉકટરને લઇ આવ્યો. થર્મોમિટર કહે કે તાવ એકસો ને છ છે! ડૉકટરને નવાઈ લાગી.

એમણે કહ્યું આ છે શું ? ૭ ડિગ્રી તાવ ? મને જલદી કેમ ન બોલાવ્યો ?' ડૉક્ટરે પોતાની બૅગ ખોલતાં કહ્યું.

'આ છેલ્લા ત્રણ કલાકમાં જ ચડ્યો. સાંજે તો અમે હમેશ માફક ફરવા જવાનાં હતાં.'

ડૉક્ટરે પોતાનો સ્પિરિટ લૅંપ સળગાવ્યો અને ઇંજેક્શનની તૈયારી કરવા માંડી. 'આ બિલાડો પણ ઠીક લાગે છે. નર્સની જેમ બેઠો છે, જુઓને.'

અંદરની ઓરડીમાંથી 'સરૂ' એવો રડવાનો અવાજ આવ્યો.

સરૂ બેભાન હતી. રાજા ડૉક્ટર તરફ તાકી રહ્યો હતો. વચ્ચેવચ્ચે વળી પાછો સરૂની આંખો તરફ જોતો.

ઇંજેક્શન અપાયું. રીત મુજબ ખાસ બીવાનું કારણ નથી કહી ડૉક્ટર ઘેર ગયા. તાવ ઊતરવા માંડ્યો. દસ વાગ્યા સુધી ઊતર્યો ને વળી ચડવા માંડ્યો. ને પછી . . . . પછી બરાબર સાડા અગિયાર વાગે સરૂ ચાલી ગઇ! સરૂ અનંતમાં વિલીન થઈ ગઈ!! બધાંને કકળતાં મૂકી સરૂ ગઇ!!!

સરૂની બા કહેતાં: 'સરૂ તો મારી વીજળી હતી. એક ક્ષણ માટે ચમકીને ચાલી ગઇ. એક જ ક્ષણ! પણ બધાંને આંજી નાખ્યાં. અને પછી અંધારું થઇ ગયું.' એથી આગળ તે બોલી શકતાં નહિ.

૪

સરૂ ગયા પછી ત્રીજે દિવસે હું નાનાભાઇને ત્યાં ગયો. આખું ઘર ખાવા ધાતું હતું. કલ્લોલ કરતું પંખીડું ઊડી ગયું હતું. ખળખળ વહેતા ઝરા જેવું હાસ્ય વિલીન થયું હતું. ઘર નિષ્પ્રાણ થયું હતું. પલંગ ખાલી પડ્યો હતો. નાનાભાઈ આજે પણ મૂંગા બેઠા હતા. પણ કેટલો ફેર! હું ખુરશીમાં બેઠો.

ક્યાંકથી રાજા આવ્યો. દોડતો આવ્યો ને પલંગ ઉપર ચડ્યો. ઓશીકું સૂંઘ્યું. બેત્રણ ઠેકાણે પથારી સૂંઘી. પલંગની આસપાસ બેત્રણ પ્રદક્ષિણા કરી. એની નીચે જઇ ઉપર જોયું, અને 'મ્યાંવ્' એવો દુઃખપૂર્ણ અવાજ કર્યો. મેં એને બોલાવ્યો, 'રાજા, રાજા, આવ, આવ, આવ.' પણ જાણે સાંભળ્યું જ ન હોય. એક વાર મારી સામે પોતાની ભૂરી ચળકતી આંખો તાકી 'મ્યાંવ્' કર્યું. એ આંખ મીંચીને કરેલા 'મ્યાંવ્' શબ્દમાં બધું આવી ગયું. રાજા બારીમાંથી ચાલ્યો ગયો. મારી આંખમાં પાણી આવ્યું. નાનાભાઇની આંખ પણ કોરી ન હતી જ.

'જોયું ને ? બસ ત્રણ દિવસથી આમ કરે છે. ખાધું નથી, પીધું નથી. પથારી આગળ આવીને બેસે; પ્રદક્ષિણા કરે; સૂંઘે; મ્યાંવ્ કરે; વળી સૂંઘે અને ચાલ્યો જાય. આખા ઘરમાં શોધતો ફરે. વળી પલંગ આગળ આવે. આમ કર્યા જ કરે છે. ત્રણ દિવસથી ખાધું જ નથી. બોલાવીએ છીએ તો સાંભળ્યું ન સાંભળ્યું કરે છે. આવ્યો તો આવ્યો, નહિતો ન યે આવે. જાણે બધિર—શૂન્ય થઇ ગયો ન હોય!


હું વધારે ન બેસી શક્યો. એ ખાલી પથારી! અરે રામ!!

ત્રીજે દિવસે હું વળી નાનાભાઇને ત્યાં ગયો. રાજા દેખાયો નહિ. મેં પૂછ્યું, 'રાજા કેમ નથી દેખાતો ?'

'હા. ઠીક યાદ કર્યું. આજે સવારે ચાર વાગે મેં બારીની બહાર રાજાને બોલતો સાંભળ્યો. હા. એને જ. બરાબર એનો જ અવાજ. મેં બારી ઉઘાડી. દેખાયો તો નહિ, પણ અવાજ આવતો હતો. આજે સવારે પણ ન આવ્યો, એટલે મેં તપાસ કરી. અમારી કામવાળી કહે, 'રાજાને તો ગઇ કાલે જ જોષીના કૂવામાંથી મરેલો કાઢ્યો. તે આજે ક્યાંથી બોલતો સંભળાય ?'

ભીની આંખે હું ઊભો થયો, મને સરૂનું વાક્ય યાદ આવ્યું: 'હાઉ, રાજા મારો છે હોં; હું જ્યાં જાઉં ત્યાં એ તો આવે જ.'

**'ભાનુ'**



## હસવું ને રડવું

શૈશવની સિંદુરપગલીએ,
ભમતો તું અંતરની ગલીએ,
હસતો ફૂલડાંની ઢગલીએ,
રમતો ને જમતો.

ફૂલડાંને વિકસી મુરઝાવું,
વાદળને વરસી લય થાવું,
જીવનને જન્મી ક્યાં જાવું ?
હસવું ને રડવું.

**'સુન્દરમ્'**

# ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

શોખથી ફોટોગ્રાફી કરનારાઓએ ધ્યાનમાં રાખવું જોઇએ કે તેઓએ પોતાના ફોટોગ્રાફમાં કોઈ એક હેતુ સમાવવાનો છે. કાં તો તે કોઇ અજબ વસ્તુની સ્મૃતિ માટે હોય, કાં તો કોઇ વિરલ પ્રસંગની નોંધ હોય અથવા કોઈ આકર્ષક ચિત્રપ્રસંગ બન્યો હોય તે હોય. તેમાં પહેલી શરત સારી ફોટોગ્રાફી, બીજી સારી વસ્તુરચના, ત્રીજી અન્યને રસ પડે એવું આકર્ષક દષ્ટિબિંદુ અને છેવટ યોગ્ય નામકરણ. આ બધા મુદ્દા સચવાયા હોય એવા જ ફોટોગ્રાફોને હરીફાઇમાં આગળ આવવાની તક મળે છે.

આ અંકમાં ચિત્રપ્લેટ તરીકે આપેલા ફોટોગ્રાફી હરીફાઇના પરિણામનાં ચિત્રોમાં પહેલું ઇનામ ભાઇ ચતુર્ભુજ વલ્લભદાસના 'પુરાણા પંથે'ને જાય છે. એ ચિત્રનું નામ બરોબર નથી. વડની છાયા નીચેથી રસ્તા પર જતું ગાડું એ અત્યંત શાંતિ પ્રેરતો દેખાવ છે. બીજા નંબરનું ઇનામ લેનાર ભાઈ પ્રાણલાલે પણ ચિત્રનું નામ ('ભયમાં') બેહૂદું રાખ્યું છે. માણસો ભરેલા મછવામાં સઢ પર ચડેલા ખલાસી તથા અંદર બેઠેલાં મનુષ્યોની હીલચાલ પરથી તેઓ જરા યે ભયમાં હોય તેમ લાગતું નથી. સઢની પાછળ દૂર એક લૉંચ પડી છે તે ચિત્રમાં ન લીધી હોત તો આ ચિત્ર પ્રથમ સ્થાન લેત ત્રીજું ઇનામ ભાઇ અરવિંદ અંતાણીને બંધાતું વહાણ પાડવા માટે મળે છે. તેને અપાએલું 'કાઠિયાવાડની કારીગરી'નું નામ પણ બેસતું આવતું નથી. ચિત્રનો થોડો નકામો ભાગ કાપીને અમે અહીં આપ્યું છે તે પરથી એ ભાઇ સમજશે કે ઉઠાવમાં કેટલો ફેર પડે છે. દેશની તળપદી પ્રવૃત્તિઓ બતાવનારાં આવાં ચિત્રો લેવાની બહુ જ જરૂર છે. એ દષ્ટિએ ભાઇ ચુનીલાલનો 'કુંભારવાડો' પણ સરસ ચિત્ર છે. માત્ર તેમણે વધુ નજીક જઇને અથવા મહત્ત્વનાં પાત્રો મોટાં આવે એવી રીતે ચિત્ર લીધું હોત તો કોઇપણ હરીફાઇમાં એ ચિત્ર ધ્યાન ખેંચે એવું છે. તેમણે પણ 'અહિંસાના અનન્ય ઉપાસક ભગવાન મહાવીરની નિર્વાણ ભૂમિ પાવાપુરીમાં કામ કરતા કુંભારો' એવું લાંબુંલચ નામ આપ્યું છે. લાંબાં નામો સુરૂચિદર્શક નથી. મહેન્દ્ર ચીમનભાઇના હરણને એમણે Monarch of the Glen એટલે 'ખીણનો સમ્રાટ' જેવું અંગ્રેજી નામ આપેલું છે. શું ગુજરાતી ભાષા એટલી દરિદ્ર છે કે સારૂં નામ ન જડે? કે આપણા યુવાનોને સ્વભાષા પર ઓછો પ્રેમ છે? કુદરત અને પશુપક્ષીનાં સુંદર ચિત્રોમાં ભળે એવું એ ચિત્ર છે; માત્ર તેનો વર્ણ જરા ઘેરો થવા દેવો જોઇતો હતો. નેગેટિવ કે કાગળની યોગ્ય ક્રિયાથી તે બની શકત ને ઇનામપાત્ર થાત. છતાં એક સારા ચિત્ર તરીકે અમે તેને આવકાર આપીએ છીએ. 'વીજળી' નામનું ભાઇ નૃસિંહ પરમારનું ચિત્ર સંધ્યાનાં વાદળાં જેવું લાગે છે. વીજળીની રેખાઓવાળું એ ચિત્ર હોત તો નામ સાર્થક ગણાત. ઝાડના ઓળા વાદળ કરતાં યે કાળા થયા હોત તો ચિત્ર બરોબર જામત. આ માટે પ્લેટ ઉપર અથવા કાગળ ઉપર ઘટતી ક્રિયાઓ અને ફેરફારો કરી લેવા જોઇએ. ચિત્રપ્રસંગ સારો હોવા છતાં તે ઇનામને પાત્ર નથી થઇ શક્યું.

રુદ્રમાળનો ફોટો લેતાં ભાઇ મનવંતરાયે દષ્ટિબિંદુ ઠીક રાખ્યું છે, પરંતુ આવા ભવ્ય ખંડેરમાં હાલનાં પાત્રોને છબી પડાવતાં ઊભાં રાખી વિકૃતિ આણી છે. કૅમેરાને જરા સ્થિરતા આપી વધુ ઝીણવટવાળી છબી લેવાની પણ જરૂર હતી. થાંભલાની રેખાઓ ત્રાંસમાં જાય છે. 'પ્રાણીપ્રેમ'માં ભાઇ હીરાલાલ વાછડીને ઘાસ ખવડાવતા બાવાજીને પાડી લાવ્યા છે. પાત્રોની નજીક જઇ આ ચિત્ર લીધું હોત તો ચહેરાઓના ભાવ સ્પષ્ટ જણાત અને આસપાસની વધારેપડતી નકામી બાબતો અદૃશ્ય રહેત. 'શાન્તિનો સમુદ્ર'માં ભાઇ જયંતીલાલે વિહાર સરોવરનો કોઈ ભાગ લીધો છે, પણ નામનો પ્રભાવ ચિત્રમાં નથી. વૃક્ષઝાડીથી ભરેલા જળાશયનો કોઈ શાંત ભાગ અને આગળની વનસ્પતિ અસ્પષ્ટ એવું એ ચિત્ર છે. નામનો પ્રભાવ સાચવે નહિ એવું બીજું ચિત્ર 'સ્વતંત્રતા' નામનું બાબુભાઇનું છે. એમાં રાણીબાગનો એક મોટો બગલો છાતી પર ચાંચ રાખી તડકામાં ઊભો છે. તેમાં ગર્વ અને દંભ દેખાય છે. આટલા મોટા ચિત્રમાં જનાવરનાં પીછાં વગેરેની વિગતો તો આવવી જોઇએ. ભાઇ ધરમશીએ રમકડાના ઘોડા પર સજીવ બાળકને બેસાડી જરા વિનોદભર્યું ચિત્ર લીધું છે, પણ આસપાસની છાયાઓ અને પદાર્થોનો વિચાર કર્યો નથી. ઘરનાં રાચરચીલાં, ઘાસલેટનો ડબો વગેરે દૂર રાખી શકાયાં હોત.

ભાઇ જગશેદ સાગર, ભાઇ હર્ષદ પંડ્યા, ભાઇ રાજેન્દ્ર શાહ તથા કાંતિભાઈ પટેલે જે દેખાવો લીધા છે તેમાં સ્થળ અને ફોટોગ્રાફી સાચાં હોવાં છતાં સાથે આકર્ષક તત્ત્વો તરીકે યોગ્ય ઉઠાવમાં મનુષ્ય કે પ્રાણી દાખલ કર્યાં હોત તો સરસ ચિત્રો બની જાત. ભાઇ મકરંદ દીવેટિયાનું કાશ્મીરનું દૃશ્ય આકારોનું જોર એક બાજુ ખેંચી જાય છે; અને ક્ષિતિજરેખા એમાં ત્રાંસી પડી છે તે છાપ વખતે સુધારી શકાત. 'કુદરતની જગાવટ'માં ભાઇ મથુરદાસે હળવા છાયાપ્રકાશ વાળો સમય લેવો જોઇતો હતો. ભાઈ સુરેશ ઠાકોરને 'તાપી તટે'માં ચિત્રની સામગ્રી ઠીક મળી છે, પણ હોડી મોટી કરી હોત તો એ ઇનામ યોગ્ય ચિત્ર થાત. ચિત્રનો એટલો જ ભાગ સંભાળથી એન્લાર્જ કરે તો બની શકે તેવું છે.

આ ચાલુ હરીફાઈ ઉપરાંત અગાઉ જાહેર કર્યા મુજબ શ્રેષ્ઠ પંક્તિની હરીફાઈનાં ઇનામ આસો અંકમાં જાહેર થશે; તેથી તેમાં ભાગ લઇ શકે એવા કુશળ ફોટોગ્રાફરો વહેલામાં વહેલા પોતાના ફોટોગ્રાફો મોકલી આપે એમાં મોડા પડેલા ફોટોગ્રાફો પછીના ત્રિમાસિક હપ્તામાં લેવામાં આવશે.

# થોડાંક ગધેડાં



[૧]

-બાળવિભાગ-

બજારમાંથી એક ગધેડો જતો હતો. એના ઉપર એક પવિત્ર દેવની મૂર્તિ હતી. ગધેડાનો શેઠ ક્યાંક મૂર્તિને લઇ જતો હતો.

લોકો મૂર્તિને જોઈ નમીનમીને પગે લાગતા હતા; લળીલળીને દુ:ખડાં લેતા હતા; ધારીધારીને નિહાળતા હતા; જોઇજોઇને રાજી થતા હતા. ગધેડો મનમાં વિચાર કરે છે: 'અહોહો, આજે તો સોનાનો સૂરજ ઊગ્યો લાગે છે. કોઇ ભલા ગધેડાનું મોં જોયું હશે. જુઓને આજ તો લોકો આપણને પગે લાગે છે; ધારીધારીને જોઈ રહે છે; જોઇજોઇને હરખાય છે.'

ગધેડો આગળ ચાલ્યો ને ઊંચી હવેલીએથી ફૂલો ખર્યાં. નીચી હવેલીએથી ચોખા પડ્યા. અટારીએથી કુમારિકાઓ અને માતાઓ જોઈ રહી.

ગધેડો મનમાં વિચાર કરે છે: 'જરૂર કાંઇક થયું લાગે છે. કાં તો મારા કાન ટૂંકા થયા હશે; કાં તો વાન કાળો થયો હશે; કાં તો પૂછડું લાંબુ થયું હશે; કે કાં તો માથે શીંગ ઊગ્યાં હશે. જરૂર કાંઇક થયું હશે.'

ગધેડો આગળ ચાલ્યો. માણસો ક્યાંય માય નહિ. હાથ જોડીને જ ઊભેલાં. હાથમાં થાળીઓ લઇને ઊભેલાં. થાળીઓમાં ચોખા ને કંકુ હતાં; ફૂલોની માળાઓ હતી.

ગધેડો મનમાં વિચાર કરે છે: 'મારે હવે થોભવું જોઇશે. સૌ રાહ જોઇને ઊભા છે. મને સૌ વધાવશે; કંકુનો ચાંદલો કરશે ને ચોખા ચોડશે; મારા ગળામાં હાર નાખશે ને પગે લાગશે. મારે હવે થોભવું જોઇએ. સૌનો વારો આવી જાય ત્યાં સુધી થોભવું જોઇએ.'

ગધેડાએ ચાલ ધીમી પાડી ને ચોક આવ્યો ત્યાં અટકીને ઊભો. સ્થિર ને અક્કડ થઇને ઊભો. ન હલે કે ચલે.

ગધેડાનો માલિક વિચાર કરે છે: 'શા માટે ઊભો રહ્યો હશે? લોકો એની મેળે મૂર્તિ ઉપર કંકુ ચોખા છાંટી દેશે; એની મેળે ચાલતે ગધેડે હાર પહેરાવી દેશે. નાહકનું ઊભું રહેવું શા માટે?'

માલિકે ગધેડાને ડચકારો કર્યો: 'ચાલ, ચાલ.'

પણ ગધેડો તો ઊભો જ રહ્યો, માનપાન લેવા માટે.

માલિકે ફરી વાર ડચકારો કર્યો, હાકલો કર્યો. પણ ગધેડો શાનો ચાલે? ઊલટો મનમાં કહે: 'આ શેઠને છે કાંઈ અક્કલ? લોકો મને માન આપે છે તે એ બેવકૂફથી નથી જોવાતું—નથી સહેવાતું. ઊલટું રાજી થવું જોઇએ કે પોતાના ગધેડાને કેટલું બધું માન મળે છે! આમ વિચારી ગધેડાભાઈ તો ઊભા જ રહ્યા.

ત્રીજી વાર માલિકે હાકલો કર્યો અને ધડ દઇને ગધેડાને ડફણાથી ડફણાવ્યો.

ગધેડાનો વાંસો ચમચમ્યો. ગુસ્સો કરી બોલ્યો: 'રે શેઠ, જરા તો વિચાર. આ લોકો મને માન આપે છે તો તે લેવા તો દે. તારે પણ મગરૂર થવું જોઇએ કે તારા ગધેડાને આટલું બધું માન મળે છે!'

શેઠ હસ્યો ને બોલ્યો: 'અરે મૂરખા, આ માન તને નહિ પણ તારા પર બેસાડેલી મૂર્તિને મળે છે. હવે સમજું છું કે લોકો તને મૂરખ શા માટે કહે છે.'

ગધેડો મનમાં સમસમી રહ્યો. તેનો સોનાનો સૂરજ ઝાંખો પડી ગયો. તે મનમાં બોલ્યો: 'જરૂર આજે મેં મારા શેઠનું જ મોં જોયું હશે.'

[બીજાં ગધેડાં હવે પછી]

**ગિજુભાઈ**

## ડોશીમા

એક દિવસ ડોશીના મનમાં,
ઊડવાનો આવ્યો વિચાર;
શોધી કાઢ્યો જૂનો ટોપલો,
બેસી તેમાં થયાં તૈયાર!

પવને આવી દીધાં ઉડાડી,
ઊડ્યાં ઊડ્યાં આકાશે જાય!
'રાખ હવે, ઊતરવું નીચે.'
ડોશીમા પૂરાં ગભરાય.

પણ પવને કીધું નવ માન્યું,
પહોંચાડ્યાં ચાંદાની પાસ;
ડોશીમા કહે: 'આ ઘર સારૂં,
અહીંઆંથી ખસવું નહિ, હાશ!'

**વ્રજલાલ શાહ**



# માધુકરી


જનહૈયામાં માન કોણનાં? કોનાં કવિઓ ગાતા ગાન?
અધમ ગુલામી કેરાં કોણે મૃત્યુથી ધોયાં અપમાન?
કોનાં ઝળકયાં જીવનનૂર? કોણ ધૂમંતો સાવજશૂર?

મુક્તિ કેરો કોણ દૂત એ કરિયાં માનાં ઊજળાં દૂધ?
અખંડ કોનું હૈયું જપતું મોત મુક્તિના જાપ અનુપ?
અજીત કોણે જીત્યો કાળ? વિજય ધરે કોને વરમાળ?—પ્રહ્‌લાદ પારેખ

## સ્પૃહણીયવીર્ય ભાઈ માકડ

'ખડતલ શરીર, લાંબી પડછંદ આકૃતિ, નિયમિત પગ-થળકારા અને ઝીણી મર્મવેધક આંખો એટલે શ્રી છોટુભાઇ માકડ.' આ માસિકના વાચનારાને ચારેક વર્ષ ઉપર કાઠિયા-વાડમાં 'સાઇકલ પર ૩૦૦ માઇલ'ની સહેલગાહ કરનાર ત્રણ યુવાનોનો પરિચય આપવામાં આવ્યો હતો. તેમાંના એક ભાઇ છોટાલાલ લક્ષ્મીશંકર માકડ વિષે, એક સ્નેહી ઉપરના શબ્દો ઉચ્ચારે છે. 'વ્યાયામ એમને મન જીવન-પ્રશ્ન છે.' જીવનપ્રશ્નની વાત બાજુ રાખીએ તોપણ થોડાક વખત પર ભાઇ માકડે વ્યાયામના એક વિશિષ્ટ અંગમાં દર્શાવેલી નિપુણતા આ દેશમાં તો અશ્રુતપૂર્વ છે. તા. ૧૩મી જુલાઇ ૧૯૩૧ના રોજ પોરબંદરમાં પ્રતિષ્ઠિત અને વિશ્વસ-નીય સજ્જનોની સાક્ષીએ એમણે નાનકડો વ્યાયામયજ્ઞ ઊજવ્યો હતો, અને તેમાં 'સ્કિપિંગ'—હમણાંહમણાં છોકરીઓ કરે છે તેવી 'દોરડું કૂદવા'—ની કસરતમાં પોતાનું પ્રભુત્વ દર્શાવી આપ્યું હતું. બારેક મહિનાના સતત અભ્યાસ અને તલ્લીનતા પછી, તે દિવસે એકધારૂં સ્કિપિંગ કરીને દોઢ કલાકમાં એમણે કુલ ૭૦૦૦ સ્કિપ કર્યા અને જગતભરમાં આ વિષયમાં પ્રગતિ કરનાર જેમનાં નામ પ્રસિદ્ધિમાં આવ્યાં છે તેમનામાં ત્રીજું સ્થાન મેળવી શકયા.

'પ્રથમ સ્થાન લેનાર અમેરિકન ચેસ્ટર લેવીઅર એક શ્વાસે ૧૫૦૦૦ સ્કિપ કરી શકયો હતો.' મુષ્ટિયુદ્ધના ઇતિ-હાસમાં અજોડ મનાતો અને હેવીવેઇટ ચ પીઅનશિપનો મુકુટ બાર વર્ષ સુધી ધારણ કરનાર જ્હૉન એલ સલિવાનના ખાતે ૫૦૦૦ સ્કિપ લખાયા છે. એનું શરીર ૨૧૦ રતલ ભારે હતું. એની સ્પર્ધામાં વીસેક વર્ષ પર, જાતે સ્વિસ પણ અમે-રિકાના વતની જ્યૉર્જ ડબ્લ્યુ. રોલૅન્ડોએ ૧૭૬ રતલ વજને ૧૫૦૦૦ સ્કિપ કર્યા હતા. બીજા છૂટાછવાયા પ્રયત્નો ન ગણીએ તોપણ ઉપરના આંકડા સરખાવતાં ભાઈ માકડનો પુરુષાર્થ ખરે જ અદ્‌ભુત છે; કારણકે રોલૅન્ડો અત્યંત સામ-ર્થ્યવાન વ્યાયામપટુ છે. એનો શરીરવિકાસ, વીજળી જેવી એની ચપળતા અને સૅન્ડોને પણ નમાવનાર અદ્‌ભુત અંગબળ ધ્યાનમાં લેતાં ૧૫૦૦૦ સ્કિપ એકધારા કરવા એ એને મન રમત વાત હતી. સલિવાન પણ અપૂર્વ વ્યક્તિ હતી. બૉક્સિંગ-માં એના અદ્વિતીયપણાથી અને હબસી સિવાયના કોઇ પણ જાતના બૉક્સર સાથે લડવાની તત્પરતા તથા વ્યાયામ-પ્રિયતાને લીધે જગતભરમાં એ 'જહૉન એલ.' એવા પ્રેમ-વાચક પદ વડે ઓળખાય છે. એના જેવાની પણ ૫૦૦૦ જેટલી જ ઇયત્તા ભાઇ માકડથી ઊતરતી છે, એટલે અંશે ભાઇ માકડ સવિશેષ ગૌરવપાત્ર છે. પ્રત્યેક પ્રકારના વ્યાયા-



મમાં એમને શ્રદ્ધા છે. એમની વ્યાયામપ્રિયતા ને વ્યાયામપ્રચારમાં તન્મયતાને લીધે આખા કાઠિયાવાડમાં એ 'વીર માકડ'ના ગૌરવભર્યા પદથી ઓળખાય છે. —હ. આચાર્ય

## એહમદઅલી ભૂટવાળાનું પગપાળા પૃથ્વીપર્યટન

અનેકવિધ રીતે પૃથ્વીપર્યટને નીકળનારા સાહસવીરોની વાતોમાં આ નીચે આપેલી, તદ્દન ખુલ્લે પગે અને માત્ર ઘઉંની રોટલીભર રહીને જગતને પ્રવાસે નીકળનાર ભાઈ ભૂટવાળાની સાહસકથા જેટલી પ્રેરક તેટલી જ રોમાંચક છે.

વાંકાનેર (કાઠિયાવાડ)ના વતની, પણ હાલમાં સહકુટુંબ મુંબાઇમાં વસતા એ દાઉદી વોરા ભાઇ એહમદઅલી કાસમજી ભૂટવાળાને આજથી નવ વર્ષ પર યુરોપ અમેરિકાના સાહસિક વીરોની જેમ પગપાળા જગતપ્રવાસે નીકળવાની મહેચ્છા જાગી ને એ મહેચ્છા બર લાવવા તેમણે સને ૧૯૨૨માં ત્રણ ગોઠિયાને સાથે લઈ પ્રથમ તો મુંબાઇથી સુરત સુધી રેલવે સડકે ૭૧૦ માઇલની નાનીશી મુસાફરી કરી. પણ આટલી જ સફરથી સાથીઓ કંટાળી હિંમત હારી બેઠા. એટલે એ મુસાફરી સાથીદારોના અભાવે એટલેથી જ પડતી મૂકવાની તેમને ફરજ પડી. પણ તેથી કંઇ તેમની જાગેલી વૃત્તિ બદલાઇ નહિ. એ ટૂંકી સફરના અનુભવ ને આનંદથી તેમનામાં નવું જોમ આવ્યું ને પૃથ્વીપર્યટનના તેમના વિચારોએ સંકલ્પનું રૂપ પકડ્યું.

પછી તો ૨૪ વર્ષના એ યુવાને તા. ૧–૯–૨૮થી 'ગ્લોબ ટ્રૉટિંગ'ના શુદ્ધ અમેરિકન સાહસનું અનુકરણ કરવાને હામ ભીડી અને મુંબાઇથી બલુચિસ્તાન તરફ પ્રયાણ કર્યું. બલુચિસ્તાન પહોંચતાં જ સરહદ પર તેમને સાત દિવસ નજરકેદ રહેવું પડ્યું. કહેવાય છે કે સરહદ પર હજાર પુરુષો ને હજાર સ્ત્રીઓ છૂપી પોલિસનું કામ કરે છે. પોલિસે તેમને 'તમે જાસૂસ જેવા દેખાઓ છો માટે તમને અહીં રોકવામાં આવશે ને તમારાથી એકલા ક્યાં યે ફરાશે નહિ.' એમ કહી બે માણસનો જાપ્તો તેમના પર મૂક્યો. ભાઇ એહમદઅલીએ પોલિસને ઘણાઘણા સમજાવ્યા કે હું તો મુસાફર–જાત્રાળુ છું, વગેરે. છેવટે પોલિસને વિશ્વાસ બેઠો ને તેમને સરહદ વળોટાવવા પચ્ચીસ માઇલ સુધી બે સવાર સાથે મોકલ્યા.

બલુચિસ્તાનથી તે અફઘાનિસ્તાન પહોંચ્યા. તે વખતે ત્યાં અમાનુલ્લાખાન અને બચાઇ સાકુ વચ્ચે લડાઇ ચાલતી હતી. થોડા દિવસ ત્યાં છૂપા વેશે રહી તેમણે ઈરાનનો રસ્તો પકડ્યો. માર્ગમાં ઇરાનની સરહદની ચોકી આવી, ત્યાં ચોકીવાળાએ તેમને રોક્યા ને કહ્યું કે 'તમે સરહદનો નકશો કરનાવાળા લાગો છો તેથી તમને ઇરાન નહિ જવા દેવામાં આવે.' ત્રણ દિવસ સુધી એમને ત્યાં ભૂખ્યા ને તરસ્યા રાખીને જુમાને દિવસે ઊંટ પર બેસાડી તેહરાનમાં રાજસભામાં લાવવામાં આવ્યા. ત્યાં તેમને ઈરાનના પાદશાહ રેઝાખાન પહેલવી સાથે મુલાકાત થઇ. તે પગપાળા જાત્રાળુ છે ને કરબલા જાય છે તે જાણી શાહ તથા રાજસભાના દરેક સભ્યે તેમને કોટી કરી, ને ૨૫ રીઆલ (સોનાના સિક્કા) તેમને ભેટ આપ્યા. ઉપરાંત શાહે તેમને ત્રણ દિવસ સુધી પોતાના મહેમાન તરીકે રાખ્યા, તથા પોતાની સાથે જમાડ્યા.

ઈરાનથી તેઓ ઇરાક ગયા. ત્યાં બેદુઇ જાતની જંગલી આરબોની જાત રહે છે. એ લોકો વટેમાર્ગુઓને મારી નાખી, મુસલમાની ક્રિયા પ્રમાણે તેમને જમીનમાં દાટીને તેમના માલનો કબજો લે છે. આ જંગલી જાતને જોવાની ભાઇ એહમદઅલીને ઈચ્છા થઇ. ઈરાકના એક સ્ટેશન માસ્તરે તેમને એ જંગલી આરબો અને તેમની ક્રૂરતાનો ચિતાર આપી એ લોકોને ન મળવા જવા ખૂબ સમજાવ્યા. પણ યુવાન એહમદઅલીને તે લોકોના રીતરિવાજ જોવાની અંતરેચ્છા હતી એટલે એની વાતને ન ગણકારતાં જવાને તૈયાર થયા. તેમણે પોતાની સાથે પાણીની એક મસક અને એક લાકડી લીધી. ભાથું તેમણે જાણીજોઇને સાથે બાંધ્યું નહિ, કેમકે એમણે નિશ્ચય કરેલો કે આજે ખાવું તો બેદુઈ લોકોનું જ ખાણું ખાવું. રસ્તે જતાં પાંસઠ બેદુઇ લોકો માથે રૂમાલ બાંધેલા ને હાથમાં બંદુક લઇને પોતાની તરફ નિશાન તાકતા ધસી આવતા તેમણે જોયા. ત્યારે જ એ સાહસિક ભાઇને પેલા સ્ટેશન માસ્તરની વાત સાચી લાગી. તોપણ હિંમત રાખીને તેમણે એ લોકોને 'અસ્સલામ અલેકુમ' કહ્યા. પણ તેનો પ્રત્યુત્તર ન મળતાં ભાઇશ્રી ગભરાયા. છતાં ફરી વાર હિંમત કરી 'અસ્સલામ અલેકુમ' કહ્યા. સામો ઉત્તર 'વઅલેકુમ અસ્સલામ' આવ્યો એટલે ભાઇના ખોળિયામાં જીવ આવ્યો. બેદુઇ લોકો સાથે અરબીમાં વાતચીત થતાં એહમદઅલી જાત્રાળુ છે એમ જાણી તેઓ બહુ ખુશ થયા. તેઓએ તેમને કપાળ, ગાલ ને ગરદન પર ચુંબન ભર્યાં ને પોતાને ઘેર લઈ જઇ તેમની સારી બરદાસ કરી તથા સાથે રોટી ખાવા આપી.

ઇરાકથી તેમણે અરબસ્તાન તરફ કૂચ કરી. અરબસ્તાનનું મોટું રણ ઓળંગવાની ખુલ્લે પગે ચાલનાર ભાઈ એહમદઅલીને ઈચ્છા થઈ. રસ્તાની કઠણાઇ અને સમયની ગણતરી કરી તેમણે પોતાની સાથે પંદર દિવસ ચાલે એટલું પાણી અને ભાથું બાંધી લીધું. આ રણમાં બસો માઇલને છેટે એક એક મંજિલ (ચોકી) આવે છે. દરરોજ રાતના ૨૦–૨૨ માઇલ ચાલતાં, તે મંજિલે પહોંચી શકાશે એમ ધારી તેમણે ચાલવા માંડ્યું. ચોકીમાં એક મોટી સર્ચલાઇટ રાખવામાં આવે છે, જેના પ્રકાશે દિશા શોધી મુસાફર રાત્રે ચાલે છે. સખત ગરમી ને ખુલ્લે પગે ચાલવાનું હોવાથી એહમદઅલી રાત્રે ચાલતા ને દિવસે રેતીમાં ખાડો ખોદી સૂઇ રહેતા. રેતીમાં ઊંડો ખાડો ખોદવાથી ત્યાં ઠંડક રહે છે.

તેમની પાસે ભૂગોળ તથા સારાંસારાં ઐતિહાસિક પ્રખ્યાત શહેરોનો નકશો હોવા છતાં તે રસ્તો ભૂલ્યા ને મંજિલ ૨૦૦ માઇલ દૂર રહી ગઇ! પંદર દિવસનો ખોરાક દસ દિવસમાં ખૂટી ગયો ને સખત ગરમીને લીધે મસક-

માંનું પાણી પણ સુકાઇ ગયું! ત્રણ દિવસ સુધી તેમણે અન્ન ને પાણી વિના ચાલ્યા કર્યું, પણ ક્યાંય ચોકી નજરે પડે નહિ. હવે પગ કશું કરતા નહોતા. મોત નજીક આવતું લાગતું હતું. અંતે તેમણે રેતીમાં ખાડો ખોદ્યો. પાસપોર્ટ પોતાની છાતી પર મૂક્યો ને પોતાની ધર્મક્રિયાના ફકરા બોલી, શરીર પર ધોળું લૂગડું ઓઢી પૃથ્વી માતાની ગોદમાં (ખાડામાં) સૂઇ ગયા. શ્રમ ને નબળાઇને લીધે તેમને નિદ્રા આવી ગઇ. આ નિદ્રા કદાચ છેલ્લી જ હોત, પણ એકાએક આકાશમાં ઘરરરર્ અવાજ થતાં તે ઝબકી ઊઠ્યા. એ અવાજ બગદાદથી લંડન ટપાલ લઇ જતા ઍર મેઈલનો હતો. એ જોતાં જ તેમને બચવાની કંઇક આશા બંધાઇ. તરત જ પોતાનો કામળો ફફડાવીને નિશાની કરી, પણ નબળાઇને લીધે તે બેભાન થઇ પાછા ખાડામાં ફસડાઇ પડ્યા. ઍર મેઈલમાંનાં માણસો તે નિશાની જોઈ નીચે ઊતર્યાં ને તપાસ કરતાં ખાડામાં બેભાન પડેલા એહમદઅલી હાથ આવ્યા. ઍર મેઇલમાંના અંગ્રેજ માણસોએ તેમને પાણી પાયું ને ખાવાનું પેટમાં જતાં એહમદઅલીભાઇમાં જીવ આવ્યો ને બોલવાને શક્તિમાન થયા. પોતે ખુલ્લે પગે વર્લ્ડ ટૂર ઉપર (પૃથ્વીપર્યટને) નીકળ્યા છે તે જાણી ઍર મેઇલમાંના માણસો બહુ નવાઇ પામ્યાં ને તેમને તે માટે અભિનંદન આપીને તેમને ૨૦૦ માઇલ ખરા માર્ગથી દૂર ચાલ્યા છો એમ જણાવી પોતાના વિમાનમાં બેસવાનું આમંત્રણ આપ્યું. પણ તે વીર ભાઇએ તેમનો ઉપકાર માન્યો ને કહ્યું કે 'હું પગે ચાલીને મુસાફરી કરવા નીકળ્યો છું તેથી વિમાનમાં બેસી શકીશ નહિ. મને માત્ર થોડા દિવસ ચાલે તેટલું પાણી તથા ખાવાનું આપો; એટલે હું મારો રસ્તો આગળ કાપીશ.'

રણ વટાવી એહમદઅલી ઇજિપ્તના કૅરો શહેર પહોંચ્યા. કૅરોમાં ફ્રેંચ કૉન્સલ રહે છે તેણે એમનો પાસપોર્ટ માગ્યો. પાસપોર્ટમાં ચાર માણસનાં નામ છે ને તમે એકલા કેમ છો તેમ કહી કૉન્સલે તેમને આગળ વધતા અટકાવ્યા. વળી પાછી મુશ્કેલી ઊભી થઇ. એટલે હવે આગળ વધવાનો વિચાર મોકૂફ રાખી તેમણે પાછા ફરવાનું ઉચિત ધાર્યું ને ઈરાક, ઇરાન તથા અફઘાનિસ્તાન થઈ હિંદમાં પાછા ફર્યા.

હિંદમાં તેઓ ઉદેપુરના રાણાના મહેમાન થયા હતા. રાણાએ તેમના સાહસની કદર કરી તેમને એક વ્યાઘ્રચર્મ તથા ભાલાવાળી લાકડી ભેટ કર્યાં છે. ખાનદેશમાં ફરતાં તેમને વાઘનો ભેટો થએલો પણ તેના પંજામાંથી છટકી થએલા.

કેવળ ઘઉંની રોટલી ને પાણી ભર રહેતાં મહિને માત્ર એક રુપિયાનું તેમનું ખર્ચ આવે છે. ખાખી ખમીસ ને ચડ્ડી એ તેમનો હમેશનો પહેરવેશ છે. અને તે બંગાળી બાવીશ શેર વજન ઉપાડી શકે છે.

એ સાહસિક બિરાદર હાલમાં કાઠિયાવાડના પ્રવાસે નીકળ્યા છે. ભાવનગર વગેરે સ્થળે જઇ, હળવદથી કચ્છમાં ઊતરી, ત્યાંથી રજપૂતાના, મધ્ય હિંદ, બંગાળા અને બ્રહ્મદેશમાં થઇને સીઆમ, પીનાંગ અને જાવા જશે. ત્યાંથી ચીન, જાપાન થઈ અમેરિકા, ઇંગ્લંડ વગેરે સ્થળે થઇને હિંદ પાછા આવશે. ત્રણ વર્ષમાં એમણે ચૌદ હજાર માઈલ કાપ્યા છે; હજી પચાસ હજાર માઇલ ચાલવાની એમની હામ છે. આવા સાહસિક કાઠિયાવાડી વીરને, કાઠિયાવાડી જ નહિ પણ હિંદભરના યુવાનોનાં ખરા દિલથી અભિનંદન હો.

જયંતીલાલ નંદલાલ ભટ્ટ

## હિંદના ફનાગીર રાજવીઓ

'લંડન, ન્યૂયૉર્ક કે પારીસમાં વસતા દુનિયાના મોટામાં મોટા ઉડાઉગીરો પણ હિંદનાં દેશી રાજ્યો ચલાવતા રાજવીઓ આગળ કંઇ જ હિસાબમાં નથી તેમની વાર્ષિક આવક આગળ યુરોપના રાજવંશીઓનાં વર્ષાસન મામૂલી લાગે છે.

દિલ્હીમાં જ્યારે નરેન્દ્ર મંડળની સભા મળે છે ત્યારે તેમની મોટરકારોના ભભકા અમેરિકાના મોટર મેળાથી યે ચડી જાય છે. એ નરેન્દ્ર મંડળ ખરી રીતે તો સૌ રાજાઓને જ લગતી બાબતોની ચર્ચા કરવા અને પોતાના નિરવધિ વ્યવહારમાં આવતી મુસીબતો દૂર કરવાના હેતુથી મળે છે, પણ એમાંના કોઈ રાજાને બીજા જોડે કશી જ નિસ્બત હોતી નથી. તેઓ પોતપોતાના રાજ્યમાં સર્વસત્તાધારી છે અને પ્રજાકલ્યાણ માટે ભાગ્યે જ એમાંનો કોઇ દરકાર રાખે છે.

રાજાઓની એ મોટરોમાંની કોઈ તો સોનારૂપાનાં પતરે મઢેલી હોય છે અથવા અતિ મોંઘા સામાનની બનાવેલી હોય છે. એક ઉપર તો મોટી ડિસ્ટ્રૉયર બોટ પર હોય એવડી સર્ચલાઇટ છે! બીજી વળી લોખંડનાં એવાં બારીબારણાંવાળી છે કે અંદર બેઠેલો માણસ તદ્દન સુરક્ષિત રહે. ત્રીજીમાં વળી બાજુના પાટિયા પર વાજું છે જે એક નોકર હજુરશ્રીના આનંદ માટે વગાડ્યા કરે છે! રાજાઓની આ મોટરોની કિંમતોનો સરવાળો કરોડો ઉપર જાય તેમ છે. આ બધા રાજાઓ બ્રિટિશને સાર્વભૌમ સત્તા તરીકે નમન કરી જોડાએલા રહે છે. મોગલ સત્તા તૂટ્યા પછીનાં આ ૫૬૨ રાજ્યો દરેક એકએક જુદી રાજસત્તા છે; પુરાતન જોહુકમીના અવશેષો છે.

એ દેશી રાજ્યો એટલે સાત કરોડ માણસોનો અથવા પોણા સાત લાખ ચોરસ માઈલના પ્રદેશનો સવાલ નથી, પણ ૫૬૨ રાજકર્તાઓ (અથવા થોડાએક જીવતા ઝાર) અને તેમનાં મહાલયો, રાણીઓ તથા મોજશોખોનો સવાલ છે. એ રાજાઓ કાયદાનાં યંત્રો ચલાવી પ્રજાની કમાણી પદ્ધતિસર ચૂસ્યે જાય છે. આ ૫૬૨ રાજ્યોમાંના રાજખર્ચનો સરવાળો દુનિયા આખીમાં ભારેમાં ભારે થાય એટલો છે.

દુનિયાના બીજા ચડિયાતા રાજકર્તાને મળતી રકમનાં ધોરણ તરીકે સ્વીકારીએ તો હિંદના રાજકર્તાઓને મળતી રકમ સેંકડોગણી વધુ જણાશે. ઇટલી અને ઇંગ્લંડ જેવા સાર્વભૌમ દેશોના સર્વ સત્તાધારી રાજાઓની આવક—તેમની




ઘણાને ખ્યાલ પણ નહિ હોય કે ઉપલા નકશામાં કાળો ભાગ બતાવ્યો છે એટલાં બધાં દેશી રાજ્યો હિંદમાં હશે! એ બધા રાજાઓ ધારે તો પોતાની હકુમત નીચેના લગભગ અરધા હિંદને સુખી કરી શકે.

ખાનગી જાગીર સુદ્ધાં નિયત કરેલી છે અને આજે દુનિયાનો કોઇ પણ રાજા પ્રજાની મહેસૂલનો એક ટકો પણ ભાગ્યે જ પામે છે. જો કોઇ રાજા એ રીતે તેને અંગત મળેલી આવક ઉપરાંત રાજ્યનો એક પૈસો સરખો પણ વાપરે કે વાપરવા ઇચ્છે તો પ્રજામાં બળવો જ થાય અને કદાચ તેને પદભ્રષ્ટ થવું પડે. વળી દુનિયાના બીજા મુલકોમાંના એ રાજાઓ પ્રજાની સંમતિથી પ્રજા પ્રતિનિધિઓને સાથે રાખીને રાજ્ય ચલાવે છે.

જ્યારે હિંદી રાજકર્તાઓ પ્રજાને પૂછ્યા વિના જ રાજ કરે છે, મરજી પડે તેમ વેરા નાખે છે અને મનમાં ફાવે તેવા કાયદા ઘડી રાજ્યની આવકમાંથી પોતાને જોઇએ તેટલી રકમ ખર્ચી જાય છે. તેમની એ આપખુદીની આડે કોઇ આવતું નથી. તેમની એ ઉડાઉગીરી બધું હકથી મંજૂર છે!

બીજા દેશોના તથા હિંદના રાજાઓની આવક હવે સરખાવીએ: ઈંગ્લંડના રાજાને પ્રજાની આવકનો ૧/૧૬૦૦ ભાગ મળે છે, બેલજિયમના રાજાને ૧/૨૦૦૦ મળે છે, ઇટલીના રાજાને ૧/૫૦૦ મળે છે, ડેનમાર્કના રાજાને ૧/૩૦૦, જાપાન જેવાના રાજાને ૧/૪૦૦, નેધરલૅંડની રાણીને ૧/૬૦૦, અને નૉર્વેના રાજાને ૧/૭૦૦ ભાગ ખર્ચ માટે મળે છે. જ્યારે હિંદમાં ત્રાવણકોરનાં મહારાણી રાજ્યની ઉપજનો ૧/૧૭ જેટલો, મ્હૈસુરના મહારાજા ૧/૧૪મા ભાગ જેટલો, નિઝામ ૧/૧૩ ભાગ, વડોદરા ૧/૧૩ અને કાશ્મીર તથા બીકાનેર જેવા રાજ્યની આવકનો ૧/૫ જેટલો ભાગ અંગત ખર્ચમાં વાપરી નાખે છે. એ સિવાય કેટલાક રાજાઓ તો ૧/૩ કે ૧/૨ જેટલો ભાગ વાપરનારા પણ છે!

આ રકમોમાંથી માત્ર કિંમતી મોટરકારોનો રસાલો જ નથી લેવાતો. કેટલા ય પોતાની ધૂન અને શોખના પદાર્થો, પ્રાણીઓ કે માણસો ઉપર રૈયતના એ પૈસા ફના કરી રહ્યા છે. કોઇ શિકારથી ધરાતા નથી, કોઇ મહેલો જ બાંધ્યા કરે છે, કોઇ રાણીઓ જ પરણ્યા કરે છે અથવા નવીનવી સ્ત્રીઓ લાવે છે, તો વળી કેટલાક મોટરકારો બદલ્યા કરે છે.

(શ્રી કનૈયાલાલ ગૌબાના પુસ્તક 'પૅથોલોજી ઑફ પ્રિન્સિસ'માંથી)

## તમે કદાચ જાણતા નહિ હો

દુનિયામાં સૌથી મોટામાં મોટા ધનવાન તરીકે હૈદરાબાદના નિઝામ ગણાય છે. તેમની પાસે કેટલું નાણું છે તે કોઇ કહી શકે એમ નથી. અટકળે કહેવાય છે કે શુમારે ૬,૦૦૦,૦૦૦,૦૦૦ રૂપિયા તેમની પાસે હશે. એમની ઉમર આજે ૪૫ વર્ષની છે. તેમના રાજ્યની વસ્તી ૧,૩૦,૦૦,૦૦૦ છે. એમની ખાનગી તીજોરીમાં જ ૧૦,૦૦,૦૦૦,૦૦૦ રૂપિયાનું સોનું વગેરે અનામત છે. તેમનું અને કુટુંબનું ઝવેરાત કેટલી કિંમતનું હશે તે તો કોઇ જ કહી શકતું નથી. મહાન યુરોપી લડાઇ વખતે તેમણે બ્રિટિશ સરકારને ૧૦૦,૦૦૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા.

તેઓ ભાગ્યે જ હિંદુસ્તાન બહાર જાય છે. તેઓ દિલ્હી ગયા ત્યારે વીસ પુલમૅન મોટરકારો લઇને ગયા હતા. તે ઉપરાંત ચાર ટ્રેનો ભરીને સામાન પહોંચાડ્યો તે જુદું. તેમની ચારસો ખાસ મોટરકારમાંથી પસંદ કરેલી કેટલીએક તે ટ્રેન પર હતી. તેમની ખાનગી આવક દર વર્ષે ૧૨૦,૦૦૦,૦૦૦ ની થવા જાય છે: આટલી બધી સંપત્તિ છતાં પોતે સાદા રહે છે એમ કહેવાય છે; પણ મકાનો બાંધવા પાછળ અનગળ દ્રવ્ય ખર્ચે છે. (અંગ્રેજી ઉપરથી)

## કડવા ઘૂંટડા

આ મથાળા નીચે, ફરી શરૂ થએલા ભરૂચના અઠવાડિક 'વિકાસ'માં આપણા સામાજિક દૂષણોનાં કટાક્ષાત્મક ચિત્રો આલેખાતી લેખમાળા શરૂ થઇ છે; તેમાંનો બીજો લેખ આ નીચે આપ્યો છે:

'આગળ જાઓ, અહીં જગ્યા નથી.'

આગગાડીના ત્રીજા વર્ગના ડબ્બામાં બારી પાસે બેસવાનો એક લ્હાવો છે. તે જગ્યાએથી સાધારણ રીતે વાંકા વળી ગએલાં શરીરોને બંને બાજુથી ટેકા મળે છે; તે જગ્યાએથી બારણું ખોલી તરત બહાર જવાય અવાય છે; તે જગ્યાએથી સ્ટેશન આવે ત્યારે સામાન ઉતારી સૌથી પહેલાં ઊતરી જવાય છે. પણ એ જગ્યાનો ખરો મોભો તો ત્યાં પલાંઠી વાળી નિરાંતે બેસી હુકમો કાઢવાનો હોય છે. પોતે બેસી ગયા એટલે બીજાને ગાડીમાં દાખલ થવાની પણ જરૂર નથી એવો ત્યાં બેસનારને મહાન ખ્યાલ આવે છે, એટલે કોઇ બારણાની કડીને જરાક હાથ લગાડે કે તરત જ બારી પાસે બેઠેલા ભાઇ ઘાંટો પાડી બોલી ઊઠે છે: 'આગળ જાઓ, અહીં જગ્યા નથી.'

એક વાર બેઠા પછી કેમ જાણે આગગાડીનું બારણું

બાપદાદાનો વારસો હોય એમ ત્યાં બેસનારા તે સાચવી રાખે છે. લાગ ફાવે તો ચાવી મારી નિરાંતે બારીમાંથી ડોકું બહાર કાઢી જોયાં કરે. ઉતારુઓ ગભરાએલા, બહાવરા, આમથી તેમ દોડધામ કરી મૂકે. બારણું ઉઘાડું દેખી અંદર દાખલ થવા ધસે ત્યાં તો ઝટ લઇને દેવાઇ જાય. ઝાઝા સવાલ જવાબ કરવા કોણ રોકાય? ગાડીની ભીડ, સામાન, છોકરાંનો બોજો, ને બીજી અગવડોને લીધે ઉતાવળ થાય, રઘવાટ થાય; તેમાં બારી પાસે બેસનારની દાદાગીરી ચાલે. અને જે સ્ટેશને પ્લૅટફૉર્મ ન હોય ત્યાં નવા બેસનારાને કેવી મુશ્કેલી નડતી હશે તેનો ખ્યાલ ગાડીમાં બેઠેલાઓને શેનો આવે?

તમે અંદર દાખલ થાઓ તો કેટલાક લાંબા થઇને પડયા હોય એ ઊઠે જ નહિ. કેટલાક પેટી બિસ્રા બેઠક નીચે કે છાજલી ઉપર મૂકે જ નહિ. કેટલાંક બૈરાં ઘૂમટો તાણી અવળાં ફરી બેઠાં હોય તેમની નજદીક કોઇથી બેસાય નહિ. કોઇને કશું કહેવા જાઓ તો તકરાર જ થઇ બેસે. અને એ તકરારોમાં જેનો અવાજ વધારે મોટો અને લાંબો વખત ટકી રહે તેમનો અંતે વિજય થવાનો હોય, એટલે એવી તકરારો પણ કોણ કરે? ટૂંકી મુસાફરીમાં નકામાં મન દુભાવવાં!

આટલેથી વાત અટકે નહિ. બારીબારણાં બંધ હોય, બધાં જંપીને આંખ મીંચી પડયાં હોય ત્યાં બીડીના ધુમાડા નીકળવા લાગે. પછી આખો ડબો ભલે ગુંગળાઈ જાય તેની પરવા નહિ. તમે ધ્યાનથી જોયા કરો કે હવે અરધી પીધી, હવે થોડી જ બાકી રહી છે, હમણાં પૂરી થશે, ત્યાં તો પડખેનો બીજો માણસ પાંચ દિવાસળી ઘસી બીડી ચેતાવે. કોઇક વળી અરધો કલાક ઉધરસ ખાઇ મોટો ભારે ગળફો ટપ દઇને નીચે પાડે, કોઇક પોતાની જગ્યાએ બેઠાબેઠા નિરાંતે ભારે અવાજ કરી નાક સાફ કરે અને બધો યે બગદો જોડે બેઠેલાના પગ આગળ નાખે; અને આ બધું કરવા છતાં જાણે કંઇ જ બન્યું ન હોય એમ ઘોરવા માંડે. જેને પોતાની યે પૂરી ચિંતા ન હોય તે પારકાની શી પરવા રાખે?

એક જણ પોપૈયું કાપે તેનો બધો કચરો પગ આગળ નાખે; બીજો નારંગી ખાય તેના છોડાં તથા કૂચા પણ પગ આગળ જ નાખે; ત્રીજો કેળાં ખાય તે પણ તેવી રીતે; ત્યારે ચોથાના મનમાં એમ થાય કે હું મગફળી ને બોરનાં છોડાં કે ઠળિયા આખી ગાડીમાં વેર્યા કરૂં તેમાં તો કાંઈ નહિ; એ તો ટિકિટના પૈસા આપ્યા ત્યારથી મળેલો હક છે. ગાડીને ગંદી ન કરીએ તો ગાડીવાળા જાણે શી રીતે કે આ ડબ્બામાં આપણે મુસાફરી કરી છે!

પણ ગંદકી એકલી જ થતી હોય તો પણ ઠીક, ગાડીની બહાર નજર રાખી નભાવી લઇએ. ગંદકી ઉપરાંત પણ કેટલી કનડગત થાય છે તેનો વિચાર નથી આવતો? ઘણાંને ગાડીમાં ઝોકાં ખાવાની ટેવ પડી હોય છે અને કોપરાં જોખતાં હોય તેમ માથું ધબ દઇને ઝુકાવ્યા કરે છે. તમારા ઉપર આખા શરીરનો હિલોળો દર બે મિનિટે આવ્યા કરે અને તમે ન ઈચ્છો તો યે આલિંગન દઇ ચાલ્યો જાય એવું નથી અનુભવ્યું? પરસેવાથી તરબોળ અને ગંધાતા શરીરને આવી રીતે અથડાતાં દૂર રાખવાં હોય તો યે પંચાત થઇ પડે. પણ આગગાડી કાંઈ ઘર છે? એમાં તો બધું ચલાવી લેવું પડે.

આગગાડીનાં જાજરૂ તો કેમ જ ભૂલી જવાય? આખા સમાજની મનોસૃષ્ટિનું અહીં માપ નીકળે છે. મનમાં ઠાંસી ઠાંસીને ભરી રાખેલી વૃત્તિઓ આ એકાંતની પારકી જગ્યામાં ઊભરાઈ જાય છે અને નાનામોટા આડાઅવળા અક્ષરોમાં એવું તો ચીતરી મારે છે કે જાણે એ લખવાની ઘડી એ જિંદગીની છેલ્લી ઘડી જ ન હોય? આ જાજરૂમાં બાળકો, સ્ત્રીઓ બધાં જ જવાનાં અને આવાં લખાણો ઉપર નષ્ટકાની નજર પડવાની. એ છતાં એકકે ત્રીજા વર્ગના ડબ્બાનું જાજરૂ કોરૂં રહ્યું નહિ હોય. એ શું બતાવે છે? પ્રજાના મનના ભંડારમાં એવી જાતના વિચારો જ ભરેલા છે. અંતર નીરોગી નથી અને મનનાં પાપ હજી સુધી ધોવાયાં નથી.

ગાડીના ત્રાસ ઓછા નથી. કંપનીવાળા ગમે તેવા હોય પણ આપણા જ ભાઈઓ નથી સમજતા તેનું શું? જે મુસીબતો પોતાને નડી હોય તે જ મુસીબતો પાછી બીજાને આપતાં કોઇ અચકાય છે ખરા? તે વખતે તો બધા મનમાં એમ જ કહે છે કે 'એ તો એમ જ ચાલે!'–બસ? —હકીમજી

## ગરીબ મટી શ્રીમંતાઈ પામેલું નગર

યુરોપીય મહાવિગ્રહ પછી ઑસ્ટ્રીઆનું પાટનગર વીએના કંગાલમાં કંગાલ નગર હતું. તેનું મૃત્યુપ્રમાણ પણ સૌથી વિશેષ હતું. વિગ્રહના સમયે પહેલાં કરતાં આ પ્રમાણ ૬૦ ટકા વધ્યું હતું અને બાળમૃત્યુની સંખ્યા ૧૦૦ ટકા સુધી ગઈ હતી. એ જ સાલમાં સામ્યવાદીઓના હાથમાં રાજ્યતંત્રનો કાબુ આવ્યો. તેમણે કેટલાક ધંધા જે ખાનગી લાભ માટે ચાલતા હતા તેમાંના ઘણાખરા મ્યુનિસિપલ હકુમતમાં લેવાને જબરી ઝુંબેશ ચલાવી. પ્રથમ તો તેમણે કંગાલો માટે ગૅસ, વીજળી, વાહનો અને સારાં ઘરો વગેરે સસ્તા દરે પૂરાં પાડવાનો કાર્યક્રમ યોજ્યો. ત્યાર પછી તેમણે પ્રસુતિગૃહની યોગ્ય વ્યવસ્થા; બાળસંરક્ષણ, તેમજ બેકારી, વૃદ્ધાવસ્થા અને માંદગીમાં મજૂરોને રક્ષણ આપવાનું કાર્ય શરૂ કર્યું!

વિગ્રહ પહેલાંના કરતાં આજે વાહન, વીજળી અને ગૅસના દરોમાં ૨૦ ટકાનો ઘટાડો થયો છે. સમાજવાદીઓએ રાજ્યતંત્ર સંભાળ્યું ત્યારે વીએનામાં ઘરોની સ્થિતિ આખી દુનિયામાં સૌથી વધારે ભયંકર હતી. વિગ્રહ પહેલાં શહેરમાં બંધાએલા એક હજાર ફ્લૅટમાં નવસો પચાસ જેટલાને તો પાણીની તંગી હતી અને મકાનોમાં જાજરૂની પણ અગવડ હતી. પોણો સો ટકા જેટલાં કુટુંબોને ફક્ત એક જ ઓરડો હતો, અને જેમને બે હતાં તેમને ફક્ત એક નાની ઓરડી અને એક ઓરડો જ હતાં. આવા અગવડભરેલા સ્થળમાં પણ કમાનાર

પુરુષને તેની આવકના પાંચમા ભાગ જેટલું ભાડું આપવું પડતું. ૧૯૧૯ પછી એ શહેરમાં ચોસઠ હજાર નવાં ગૃહો બંધાયાં છે અને તેમાં આશરે બે લાખ માણસો સમાય તેટલી વ્યવસ્થા થઇ છે. આ દરેક મકાન માટે નિયત જમીનમાંથી અરધો અરધ જમીનનો ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો છે. અને તેમાં બગીચાઓ, ક્રીડાંગણો અને તરવાના હોજ કર્યાં છે. આ ચારપાંચ ખંડોવાળા ઘરનું ભાડું પહેલાં એક જ ખંડનું આપવું પડતું તેના યે પાંચમા ભાગનું હોય છે ! પ્રસુતિગૃહો અને બાળઊછેરના કાર્યમાં વીએનાએ એટલી પ્રગતિ કરી છે કે આજે તેનું મૃત્યુપ્રમાણ દુનિયામાં સૌથી ઓછું છે. બાળકના જન્મ પહેલાં પાંચ માસથી અને જન્મ પછી કેટલાક માસ સુધી બાળકની માતાને સુવાવડખર્ચ મળે છે અને બાળકના જન્મ વખતે તેને મ્યૂનિસિપલ પ્રસુતિગૃહની બધી સગવડો મળે છે. નિશાળે ભણતાં બાળકોની નિયમિત દાકતરી તપાસ થાય છે અને કોઇ પણ જાતની ખોડ અથવા રોગ માટે તેમની મફત સારવાર થાય છે.

ત્યાં મજૂરોના દરોનું ધોરણ પણ નક્કી કરેલું છે ને મરજી પડે ત્યારે તેમને કોઇ બરતરફ કરી શકે નહિ એવા કાયદા છે. ઉપરાંત તેમની કમતાકાત, ઘડપણ ને માંદગીના વખતમાં માલિકો પોષણ આપે છે. આ કલ્યાણકાર્યના ખર્ચનો નિભાવ માલિકો ઉપર નાખેલા સહાયક કર ઉપર થાય છે અને મ્યૂનિસિપલ અંદાજનો ખરો ભાર તે જ ઉપાડે છે. માલિકો મજૂરોને જે પગાર કે દર ચૂકવે તેના ચાર ટકા જેટલો માસિક કર તેમને ભરવો પડે છે. બૅંકોને આઠ ટકા ભરવાનો હોય છે.

એ શહેરનું તંત્ર લગભગ દેવાળિયા હાલતમાં સમાજવાદીઓના હાથમાં આવ્યું હતું. છતાં ઉપરનાં કામો માટે તેઓ પૈસા મેળવી શકયા હતા. કરની રકમ ઉઘરાવીને તેમણે ફરી વાર પ્રજામાં જ તે વહેંચીને વધુ ભાર શ્રીમંતો ઉપર નાખી ગરીબોને રાહત આપી છે. ૧૯૧૩ ઇનકમટૅકસની છેલ્લી હદ લગભગ મિલ્કત દીઠ ૫૨ રૂપિયા હતી તે શ્રીમંતો અને ગરીબો સરખો જ ભરતા. ૧૯૨૮માં તે ૫૮ રૂપિયા થઇ હતી અને તેનો મોટો ભાગ શ્રીમંતો જ ભરે છે.

ત્યાં ઘણા સુખવિલાસનાં સાધનો ઉપર કર છે; જેવાં કે ઘોડા, દારૂ, હૉટેલો, જાહેર ખબરો, હરાજીઓ, નોકર રાખનારાઓ, મોટરો વગેરે. એક ફોર્ડ મોટર પર વરસે રૂ. ૫૦૦નો કર છે.

પણ મ્યૂનિસિપાલિટીને મોટી રકમ તો ભાડામાંથી જ મળી રહે છે. ભાડાનો દર નક્કી કરનારો એક કાયદો કરીને તેમણે ઘરધણીઓને છેક છેલ્લી કિંમત પર આણી દીધા છે. જમીન વેચાણ ઉપર પણ કર નખાયો છે. વળી વેરા મકાનભાડાના પ્રમાણમાં ભરવાના હોય છે. તેથી વધારે ભાડાં ભરી વધારે શોખથી રહે તેમણે વધુ ભાર ખેંચવાનો હોય છે. આવા કરોથી મ્યૂનિસિપાલિટીની તિજોરીમાં નાણાં ભરાતાં ગયાં અને તેમાંથી મ્યૂનિસિપાલિટીએ પોતાની જમીન ખરીદવા માંડી. જમીનની કિંમત તો પહેલાંના હિસાબે મામૂલી થઈ ગઇ હતી તેથી હાલ વીએનામાં ૩૦ ટકા જેટલી જમીન મ્યૂનિસિપાલિટીની છે. આ બધા ઉપરાંત મ્યૂનિસિપાલિટીએ ઘણી જાતના ઉદ્યોગ ધંધા પણ હાથમાં લીધા છે, તે લગભગ ૬૬ જેટલા છે અને મોટે ભાગે ઇજનેરી કે બાંધકામને લગતા છે. તે સાથે દફનની ક્રિયા, સાર્વજનિક રસોડાં, મિઠાઇખાનાં અને ધોબીખાનાં તે બિલકુલ નફા વગર ચલાવે છે અને એ રીતે વીએનાના શહેરીઓને દુનિયાની કોઇ પણ પ્રજા કરતાં વધુ સંભાળ અને સારવાર મળી રહે છે. (ટ્રેઝરચેસ્ટ)

## મિશેલ ફેરાડે

હમણાં છેલ્લાં બેએક અઠવાડિયાં થયાં છાપાંઓ અને માસિકોમાં મિશેલ ફેરાડેનું નામ ખૂબ તરી આવતું જણાયું છે. ગયા માસમાં જ તેની કરેલી અભૂતપૂર્વ શોધની શતાબ્દિ ઊજવાઇ. આજથી સો વર્ષ પહેલાં ૧૮૩૧ના ઑગસ્ટમાં તેણે કરેલા એક નાના પ્રયોગથી હાલના રેડિયો અને ટેલિફોનનાં બીજ રોપાયાં. ફેરાડેએ એ વખતે થોડાં દોરડાં અને ગણીગાંઠી રાસાયનિક સામગ્રી વડે પ્રયોગો કરીને ઇલેક્ટ્રો મૅગ્નૅટિક ઇન્ડકસનની જે શોધ કરી તેના પરિણામે જ આજે ટેલિફોન, રેડિયો, બ્રોડકાસ્ટિંગ વગેરે વિદ્યુત્વાહકો શકય બન્યાં છે. પણ તેના એ પ્રયોગ અને શોધો કરતાં પણ તેનું જીવન ઘણું જ પ્રેરક બોધક અને રસમય છે.

ઇંગ્લંડના યૉર્કશાયર પરગણામાં એક લુહારને ત્યાં તે જન્મ્યો. કુટુંબની ગરીબીને લીધે તેના પિતા લંડનમાં ન્યૂઇંગ્ટનના પૅરીસ સ્કવેરમાં કુટુંબકબીલા સાથે આવી રહ્યા. કુટુંબની નબળી સ્થિતિ અને તે જમાનાના મોંઘા ભણતરને કારણે ફેરાડે માત્ર થોડું વાંચતાં લખતાં અને કામચલાઉ ગણિત જ શીખ્યો, અને પછી તરત દસ વર્ષની કાચી કુમારવયે એક બુકસેલરને ત્યાં તેને નોકરીએ રહેવું પડ્યું. ત્યાં તેને ચોપડીઓ વેચવા જવું પડતું. તેને તેમાં ખૂબ મુશ્કેલી નડતી. હાલની પેઠે તે વખતે ચોપડીઓ આટલી સસ્તી ન હોવાથી લોકો હાલની લાયબ્રેરીની પદ્ધતિની પઠે પુસ્તકો થોડાક કલાક રાખી, વાંચી પાછાં વાળતા. આમ એક વરસ સુધી દુકાની સાફસૂફ તથા ટહેલટપ્પાના કામ પછી દુકાનના માલિકે મિશેલને ચોપડીઓ બાંધવાનું કામ સોંપ્યું.

અહીં મળતી ફુરસદના વખતમાં તે બંધાવા આવતાં પુસ્તકો વાંચતો. વિજ્ઞાનને લગતાં, અને ખાસ કરીને રસાયણ-વિજ્ઞાનનાં પુસ્તકોમાં તેને બહુ રસ પડતો. કમાણીમાંથી કરકસર કરી તે જે કાંઇ બચત કરતો તે વિજ્ઞાનને લગતા પ્રયોગોમાં ખરચતો અને પોતાનો અભ્યાસ આગળ વધારતો.

એક વખતે કોઇ ઘરાકે તેને પ્રખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી સર હમ્ફ્રી ડેવી (જેમણે કોલસાની ખાણના કારીગરોને ઝેરી ગૅસથી ચેતવે એવા પ્રખ્યાત દીવાની શોધ કરી છે)ના ભાષણમાં જવાની ટિકિટો મેળવી આપી. મિશેલે આ ભાષણો ખૂબ ધ્યાનપૂર્વક



સાંભળ્યાં, એટલું જ નહિ, પરંતુ તેની નોંધ લઈ સર હમ્ફ્રી ઉપર મોકલી આપી, અને સાથે વિજ્ઞાનના ક્ષેત્રમાં કામ કરવાની પોતાની ઇચ્છા દર્શાવતો એક પત્ર પણ બીડયો. સર હમ્ફ્રીએ આ નોંધની ખૂબ પ્રશંસા કરી, અને આ જ અરસામાં તે પોતાના એક અવ્યવસ્થિત મદદનીશથી ખૂબ કંટાળેલા હોવાથી તેની જગ્યાએ મિશેલ ઠીક કામ લાગશે એમ જણાયાથી તરત જ તેમણે મિશેલને તે કામદારની જગ્યાએ નીમી પોતાની વિશ્વવિખ્યાત પ્રયોગશાળા (રૉયલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ સાયન્સ) માં બોલાવ્યો. આ વખતે ફેરાડેની ઉમર બાવીસ વરસની હતી. ફેરાડેએ તે દિવસથી આ પ્રયોગશાળામાં પોતાના જીવન પર્યંત કામ કર્યું, તેમાં શીશીઓ ધોવાના નજીવા કામથી માંડીને તે છેક સારી યે દુનિયાને કલ્યાણકર થાય તેવા મોટા પ્રયોગો કરવા સુધીની કામગીરી તેણે બજાવી.

સ્વભાવે મધુર, કામ કરવામાં ખડતલ ને બુદ્ધિના અત્યંત વિચક્ષણ એ પુરુષે સમય જતાં દેશભરમાં પોતાની પ્રતિભાને બળે નામ કાઢયું જ્ઞાનપ્રચારની તેને એટલી ધગશ હતી કે ગમે તેના આમંત્રણથી નાનાં બાળકો આગળ પણ તે વિજ્ઞાન પર વ્યાખ્યાનો આપતો. અભ્યાસ બહુ કરેલો ન હોવાથી આ વૃદ્ધ ઉમરે તેને સ્પષ્ટ અને સચોટ ભાષા બોલવાના પાઠો લેવા પડયા હતા. પણ એ બધી મહેનત ખાનગી વખતમાં કરીને પણ તે ભાષણો આપતો પોતાના મેજ ઉપર તે લખી રાખતો કે 'જે બોલવું તે ધીમેથી અને વિચારપૂર્વક બોલવું.' ભાષણ કરતાં જ્યારેજ્યારે આ લીટીઓ ઉપર તેની નજર પડતી ત્યારેત્યારે તેને વ્યાખ્યાનના આ અગત્યના નિયમનું ભાન થતું અને પોતે ભૂલો કરતાં અટકતો.

પોતાના પ્રયોગો પાછળ તો તનતોડ મહેનત ઉઠાવતો. જોકે વીજળી અને તેને લગતા બીજા પ્રયોગો તો તેને મન પણ સહજ હતા, છતાં તેની અજમાયેશો કરવામાં તે ખૂબ ધીરજપૂર્વક અઠવાડિયાંનાં અઠવાડિયાં ગાળતો. પોતાની શોધ-થી તેણે સારા યે જગતને એક અપ્રતિમ વારસાથી નવાજ્યું છે અને એની જ શોધને લીધે આજે જગતભરની જનતા સુખ સગવડ અને સમૃદ્ધિનાં સાધનો માણી રહી છે, પરંતુ તેણે તો પોતાની આખી યે જિંદગી ગરીબાઇમાં જ ગાળી. તેણે કદી પણ ઊંચી પદવી કે સુખની આશા કરી નથી. તે તો કહેતો કે મારી પ્રયોગશાળામાં બેસીને કામ કરવામાં મને જે સુખ મળે છે તે દુનિયાભરની સમૃદ્ધિ આપી શકે તેમ નથી. દુનિયાને તેણે સુખ અને સમૃદ્ધિ આપ્યાં છે; તેને સમૃદ્ધિ ન મળી તેથી શું? જગતના નરોત્તમોમાં તેનું સ્થાન છે જ.

## ચંદ્ર પરના દેખાવની સીનેમા ફિલ્મ

ચંદ્ર ને ગુરુના ગ્રહ પરના દેખાવોની પાડેલી સીનેમા ફિલ્મ હમણાં ફિલાડેલ્ફીઆમાં ભરાએલી અમેરિકન ફિલોસોફિકલ સોસાએટીની વાર્ષિક બેઠક વખતે બતાવવામાં આવી હતી.

એ ફિલ્મો મિશિગન પરગણામાં પૉન્ટીએક પાસે આવેલી મેકમાથ-હલ્બર્ટ વેધશાળામાં મિશિગન યૂનિવર્સિટીની ડેટ્રોઇટ વેધશાળાના પ્રો. ડૉ. હર્બર ડી. કર્ટિસે ત્રણ વરસની અખંડ મહેનત પછી પાડેલી છે. પહેલી ફિલ્મમાં ચંદ્ર ઉપરના એક ઠરેલા જ્વાળામુખીના મુખ ઉપર સૂર્યાસ્ત થાય છે એ દેખાવ ઉતારેલો છે. જેમજેમ પર્વતની કિનાર નીચે સૂર્ય ડૂબતો જાય તેમતેમ શિખરના પડછાયા લંબાતા આપણે તેમાં સ્પષ્ટ જોઇ શકીએ. બીજી ફિલ્મમાં ગુરુના ગ્રહની મધ્યમાં આવેલા પેલા વિખ્યાત પટ્ટાઓ તથા તેના ઉપગ્રહોના દેખાવો ઉતારેલા છે.

પ્રો. કર્ટિસ જણાવે છે કે આ આકાશી પદાર્થોની સીને-મેટોગ્રાફી કરવાનું કામ ઘણી જ ચોકસાઇ માગે છે અને તેની પાછળ પાર વિનાની ઝહેમત અને વખત ગાળવાં પડે છે. એ ફિલ્મો લેવાનાં સાધનો પણ તદ્દન નવાં જ બનાવવાં પડેલાં, અને તેના બનાવનારા ત્રણ જણને મિશિગન યૂનિ-વર્સિટીની વેધશાળાના માનનીય ક્યુરેટર બનાવવામાં આવ્યા છે. નવાઇની વાત તો એ છે કે એ ત્રણમાંનો એક્કે ય ધંધે ખગોળશાસ્ત્રી નથી. એક હેનરી હલ્બર્ટ ડેટ્રોઇટની કોર્ટનો સિનિયર જજ છે, અને બીજા બે રૉબર્ટ મેકમાથ તથા ફ્રાન્સિસ મેકમાથ એન્જીનીઅરો છે. (લિટરરી ડાઇજેસ્ટ)

---

'અરે પેસ્તનજી આ હાથે દોરી શાની બાંધી છે?'

'ગુલાંએ યાદી માટે બાંધી આપી કે કાગજ બરોબર પોસ્ટ કરું.'

'તે પોસ્ટ કર્યો?'

'નહી રે! ગુલાં કાગજ આપતાં જ ભૂલી ગએલી.'

ૐ

વિજ્ઞાનના શિક્ષક—હવે, ધૂળ એ શું છે?

ચાલાક—પાણી નીચોવી નાખેલો કાદવ!

વડી ધારાસભામાં એક વાર લૉર્ડ સિંહથી ખોટું અંગ્રેજી બોલી જવાયું. વાઈસરૉયે તેમનું માન જાળવવા એમની ભૂલનો બચાવ કર્યો; પણ તરત જ લૉર્ડ સિંહે ઊભા થઇ એ ભૂલનો સ્વીકાર કરી ગૌરવભરી વાણીમાં કહ્યું કે પરભાષામાં બોલવામાં અમને કેટલી મુસીબત પડે છે તેનો ખ્યાલ તમને ન આવે.

લખાણની કેટલીક ભૂલો તો મૂળ શબ્દની વ્યુત્પત્તિ કે શબ્દસમાસને ખ્યાલમાં રાખીને લખીએ તો ન થવા પામે. જેમકે: સન્યાસ નહિ પણ સંન્યાસ (સમ+ન્યાસ); મુખાવિંદ નહિ પણ મુખારવિંદ (મુખ+અરવિંદ).

શિક્ષક: મૅગ્નાચાર્ટા પર કયે ઠેકાણે સહી કરવામાં આવી હતી, નંદુ?

નંદુ: કાગળને છેડે, સાહેબ!

મૅથૅમૅટિકસમાં કેટલીકવાર આ ૬૦ અક્ષરનો લાંબો શબ્દ અંગ્રેજીમાં વપરાય છે: UNHYPERSYMMETRICOANTIPARALLELEPIPEDICALISATIONALOGRAPHICALLY

• કપડાં પર તાજા પડેલા લોહીના ડાઘ પર તરત થોડું બારીક મીઠું ઘસીને ધોઈ નાખવાથી સાફ થઈ જશે.




પાપુઆ ટાપુઓમાં જેણે એક ખૂન કર્યું હોય તેને જ આ પ્રકારની માનભરી ટોપી પહેરવાનો અધિકાર હોય છે.

ચોખ્ખું ટર્પેન્ટાઈન બહુ ઉપયોગી ઘરગથ્થુ ચીજ છે. કળતર થતા કે દુખતા અંગ ઉપર ચોળવામાં તો તેનો ઉપયોગ જાણીતો છે. દાદર ઉપર દિવસમાં બે વખત ચોળવાથી દાદરને સાફ કરે છે વરિયાળીના અર્કમાં બેથી ચાર ટીપાં (નાના બાળકને એક ટીપું) પાવાથી પેટનું શૂળ શમે છે. દાઝ્યા પર ટર્પેન્ટાઇનનું પોતું આરામ આપે છે. વીંછી વગેરે ઝેરી જંતુના ડંખ પર ટર્પેન્ટાઈન રાહત આપેછે.

હવાઇ ટાપુઓમાં કોઇ પણ જાતના સાપ જ બિલકુલ થતા નથી.



હોન્ડુરાસના પ્યુએર્ટો કૅસ્ટીલા ગામમાં કેળાંની એક લૂમ પર ૫૦૨ કેળાં પાકેલાં!

ક્યુની વેધશાળામાં આકાશી વિજળીનું વજન કાઢવાનું એક અદ્ભુત યંત્ર છે. ગાજવીજ થવા માંડે એટલે તેની અસરથી તે યંત્રમાંની સોય આપમેળે એક નકશા પર આંકા પાડવા માંડે છે, જેના વધતા ઓછાપણા ઉપરથી આકાશમાં રહેલી વિદ્યુતનું વજન ટનને હિસાબે ગણી શકાય છે.

ઑઇલપેઇન્ટિંગ (તૈલચિત્રો) સાફ કરવા માટે હજામતના સાબુનું એક અસ્તર પીંછી વડે ચોપડી વીસેક મિનિટ સુધી રાખી મૂકયા બાદ ગરમ પાણીથી ધોઇ બેત્રણ વાર ઘસીને સાફ કરવું. પછી ઑલિવ ઑઇલનો આછો હાથ મારવાથી ચમક આવી જશે.



સિંહગઢમાં તાનાજી માલુસરેની સમાધિ

**બગડે નહિ એવી કલ્પમી લાહી**

એક કવાર્ટ પાણીમાં એક ચમચો દળેલી ફટકડી પીગાળીને તેમાં જરૂર પુરતો મેંદો થોડોથોડો નાખી આંગળી વતી ખૂબ ચોળતા જઇ લચકા લોંદા ન રહી જાય તેવી રીતે મેળવીને ઘાટા દૂધ જેવું મિશ્રણ કરવું. પછી તેમાં દોઢ ચમચો રાળની ભૂકી અને થોડાં ટીપાં લવીંગનું તેલ નાખી કોલસાના અંગારા પર મૂકવું. તે પહેલાં અરધો પાઇન્ટ ખળખળતું પાણી તૈયાર રાખવું અને તે અંગારા પર રાખેલા ઉપલા લોટવાળા મિશ્રણમાં ધીમેધીમે રેડતા જવું ને હલાવતા જવું. થોડીવારે લાહી ઘટ થવા માંડશે. પાણી પૂરૂં રેડાઇ ગયા પછી મિશ્રણને ફરી ખદખદાવવાની જરૂર નથી. આમ શીરા જેવી બનેલી લાહી ઉતારી લેવી. આ લાહીમાંથી વપરાશ પુરતી થોડીથોડી કાઢતા રહીને બાકીની ખૂબ પૅક કરી ઠંડી જગ્યામાં રાખી મૂકવાથી મહિનાઓ સુધી ચાલશે.

વેહમાં પોચો પડી ગએલો સ્ક્રુ સજ્જડ કરવા માટે વેહમાં રાળની થોડી ભૂકી અને એક ઝીણી સળી નાખી પછી સ્ક્રુને ગરમ કરીને ઉતારવો. તેથી રાળ ઓગળી જશે અને સળીને સ્ક્રુની સાથે વેહમાં સજ્જડ કરશે.